# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૧

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-101**


## પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)









# વિભાગ-૪ ગુપ્તયુગ અને અનુગુપ્તયુગ

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

| | |
|---|---|
| **સંપાદન:** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| **વિષય સમિતિ:** | |
| ડૉ. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| **પરામર્શન (વિષય):** | |
| ડૉ. લલિત પટેલ<br>ડૉ.પ્રફુલ્લા રાવલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ<br>પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. પ્રદ્યુમન ખાચર | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, મહિલા કોલેજ, જૂનાગઢ. |
| **લેખન:** | |
| ડૉ. ધીરૂ વાળા | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,આર્ટસ અને કોમર્સ કોલેજ, મેંદરડા. |
| ડૉ. વિક્રમસિંહ અમરાવત | અસોસીએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ,ગુજરાત વિદ્યાપીઠ, સાદરા |
| **પરામર્શન (ભાષા) :** | |
| ડૉ. હેતલ ગાંધી<br>ડૉ. જાગૃતિ મહેતા<br>ડૉ. દિનેશ ભદ્રેસરિયા<br>ડૉ. દિનુભાઈ ચુડાસમા<br>પ્રા. ઉર્વિકા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉબાબાસાહેબ આંબેડકર . ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

CC BY NC SA

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN "978-93-89909-03-6"**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of

Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-101**

# પ્રાચીન ભારતનો ઈતિહાસ
# (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)

## વિભાગ-4
## ગુપ્તયુગ અને અનુગુપ્તયુગ

---

એકમ-14

સમુદ્રગુપ્ત-ગુપ્ત સામ્રાજ્યનું વિસ્તરણ

એકમ-15

ચંદ્રગુપ્ત બીજાની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ તથા ગુપ્તયુગનું વહીવટી તંત્ર

એકમ-16

હર્ષવર્ધનની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ

એકમ-17

સાહિત્ય, કલા, શિક્ષણ, સ્થાપત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે ગુપ્ત અને અનુગુપ્તયુગનુ પ્રદાન

## વિભાગ- 4 ગુપ્તયુગ અને અનુગુપ્તયુગ :

પ્રાચીન ભારતનો ઇતિહાસ (પ્રાગ ઐતિહાસિકથી ઈ.સ. ની છઠ્ઠી સદી સુધી) પેપર- 1ના વિભાગ -4 "ગુપ્તયુગ અને અનુગુપ્તયુગ" માં કુલ 4 એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઘણાં સમય પછી ભારતને એક હથ્થુ સત્તામાં જોડનાર ગુપ્તવંશથી શરૂ કરી પ્રાચીન ભારતના છઠ્ઠી સદીમાં થયેલ મહાન શાસક હર્ષવર્ધન સુધી અને સુવર્ણયુગ તરીકે ઓળખાતા આ યુગના સાહિત્ય, શિક્ષણ, કલા, સ્થાપત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રેની પ્રગતિ વિશેની વિસ્તૃત માહિતી આવરિ લીધેલ છે.

એકમ- 14 ગુપ્તયુગની સ્થાપના અને ગુપ્તવંશના રાજા તથા ભારતના નેપોલિયન તરીકે ઓળખાતા સમુદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ વિશે માહિતગાર થશો. આ સાથે ગુપ્તવંશ અને તત્કાલીન ભારતના ઈતિહાસ જાણવાના પુરાતત્વીય સાધનો માટે ખૂબ જ મહત્વના એવા પ્રયોગ પ્રશિસ્ત લેખ વિશેની માહિતી પણ આપવામાં આવેલ છે.

એકમ -15 ગુપ્તવંશના પ્રતાપિરાજા તરીકે સ્થાન પામેલ ચંદ્રગુપ્ત બીજાની રાજકીય તથા સાંસ્કૃતિક સિદ્ધિઓ અને ગુપ્ત સામ્રાજ્યના સુચારું સંચાલન માટે ગુપ્ત શાસકોના પદાધિકારીઓથી લઈને સ્થાનિક પ્રશાસનની વ્યવસ્થા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે.

એકમ-16 ઈ.સ. ની છઠ્ઠી સદીના અંતિમ તબક્કામાં ગુપ્તવંશના પતન પછી ઉત્તર ભારતમાં ઉભા થયેલ અનેક સ્વતંત્ર રાજ્યો વચ્ચેના સંઘર્ષ બાદ ઉત્તર ભારતને ફરી એક વાર એક જ સત્તા હેઠળ લાવનાર હર્ષવર્ધનના પ્રારંભિક જીવન અને તેની રાજકીય તથા સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે વિગતે માહિતી આપવામાં આવેલ છે.

એકમ- 17 ગુપ્તવંશના રાજાઓ અને અનુગુપ્તયુગમાં થઇ ગયેલ હર્ષવર્ધન જેવા રાજાઓના પ્રોત્સાહન  દ્વારા તે સમયે સાહિત્ય, શિક્ષણ, કલા, સ્થાપત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે જે પ્રગતિ સાધિ હતી તે ભારતના ઈતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. અહીં આ સમયની સમગ્ર સાંસ્કૃતિક સ્થિતિની વિસ્તૃત માહિતી આપીને આ યુગને સુવર્ણયુગ તરીકે સિદ્ધ કરવાનો સફળ પ્રયત્ન કરવામાં આવેલ છે.

## એકમ-14 સમુદ્રગુપ્ત-ગુપ્ત સામ્રાજ્યનું વિસ્તરણ

રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 માહિતી સાધનો
14.3 ગુપ્તયુગની સ્થાપના અને પરિચય
14.4 સમુદ્રગુપ્તનું પ્રારંભિક જીવન
14.5 સમુદ્રગુપ્તનો રાજ્યાભિષેક
14.6 સમુદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ
14.6.1 સમુદ્રગુપ્તના આર્યવ્રતના વિજયો
14.6.2 દક્ષિણ પ્રદેશોના વિજયો
14.6.3 સરહદ પરના રાજ્યો
14.6.4 પરદેશી રાજ્યો સાથે સબંધ
14.6.5 સમુદ્રગુપ્તનો રાજ્ય વિસ્તાર
14.7 પ્રયાગ પ્રશસ્તિ (પ્રયાગ સ્તંભ લેખ)
તમારી પ્રગતિ ચકાસો
14.8 સારાંશ
14.9 તમારી પ્રગતિ ચ્કાસોના જવાબો
14.10 સંદર્ભગ્રંથો

**14.0 ઉદ્દેશો:**

આ એકમમાં અમારો હેતુ ગુપ્તયુગના મુખ્ય પ્રસિદ્ધ રાજવીઓ અને ગુપ્તયુગના વહીવટીતંત્રનો તલસ્પર્શી ખ્યાલ આપવાનો છે. ભારતમાં ગુપ્તયુગની સ્થાપના ઈ.સ.270 માં થઈ હતી. ત્યારથી માંડીને ઈ.સ.414 સુધીમાં કુલ બે રાજવીઓનો પરિચય આપવાનો અનુક્રમ રહ્યો છે. જેમણે સુચારુ રાજ્ય સંચાલન કરી ભારતને ગૌરવ અપાવી સુવર્ણયુગનું સર્જન કર્યું હતું. એમ આ શાસકોની નોંધપાત્ર સિદ્ધિ ગણાવી શકાય.

- આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.
  - ગુપ્તયુગની સ્થાપના અને તેનો પરિચય
  - સમુદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ
  - સમુદ્રગુપ્ત દ્વારા ગુપ્ત સામ્રાજ્યનું વિસ્તરણ
  - સમુદ્રગુપ્તની પ્રયાગ પ્રશસ્તિ

**14.1 પ્રસ્તાવના:**

ગુપ્તવંશની ઉત્પતિ માટે અભિલેખીય પુરાવાઓ ઉપરથી ઈતિહાસકારો એ નિર્ણય ઉપર પહોચ્યા છે કે ગુપ્તવંશના ઉદય પૂર્વે પૂર્વ ભારતમાં ગુપ્તરાજવંશનો આવિર્ભાવ થઈ ચૂક્યો હતો. બિહારમાંથી પ્રાપ્ત થયેલ પંચોભ તામ્રલેખમાં 'વંશોગુપ્તઃ' શબ્દનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સાતવાહન યુગના અભિલેખોમાં પદાધિકારીઓના નામના અંતે 'ગુપ્ત' શબ્દ મળે છે. મૌર્ય સામ્રાજ્યના પતન બાદ પાંચસો વર્ષ સુધી ઉત્તર ભારત રાજાશાહી રાજ્યો અને ગણતંત્રીય રાજ્યોમાં વહેચાયેલું રહ્યું હતું. પશ્ચિમમાં નાગભારશિવ, દખ્ખણમાં વાકાટક અને પૂર્વમાં ગુપ્તોનો ઉદય થયો હતો.

**14.2 માહિતી સાધનો:-**

સમુદ્રગુપ્તનો ઈતિહાસ જાણવા માટે તેમના સમયના અભિલેખો, તામ્રપત્રો અને સિક્કાઓ મહત્વના સાધનો ગણાવી શકાય. જેમાં અલ્હાબાદની પ્રયાગ પ્રશસ્તિ, કલકત્તા સંગ્રહાલયમાં આવેલ એરણ અભિલેખ, ગયાનું તામ્રપત્ર, નાલંદાનું તામ્રપત્ર અને તેના યુગના જુદાજુદા પ્રકારના સિક્કાઓ ઉપરથી સમુદ્રગુપ્તના ઈતિહાસનો પરિચય મેળવી શકાય છે.

**14.3 ગુપ્તયુગની સ્થાપના અને પરિચય :-**

પુરાણોનો આધાર લઈને એલન, આયંગર, મુખરજી વગેરે વિદ્વાનો મગધની આસપાસ જ ગુપ્તોનો મૂળ વિસ્તાર માને છે. આ વિસ્તારમાં ગુપ્તવંશનું શાસન અસ્તિત્વમાં હતું અને પછીથી ક્રમશઃ આવેલા રાજવીઓએ તેનો વિસ્તાર કર્યો હતો. ગુપ્તવંશનો સ્થાપક 'ગુપ્ત' નામનો વ્યક્તિ હતો. પરંતુ અભિલેખોમાં ગુપ્ત વંશાવલીમાં તેનો પ્રારંભ 'શ્રીગુપ્ત' થી કરવામાં આવ્યો છે. તેથી અનેક વિદ્વાનો 'શ્રીગુપ્ત' ને ગુપ્તવંશનો સ્થાપક મને છે. પરંતુ એ નક્કી કરવું મુશ્કેલ છે કે તેનું નામ 'શ્રીગુપ્ત' હતું કે માત્ર 'ગુપ્ત'. અમુક વિદ્વાનો એમ માને છે કે 'શ્રી' તો સન્માન સૂચક શબ્દ છે જે ગુપ્તવંશના પ્રત્યેક રાજવીના નામ આગળ બધા ગુપ્ત અભિલેખોમાં વપરાયો છે. પુરાણોમાં આ વંશના શાસકો માટે 'ગુપ્તવંશજાઃ' (ગુપ્તની સંતતિ ) કહી આ વાતનું સમર્થન કર્યું છે. આ વંશના સ્થાપકનું નામ ગુપ્ત હોવું જોઈએ. શ્રીગુપ્ત પછી દ્વિતીય શાસક તરીકે ઘટોત્કચએ લગભગ ઈ.સ. 300 થી 319-20 સુધી શાસન કર્યું હતું. તેના પુત્ર ચંદ્રગુપ્ત પહેલાએ મગધની આસપાસના વિસ્તારો કબજે કરી પોતાના નાનકડા રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેણે બંગાળ અને અવધ પણ પોતાના રાજ્યમાં ભેળવી દીધા હતા. અનેક વિદ્વાનોના મત તેના રાજ્યારોહણ સમય ફેબ્રુઆરી ઈ.સ.320 થી ગુપ્ત સંવત શરૂ કર્યો હતો.

**14.4 સમુદ્રગુપ્તનું પ્રારંભિક જીવન :-**

ચંદ્રગુપ્ત પહેલાએ રાજ્યનો વિસ્તાર કર્યો હતો. અને મહારાજાધિરાજની પદવી ધારણ કરી હતી. ચંદ્રગુપ્ત પહેલાના વિવાહ વૈશાલીના લિચ્છવી રાજકુમારી કુમારદેવી સાથે થયા હતા. આ વિવાહ રાજનૈતિક અને સામાજિક બંને દ્રષ્ટિકોણથી મહત્વ ધરાવતા હતા. માટે એમ કહી શકાય કે પૂર્વ ભારતના બે રાજ્યો લિચ્છવી અને ગુપ્તનું વિવાહના માધ્યમથી એકીકરણ થયું અને ચંદ્રગુપ્ત

પહેલાને એક વિશાળ રાજ્ય પ્રાપ્ત થયું હતું. એટલું જ નહિ ગુપ્ત સામ્રાજ્યની પ્રતિષ્ઠા અને ગૌરવમાં પણ વધારો થયો હતો. ગુપ્તવંશના રાજ્યવિસ્તારની મનોકામના રાખનારચંદ્રગુપ્ત પહેલા અને પ્રાચીન રાજવંશની રાજકુમારી કુમારદેવીની કૂખે સમુદ્રગુપ્તનો જન્મ થયો હતો.

**14.5 સમુદ્રગુપ્તનો રાજ્યાભિષેક :**

કેટલાંક વિદ્વાનોના મત પ્રમાણે સમુદ્રગુપ્ત ચંદ્રગુપ્ત પહેલાના અનેક પુત્રમાંનો એક હતો. ચંદ્રગુપ્ત પહેલાએ રાજદરબારમાં બધા સામંતો અને સભાસદોની અનુમતિથી સમુદ્રગુપ્તને પોતાનો ઉત્તરાધિકારી જાહેર કર્યો હતો. તે સાહસિક, મહત્વાકાંક્ષી અને સંસ્કારી હતો. જે પોતાના પિતાના સામ્રાજ્ય વિસ્તારના સ્વપ્નને સાકાર કરી શકે તેમ હતો. પ્રારંભમાં જ તેને પોતાના ભાઈઓના વિદ્રોહનો સામનો કરવો પડ્યો હતો. પછીથી સમુદ્રગુપ્તે મગધની આસપાસના નાના-નાના રાજ્યોને જીતી લઈને પોતાની શક્તિ સુદ્રઢ કરી હતી. અને વિજય અભિયાનની યોજના બનાવી હતી.

**14.6 સમુદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ :-**

સમુદ્રગુપ્ત મહત્વાકાંક્ષી, વીર, સાહસિક, પરાક્રમી, યુદ્ધપ્રિય તથા સામ્રાજ્યવાદી સમ્રાટ હતો. તેણે તેના પિતાશ્રીના નાનકડા રાજ્યમાંથી સામ્રાજ્ય વિસ્તાર કરી એક વિરાટ રાષ્ટ્ર બનાવવા માટે દિગ્વીજયની યોજના બનાવી. જેને 'ધરણીબંધ' નામ આપ્યું એટલે કે વિશ્વવિજય. સમુદ્રગુપ્ત ધારણગોત્રનો હોવાથી ધરણીબંધ યોજના કરીને ગોત્રના નામને સાર્થક કરવા માંગતો હતો. પ્રયાગ પ્રશસ્તિના વર્ણન પ્રમાણે સમુદ્રગુપ્તે દિગ્વીજયની શરૂઆત આર્યાવર્તના પ્રથમ ચાર રાજ્યો અચ્યુત, નાગસેન, ગણપતિનાગ અને કોત-કુલ જીતીને કરી હતી.

**14.6.1 સમુદ્રગુપ્તના આર્યવ્રતના વિજયો :-**

**1. અચ્યુત**

પ્રયાગ પ્રશસ્તિની પ્રથમ સૂચિમાં સર્વપ્રથમ નામ અચ્યુત રાજ્યનું મળે છે. જેનો શાસક નાગવંશી અહિચ્છત્રા નામનો રાજા હતો. સમુદ્રગુપ્તએ તેના પર પ્રથમ વિજય પ્રાપ્ત કર્યો હતો. આ રાજ્ય આજના બરેલી જિલ્લાના રામનગર પાસે આવેલું હતું.

**2. નાગસેન**

આ નાગવંશી રાજા નાગસેન પદ્માવતીમાં શાસન કરતો હતો. જે આજના ગ્વાલિયરની બાજુમાં આવેલ હતું. અહીંથી નાગવંશી સિક્કાઓ પ્રાપ્ત થયા છે એ નાગવંશી શાસકને સમુદ્રગુપ્તએ પરાજય આપ્યો હતો.

**3. ગણપતિનાગ**

પ્રયાગ પ્રશસ્તિમાં માત્ર 'ગ' અક્ષર ઉપલબ્ધ છે એટલે વિદ્વાનો અનુમાન કરે છે કે તે ગણપતિનાગ હોવું જોઈએ અને એ નાગવંશી શાસક ગણપતિનાગ મથુરામાં શાસન કરતો હશે. તેના પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

**4. કોત-કુલજ**

કોત-કુલજમાં જન્મ લેનાર રાજા ઉપર સમુદ્રગુપ્તએ વિજય મેળવ્યો હતો એવો ઉલ્લેખ પ્રયાગ પ્રશસ્તિ કરે છે. કોતવંશના રાજાઓના સિક્કાઓ પૂર્વ પંજાબ અને દિલ્હીમાંથી પ્રાપ્ત થયા હતા. એટલે અનુમાન કરી શકાય કે કોતવંશીય રાજા અહીં શાસ્મ કરતા હશે. ડો. ગુપ્તના મત પ્રમાણે

કોત લોકો ગંગાના ખીણના ઉપરના ભાગમાં દક્ષિણ પંજાબમાં શાસન કરતા હતા. જ્યાં પુષ્પપુર પ્રાચીન કાન્યકુબ્જ આવેલું હતું.

આ ચાર રાજવીઓ પરના વિજયનું આર્યાવર્તનું પ્રથમ અભિયાન હતું જે વિજયથી સમુદ્રગુપ્તના સામ્રાજ્યનું વિસ્તરણ ગંગા-જમના તટપ્રદેશથી માંડીને પશ્ચિમમાં મથુરા અને પદ્માવતી સુધી થયું હતું. ડો.જયસ્વાલ જણાવે છે કે આ પ્રથમ અભિયાનનું મુખ્ય યુદ્ધ કૌશાંબીમાં થયું હતું.

**5. રુદ્રદેવ અને મતિલ**

સમુદ્રગુપ્તએ આર્યાવર્તીય કૌશાંબીના રાજા રુદ્રદેવને અને બીજા એક રાજા મતિલને પરાજય આપ્યો હતો.

**6. નાગદત્ત**

ડો. ઉદયનારાયણ રાયના જણાવ્યા અનુસાર નાગદત્ત કાન્તીપુરી નાગવંશીય રાજા હતો. સમુદ્રગુપ્તે નાગદત્ત ઉપર આક્રમણ કરી તેને પરાજય આપી તેની બહેન દત્તાદેવીને પોતાની રાજધાનીમાં લાવી વિવાહ સંસ્કાર કર્યા હતા.

**7. ચંદ્રવર્મન**

પુષ્કર્ણ નરેશ સિંહવર્મનનો પુત્ર ચંદ્રવર્મન બંગાળમાં પોખરણનો શાસક હતો તેના ઉપર સમુદ્રગુપ્તએ વિજય મેળવ્યો હતો.

**8. નંદી**

નંદીએ નાગવંશીય રાજવી હતો. તેનો મધ્ય ભારતના રાજવી તરીકે પુરાણોમાં ઉલ્લેખ છે.

**9. બલવર્મન**

બલવર્મનનો હજુ સંતોષપૂર્વક પરિચય મળી શક્યો નથી. કેટલાક વિદ્વાનો તેણે કોતકુબજનો શાસક કહે છે. તો કેટલાક તેણે આસામના રાજા ભાસ્કરવર્મનના પૂર્વજ તરીકે ઉલ્લેખ કરે છે. પરંતુ નામના અંતે વર્મનના આધારે તેણે આસામનો રાજા કહી શકાય નહી. બીજી બાજુ આસામનો આર્યાવર્તમાં સમાવેશ થતો ન હતો. એવું અનુમાન કરી શકાય કે તે ચંદ્રવર્મનનો સબંધી હોઈ શકે.

રેપ્સનના મંતવ્ય પ્રમાણે પુરાણોમાં આવેલ આર્યાવર્તના આ નવ નાગ હશે. જો આ બધા નાગવંશના રાજવીઓ હોય તો નાગોનો અંત લાવનાર તરીકે ગુપ્તોનું ચિન્હ 'ગરુડ' યોગ્ય ગણી શકાય. સમુદ્રગુપ્તએ આ નવ રાજાઓ સિવાય પણ આર્યાવર્તના કેટલાંક રાજાઓને પણ પરાસ્ત કરી પોતાના સામ્રાજ્યમાં સમાવી લીધા હતા.

**10. આટવિક પ્રદેશ પર વિજય**

સમુદ્રગુપ્તએ આર્યાવર્તના વિજય કર્યા પછી અને દક્ષિણના વિજય પહેલા આટવિક પ્રદેશ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. અટવીનો અર્થ જંગલ થાય. ફલીટના મંતવ્ય પ્રમાણે આ જંગલના પ્રદેશ ઉપર સમુદ્રગુપ્તએ મેળવ્યો હતો. જે આર્યાવર્ત અને વિધ્યપ્રદેશની વચ્ચે આવેલો પ્રદેશ હતો. પરિવ્રાજક મહારાજ સંક્ષોભના ખોહ તામ્રલેખ પ્રમાણે તેના પૂર્વજ ૧૮ આટવિક રાજ્યો પર શાસન કરતા હતા. સમુદ્રગુપ્તએ આ ૧૮ આટવિક રાજવીઓ પર વિજય પ્રાપ્ત કરી પોતાના ખંડિયા રાજવી બનાવીને તેને પોતાના રાજ્યો પરત કર્યા હતા. આ આટવિક વિજયના પરિણામ સ્વરૂપ હિમાલય પર્વત થી વિધ્ય પ્રદેશ સુધી તેનું સામ્રાજ્ય ફેલાય ગયું હતું. તેણે પોતાના સામ્રાજ્યને

ભુક્તિ તથા વિષયોમાં વહેંચીને તેના સુશાસન માટે માંડલિકો નિયુક્ત કર્યા હતા. આમ સમુદ્રગુપ્તએ આ દુર્ગમ આટવિક પ્રદેશ પર પ્રભુત્વ સ્થાપિત કરીને પોતાના દક્ષિણ દિગ્વીજયના દ્વાર ખોલી નાખ્યા હતા.

**14.6.2 દક્ષિણ પ્રદેશોના વિજયો** :

સમુદ્રગુપ્તએ આર્યાવર્તનો પ્રથમ વિજય કર્યા બાદ આટવિક પ્રદેશ પર વિજય કર્યો હતો. પછીથી દક્ષિણ વિજય અભિયાનની યોજના બનાવી હતી. પ્રયાગ પ્રશસ્તિમાં આર્યાવર્તની સૂચિમાં માત્ર રાજાઓના નામનો ઉલ્લેખ મળે છે. જયારે દક્ષિણ વિજયની સૂચિમાં રાજ્યો અને તેના રાજાઓના નામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કારણ કે સમુદ્રગુપ્તએ આર્યાવર્તના રાજ્યોને જીતીને ખાલસા કરી પોતાના સામ્રાજ્યમાં સમાવેશ કરી દીધો હતો જયારે દક્ષિણના રાજ્યો પર વિજય મેળવી તેના રાજાઓ પાસે પોતાની સત્તાનો સ્વીકાર કરાવીને તેને રાજ્યો પરત કર્યા હતાં. પ્રયાગ પ્રશસ્તિના ઉલ્લેખ પ્રમાણે 'સર્વદક્ષિણાપથ રાજગ્રહણ' એટલે કે સમુદ્રગુપ્તએ દક્ષિણ ભારતના ૧૨ રાજવીઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. આ દક્ષિણ વિજયની ત્રણ લાક્ષણિકતાઓ હતી. (૧) રાજગ્રહણ – શત્રુ ઉપર અધિકાર (૨) મોક્ષાનુગ્રહ - શત્રુની મૂક્તિ (૩) રાજવંશ પ્રતિષ્ઠાપન – રાજ્ય પરત આપી શત્રુ પ્રત્યે ઉદારતા બતાવવી આ નીતિ મુજબ તેણે દક્ષિણના બાર રાજાઓ પર વિજય પ્રાપ્ત કરી તેને ફરીથી પોત પોતાના રાજ્યો ઉદારતાથી પાછા સોંપી, પોતાના સામ્રાજ્યના અંગત સંરક્ષકો બનાવી લીધા હતા.

**1. રાજા મહેન્દ્ર**

રાજા મહેન્દ્ર દક્ષિણ કૌશલનો શાસક હતો. શ્રીપુર તેની રાજધાનીનું શહેર હતું. તેના ઉપર સમુદ્રગુપ્તએ વિજય મેળવ્યો હતો. પછીથી તે પશ્ચિમી સમુદ્ર કિનારા તરફ આગળ વધ્યો નથી, કેમ કે ત્યાં શક્તિશાળી વાકાટક રાજાઓનું શાસન હતું. માટે તેણે પૂર્વી સમુદ્ર કિનારા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

**2. વ્યાઘ્રરાજ**

વ્યાઘ્રરાજ મહાકાન્તાર પ્રદેશનો શાસક હતો. પ્રયાગ પ્રશસ્તિ અનુસાર મહાકાન્તાર કૌશલની પાસે આવેલ હતું. તેનો વિજય કરીને સમુદ્રગુપ્ત તેના દિગ્વીજયની દિશામાં આગળ વધ્યો હતો.

**3. મણ્ટરાજ**

પ્રયાગ પ્રશસ્તિ પ્રમાણે મહાકાન્તાર પર વિજય મેળવીને સમુદ્રગુપ્તએ કૌરલના રાજવી મણ્ટરાજને પરાજિત કર્યો હતો. જુદા જુદા વિદ્વાનોના મતમતાંતર પછી એવું કહી શકાય કે આ કૌરલ પ્રદેશ પૂર્વતટીય પટ્ટીમાં ઓરિસ્સા અને મદ્રાસની વચ્ચે આવેલું હશે.

**4. મહેન્દ્રગિરી**

કૌરલ પર વિજય પ્રાપ્ત કરીને સમુદ્રગુપ્ત એ પિષ્ટપુરના શાસક મહેન્દ્રગિરી પર વિજય પ્રાપ્ત કર્યો હતો. આંધ્રપ્રદેશના ગોદાવરી જીલ્લામાં આવેલા પીઠાપુરમને ઘણા વિદ્વાનો પિષ્ટપુર માનવા પ્રેરાયા છે.

**5. સ્વામીદત્ત**

ગંજામ જીલ્લામાં દક્ષિણ-પૂર્વમાં આવેલ કોથુર કે કોટ્ટુરનો પ્રદેશ આવેલ હતો. તેનો રાજા સ્વામીદત્ત હતો. તેને સમુદ્રગુપ્તએ પરાજય આપ્યો હતો.

**6. દમન**

પ્રયાગ પ્રશસ્તિ અનુસાર કોટ્ટુરના વિજય પછી સમુદ્રગુપ્તએ એરન્ડપલના રાજવી દમન ઉપર વિજય મેળવ્યો હતો. એક મત મુજબ તે એરન્ડપલ્લી ઓરિસ્સાના સમુદ્ર કિનારે ગંજામ જિલ્લામાં આવેલું હતું.

**7. વિષ્ણુગોપ**

એરન્ડપલ પર વિજય પ્રાપ્ત કર્યા બાદ સમુદ્રગુપ્તએ કાંચીના રાજા વિષ્ણુગોપને પરાજિત કર્યો હતો. કાંચી રાજ્ય કૃષ્ણાના મુખ પ્રદેશથી પાલેર નદી અને કાવેરી નદીના દક્ષિણ પ્રદેશમાં ફેલાયેલ હતું. દક્ષિણનું કાંચીપુરમ કે કાંજીવરમ એજ કાંચીનું રાજ્ય હતું.

**8. નીલરાજ**

સમુદ્રગુપ્તએ અવમુક્તના રાજવી નીલરાજ પર વિજય મેળવ્યો હતો. જે વેંગી અને કાંચી રાજ્યની વચ્ચે આવેલું હતું. જેનો ઉલ્લેખ બ્રહ્મપુરાણમાં અવિમુક ક્ષેત્ર તરીકે થતો હતો.

**9. હસ્તીવર્મા**

તમિલનાડુના કૃષ્ણા જીલ્લામાં આવેલા વેંગીના રાજ્ય ઉપર સમુદ્રગુપ્તએ વિજય પ્રાપ્ત કર્યો હતો.જેનો રાજા કન્દરકુલનો હસ્તીવર્મા હતો જેની રાજધાની કન્દરપૂરમાં હતી.

**10. ઉગ્રસેન**

સમુદ્રગુપ્તના વિજય અભિયાનમાં તેણે પાલકના રાજવી ઉગ્રસેનને પરાજિત કર્યો હતો. કેટલાંક વિદ્વાનોના મતે આ પાલક રાજ્ય આંધ્રપ્રદેશના નેલ્લોર જીલ્લામાં કૃષ્ણા નદીના કિનારે આવેલ હતું.

**11. કુબેર**

આંધ્રપ્રદેશ અને વિશાખાપટ્ટનમની નજીકમાં આવેલ દેવરાષ્ટ્રના રાજવી કુબેર ઉપર સમુદ્રગુપ્તએ વિજય પ્રાપ્ત કર્યો હતો.

**12. ધનંજય**

દક્ષિણ વિજય અભિયાનમાં સમુદ્રગુપ્તએ કુસ્થલપુરના ધનંજયને પરાજિત કરીને છેલ્લો વિજય પ્રાપ્ત કર્યો હતો. જે દક્ષિણના પૂર્વ સમુદ્ર કિનારા પર આવેલું હતું.

સમુદ્રગુપ્તએ આટવિક પ્રદેશો પર વિજય પ્રાપ્ત કરી મધ્યપ્રદેશના દક્ષિણ-પૂર્વી રાજાઓને જીતી લીધા હતા. તેણે ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તમિલનાડુના ઉત્તર ભાગના રાજાઓને પરાજય આપી વિજય પતાકા ફરકાવી હતી. કાવેરી નદીના કિનારે તેનો યુદ્ધ વિરામ થયો હતો. સમુદ્રગુપ્ત એક કૂટનીતજ્ઞ રાજવી હતો. તેણે દક્ષિણના શક્તિશાળી વાકાટક રાજવંશના રાજવીઓ સાથે સંઘર્ષમાં ઉતરવાનું પસંદ કર્યું નથી પરંતુ તેની સાથે મૈત્રી સબંધ સ્થાપિત કર્યો હતો.

**14.6.3 સરહદ પરના રાજ્યો :**

સમુદ્રગુપ્તના દક્ષિણ વિજય વિજય પછી તે સાહસિક, વીર અને શક્તિશાળી રાજા તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો તેથી તેના સરહદી રાજ્યો યુદ્ધ કર્યા વિના તેની આધિનતા સ્વીકારવા લાગ્યા હતા. જેમાં ઉત્તર-પૂર્વના પાંચ રાજ્યો સમતટ (કર્માન્ત), દ્વક, કામરૂપ, નેપાળ, કર્તુપુરના રાજાઓએ તેની સત્તા સ્વીકારી હતી. તેમજ માલવ, આર્જુનાયન, મદ્રક, આભીર, પ્રાર્જુન, સનકાનિક, કાક, ખર્પરિક વગેરે ગણરાજ્યોએ પણ તેની સત્તા સ્વીકારી હતી. આ બધા રાજ્યોએ સ્વેચ્છીક આત્મસમર્પણ કરતા સમુદ્રગુપ્તએ પણ તેની સાથે સારા સબંધો કેળવ્યા હતા. અને મૈત્રીપૂર્ણ વ્યવહાર કર્યો હતો. પરંતુ પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યા ન હતા.

**14.6.4 પરદેશી રાજ્યો સાથે સબંધ :-**

સમુદ્રગુપ્તના દિગ્વીજયનો વિદેશી શાસકો પર પણ પ્રભાવ પડ્યો હતો. તેથી જ વિદેશી રાજાઓ પણ તેની સાથે મૈત્રીપૂર્ણ સબંધો રાખવા ઉત્સુક હતા. કુશાણ, શક-મુરુન્ડ, સિંહલ વગેરે રાજ્યો સાથે સારા સબંધો પ્રસ્થાપિત થયા હતા.

**14.6.5 સમુદ્રગુપ્તનો રાજ્ય વિસ્તાર :-**

સમુદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓના પરિણામ સ્વરૂપ તેનો રાજ્યયુગ સફળ સાબિત થયો હતો. તેના દિગ્વીજયથી સામ્રાજ્યમાં વિસ્તાર વધારો, પ્રભાવ ક્ષેત્રમાં વૃદ્ધિ, મૈત્રી સબંધોમાં વૃદ્ધિ થઈ અને તેથી પ્રતિષ્ઠામાં ખૂબ જ વધારો થયો હતો. તેના દિગ્વીજય અને ધરણીબંધ યોજનાની સફળતાથી સમુદ્રગુપ્તએ પ્રાચીન ભારતીય પરંપરા મુજબ અશ્વમેધ યજ્ઞનું આયોજન કર્યું હતું. સમુદ્રગુપ્તનું સામ્રાજ્ય હિમાલયથી માંડીને દક્ષિણમાં વિધ્યાંચલ સુધી અને માળવાથી લઈને બંગાળ સુધી વિસ્તરણ થયું હતું. સમુદ્રગુપ્તએ ઈ.સ. ૩૩૫ થી ઈ.સ. ૩૩૫ સુધી રાજ્ય શાસન કર્યું હતું.

**14.7 પ્રયાગ પ્રશસ્તિ (પ્રયાગ સ્તંભ લેખ) :-**

પ્રયાગ પ્રશસ્તિની રચના સમુદ્રગુપ્તના રાજકવિ હરિશેણે કરી હતી. જે સામ્રાજ્યમાં મહાઅમાત્ય અને સંધિવિગ્રહક જેવા મહત્વના પદ ધરાવતો હતો. તે રાજ્યની સમગ્ર ઘટનાઓનો પ્રત્યક્ષ સાક્ષી હતો. માટે તેના આ લેખના વર્ણનને ઈતિહાસના પ્રમાણભૂત સાધન તરીકે માનવામાં આવે છે. આ સ્તંભ કૌશાંબીથી પ્રયાગ લાવવામાં આવ્યો હતો આજે તે યમુના નદીના કિનારે આવેલા કિલ્લા પર આવેલો છે. આ પ્રશસ્તિ અશોકના અભિલેખની નીચે ૩૩ લીટીમાં કોતરવામાં આવી છે. તેનો ઉપરનો ભાગ તૂટી ગયો છે પરંતુ અર્ધો ભાગ પૂર્ણપણે જળવાયો છે. જેમાંથી ઘણીબધી માહિતી પ્રાપ્ત થાય છે. તેનો ઉપરનો ભાગ પદ્ય અને નીચેનો ભાગ ગદ્યાત્મક શૈલીમાં લખવામાં આવ્યો છે.

આ અભિલેખમાં શરૂઆતના શ્લોકોમાં સમુદ્રગુપ્તના શિક્ષણ અને ઉત્તરાધિકારી તરીકેનું ઉત્તરદાયિત્વ તેમજ તેની યુવાવયનું વર્ણન છે. તેણે તેના પિતાની સાથે અમૂક યુદ્ધોમાં ભાગ લીધો હતો તેનો ઉલ્લેખ જોવા મળે છે. તેમજ તેની વિદ્વત્તાની પણ નોંધ લેવાય છે. પછી તેના આર્યાવર્તના વિજયો તેમજ આટવિક અને દક્ષિણના વિજયોની સૂચિ આપવામાં આવી છે જેમાં અમુકમાં માત્ર રાજ્યોના નામ તો અમુકમાં રાજ્યો સાથે રાજાઓના નામનો ઉલ્લેખ મળે છે.

તેમજ સરહદના રાજ્યો અને વિદેશી રાજ્યોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ આ પ્રશસ્તિ લેખ સમુદ્રગુપ્તના વિજયો અને સફળતાની સાક્ષી પૂરે છે માટે ખૂબ મહત્વનો છે.

**તમારી પ્રગતિ ચકાસો :-**

**(ક) નીચેના પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો.**

1. સમુદ્રગુપ્તના આર્યાવર્તના વિજયો વિશે નોંધ લખો.
2. સમુદ્રગુપ્તના દક્ષિણ વિજયો વિશે ટૂંકનોંધ લખો.
3. ઐતિહાસિક સાધન તરીકે પ્રયાગ પ્રશસ્તિ

**(ખ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

1. સમુદ્રગુપ્તની માતાનું નામ શું હતું.
   (A) દેવળદેવી (B) કુમારદેવી (C) શ્રીદેવી (D) તારાદેવી
2. સમુદ્રગુપ્તની માતા ક્યા રાજ્યની રાજકુમારી હતી.
   (A) લિચ્છવી (B) માલવ (C) મદ્રક (D) આભીર
3. સમુદ્રગુપ્તએ ક્યા રાજાને પરાજિત કરી તેની બહેન સાથે લગ્ન કર્યા હતા.
   (A) અચ્યુત (B) ગણપતિનાગ (C) નાગદત્ત (D) રૂદ્રદેવ
4. સમુદ્રગુપ્તએ દક્ષિણ વિજય પહેલા કયો પ્રદેશ મેળવ્યો હતો.
   (A) કૌરલ (B) કૌશલ (C) કાંચી (D) આટવિક

**14.8 સારાંશ:**

સમુદ્રગુપ્ત એ પોતાના સામ્રાજ્યમાં શાંતિ અને સુવ્યવસ્થાની સ્થાપના કરી હતી. તેના સમયમાં સોનાના સિક્કાઓ ચલણમાં હતા. તેથી તેથી તેનું સામ્રાજ્ય ધનધાન્યપૂર્ણ અને પ્રજા સુખી હતી. તેણે વિશાળ સામ્રાજ્યના સુચારુ સંચાલન માટે વિભાગીય વ્યવસ્થા, સેના, શાસનતંત્ર, ન્યાયતંત્રના અલગ અલગ વિભાગ દ્વારા સુશાસનની સ્થાપના કરી હતી. માટે સમુદ્રગુપ્ત મહાન વિજેતા સેનાનાયક, મુત્સદ્દી રાજનીતિજ્ઞ, મહાન શાસક, ઉદાર અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ, સાહિત્યપ્રેમી, વિદ્વાનોનો આશ્રયદાતા, કલાપ્રેમી શાસક તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો.

સમુદ્રગુપ્ત મહાન સેનાપતિ અને વિજેતા તરીકે તે સમગ્રઆર્યાવર્ત અને સમસ્ત ભારત પર સત્તા મેળવવાની ખેવના રાખનાર રાજા હતો. પરંતુ તે સમજતો હતો કે સમગ્ર રાષ્ટ્રને એક સત્તા હેઠળ લાવી શકાય નહી. તેણે પોતાના રાજ્યમાં કેન્દ્રીય સુદ્રઢ શાસનની સ્થાપના કરી તેના સામ્રાજ્યની આસપાસના નાના રાજ્યોને જીતીને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધા જયારે દક્ષિણના દૂર રાજ્યોને જીતીને ઉદારનીતિથી જે તે રાજવીને સોંપી પોતાના સંરક્ષણ નીચે લાવી દીધા હતા. જયારે સરહદી રાજ્યોની સાથે મૈત્રીભાવ કેળવી સબંધો બાંધ્યા જે પરદેશી શાસકો સામે ઢાલ સમાન બન્યા હતા. આમ તેણે પોતાના વિજયો દ્વારા એક નાનકડા રાજ્યમાંથી મહાન સામ્રાજ્યનું વિસ્તરણ કરી મહાન સામ્રાજ્યનો સુદ્રઢ પાયો નાખ્યો હતો. તેને કારણે ઈતિહાસકારો સમુદ્રગુપ્તને ભારતનો નેપોલિયન કહે છે.

**14.9 તમારી પ્રગતિ' ચકાસોના જવાબો:**

(ખ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.

1. **(B)** 2. **(A)** 3. **(C)** 4. **(D)**

**14.10 સંદર્ભ ગ્રંથો:-**


1. રાધાકુમુદ મુખરજી – 'પ્રાચીન ભારત', પટણા, છઠ્ઠી આવૃત્તિ, 2007. (હિન્દી)
2. ત્રિપાઠી રમાશંકર – 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', દિલ્હી, પુનઃમુદ્રણ, 1988. (હિન્દી)
3. પાંડેય શ્રીનેત્ર - 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', અલ્હાબાદ, પુનઃમુદ્રણ, 1984. (હિન્દી)
4. ઉદયનારાયણ રાય – ગુપ્ત સમ્રાટ ઔર ઉનકાકાલ, (હિન્દી)
5. મજુમદાર આર.જી. – 'ગુપ્તયુગીન ભારત', અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 1998. (ગુજરાતી)

| એકમ-15 | ચંદ્રગુપ્ત બીજાની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ તથા તેનું ગુપ્તયુગનું વહીવટીતંત્ર |
|---|---|

**રૂપરેખા**


15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 માહિતી સાધનો

15.3 ચંદ્રગુપ્ત બીજાની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ

15.3.1 ચંદ્રગુપ્ત બીજાનું પ્રારંભિક જીવન / રાજ્યાભિષેક

15.3.2 ચંદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ

15.3.3 સામ્રાજ્ય વિસ્તાર

15.3.4 ચંદ્રગુપ્તની સાંસ્કૃતિક સિદ્ધિઓ

તમારી પ્રગતિ ચકાસો

15.4 ગુપ્તયુગનું વહીવટીતંત્ર

15.4.1 કેન્દ્રીય શાસન

15.4.2 પ્રાંતીય શાસન

15.4.3 વિષયનું શાસન

15.4.4 સ્થાનિક શાસન

15.4.5 ગુપ્તયુગનું ન્યાયતંત્ર

15.4.6 પોલીસ વ્યવસ્થા

તમારી પ્રગતિ ચકાસો

15.5 સારાંશ

15.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

15.7 સંદર્ભગ્રંથો


**15.0 ઉદ્દેશો:**

- આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.

➢ ચંદ્રગુપ્ત બીજાનું પ્રારંભિક જીવન અને રાજ્યાભિષેક

➢ ચંદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ

➢ ચંદ્રગુપ્તની સાંસ્કૃતિક સિદ્ધિઓ

➢ મેહરૌલી લોહસ્તંભ

➢ સમ્રાટના પદ અને યુવરાજ વિશે જાણવું.

➢ સામ્રાજ્યના મંત્રીમંડળ અને પદાધિકારીઓ

- ➢ સામ્રાજ્યનું પ્રાંતીય શાસન અને સ્થાનિક શાસન
- ➢ સામ્રાજ્યનું ન્યાયતંત્ર અને પોલીસ વ્યવસ્થા

**15.1 પ્રસ્તાવના:**

સમુદ્રગુપ્તના અભિલેખોમાં ઉલ્લેખ પ્રમાણે કદંબવંશની રાજકુમારી કુકુસ્થવર્મનની પુત્રી દત્તદેવી તેની મુખ્ય રાણી હતી તેની કૂખે રામગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાનો જન્મ થયો હતો. સમુદ્રગુપ્તના અવસાન બાદ રાજ્યની પરંપરા મુજબ જ્યેષ્ઠ પુત્ર નહી પણ શ્રેષ્ઠ પુત્ર ચંદ્રગુપ્ત બીજો ગાદીએ આવ્યો હતો. પરંતુ વિશાખદત્ત રચિત 'દેવીચંદ્રગુપ્તમ' નાટકના સાહિત્યિક ઉલ્લેખો પ્રમાણે સમુદ્રગુપ્તના અવસાન બાદ બહુ ટૂંકા સમય દરમ્યાન રામગુપ્ત ગાદીએ રહ્યો હતો. રામગુપ્તના શાસનની શરૂઆતના યુગમાં જ શક રાજાએ આક્રમણ કર્યું અને અમાત્યના કહેવાથી તે આક્રમણને રોકવા માટે પોતાની રાણી ધ્રુવસ્વામીનીને શક રાજાને સોંપીને સમાધાન કરવા તૈયાર થયો. તે વખતે તેનો નાનો ભાઈ રાજકુમાર ચંદ્રગુપ્ત ધ્રુવસ્વામીનીના વેશમાં શક રાજા પાસે જાય છે અને તેની સામે યુદ્ધ કરીને તેની હત્યા કરે છે. પછીથી આવેશમાં આવીને કે પાગલ હોવાનો દેખાવ કરીને તેના મોટાભાઈ રામગુપ્તનો વધ કરે છે. અને ધ્રુવસ્વામીની સાથે લગ્ન કરે છે. આ ઘટના સાહિત્યિક આધાર પર નોંધાયેલી છે તેને કેટલા અંશે વિશ્વસનીય માનવી તે પણ એક પ્રશ્ન છે. રાજકીય દ્રષ્ટિકોણથી ગુપ્તયુગને સામ્રાજ્યવાદ, રાજનૈતિક એકતા અને સાર્વભૌમ સત્તાનો યુગ કહેવામાં આવે છે. ગુપ્તયુગના સમ્રાટોએ ભારતભરના નાના મોટા રાજ્યોને જીતીને પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યા હતા. અને વિદેશી સત્તાઓનું નિર્મૂલન કરીને દેશમાં રાજકીય એકતા સ્થાપિત કરી હતી. પ્રથમ તો સમુદ્રગુપ્તએ ધરણીબંધ નામની યોજનાથી દિગ્વીજય નીતિનું અનુસરણ કર્યું જયારે ચંદ્રગુપ્ત બીજાએ સર્વપૃથ્વીવિજયની યોજના બનાવીને માળવા, ગુજરાત અને સૌરાષ્ટ્રથી લઈને પૂર્વ બંગાળ અને ઉત્તરમાં હિમાલયથી લઈને દક્ષિણમાં વિધ્યાચલ સુધી ગુપ્ત શાસનતંત્ર હેઠળ સમગ્ર ભારતને લાવી એક સત્તાનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું હતું. આ સામ્રાજ્ય સુસંગઠીત, સુરક્ષિત અને સુવ્યવસ્થિત બની રહ્યું તેની પાછળ ગુપ્ત સમ્રાટોની શાસન વ્યવસ્થા મહત્વની હતી.

**15.2 માહિતી સાધનો:-**

ચંદ્રગુપ્તનો ઈતિહાસ ઈતિહાસ જાણવા માટે તેમના સમયના અભિલેખો, તામ્રપત્રો, સિક્કાઓ તેમજ સાહિત્યિક સાધનો ગણાવી શકાય. જેમાં અલ્હાબાદની પ્રયાગ પ્રશસ્તિ, કલકત્તા સંગ્રહાલયમાં આવેલ એરણ અભિલેખ, ભીતરી સ્તંભલેખ, મથુરા સ્તંભલેખ, ઉદયગીરી અભિલેખ, મેહરૌલી સ્તંભલેખ, ગયાનું તામ્રપત્ર, નાલંદાનું તામ્રપત્ર અને તેના યુગના જુદાજુદા પ્રકારના સિક્કાઓ તેમજ વિશાખદત્ત રચિત 'દેવીચંદ્રગુપ્તમ' અને 'મુદ્રારાક્ષસ', રાજશેખરનું 'કાવ્યમીમાંસા', સુબન્ધુનું 'વાસવદત્તા', ચીનીયાત્રી ફાહીયાનનું પ્રવાસ વર્ણન વગેરે સાહિત્યિક ગ્રંથો ઉપરથી ચંદ્રગુપ્તના ઈતિહાસનો પરિચય મેળવી શકાય છે.

ગુપ્તયુગનો ઈતિહાસ ઈતિહાસ જાણવા માટે તેમના સમયના અભિલેખો, તામ્રપત્રો, સિક્કાઓ તેમજ સાહિત્યિક સાધનો ગણાવી શકાય. જેમાં અલ્હાબાદની પ્રયાગ પ્રશસ્તિ, કલકત્તા

સંગ્રહાલયમાં આવેલ એરણ અભિલેખ, ભીતરી સ્તંભલેખ, મથુરા સ્તંભલેખ, ઉદયગીરી અભિલેખ, મેહરૌલી સ્તંભલેખ, ગયાનું તામ્રપત્ર, નાલંદાનું તામ્રપત્ર અને તેના યુગના જુદાજુદા પ્રકારના સિક્કાઓ તેમજ વિશાખદત્ત રચિત 'દેવીચંદ્રગુપ્તમ' અને 'મુદ્રારાક્ષસ', રાજશેખરનું 'કાવ્યમીમાંસા', સુબન્ધુનું 'વાસવદત્તા', ચીનીયાત્રી ફાહીયાનનું પ્રવાસ વર્ણન વગેરે સાહિત્યિક ગ્રંથો ઉપરથી ગુપ્તવંશના ઈતિહાસનો પરિચય મેળવી શકાય છે.

**15.3** ચંદ્રગુપ્ત બીજાની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ :

**15.3.1 પ્રારંભિક જીવન / રાજ્યાભિષેક**

એરણ અભિલેખના ઉલ્લેખ પ્રમાણે સમુદ્રગુપ્તને અનેક પુત્ર અને પૌત્ર હતા. જેમાં તેના પુત્રના રામગુપ્ત અને ચંદ્રગુપ્ત બે નામ ઉપલબ્ધ થાય છે. રામગુપ્ત પછી સમુદ્રગુપ્ત અને દત્તદેવીનો પુત્ર ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય) બીજો ગાદીએ આવ્યો હતો. ભીતરી સ્તંભલેખ, ભીતરી ધાતુમુદ્રા અને સિક્કાઓ ઉપર 'તત્પરિગૃહિત' શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે. તેનો અર્થ 'પિતાની ઈચ્છા અનુસાર સિહાંસન પ્રાપ્ત કરનાર' થાય છે. સમુદ્રગુપ્તની ઈચ્છા જ્યેષ્ઠ પુત્રને બદલે શ્રેષ્ઠ પુત્ર ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડવાની હોઈ પરંતુ તે પહેલા જ તેનું અવસાન થયું હોય રામગુપ્તએ પિતાની ઈચ્છા વિરૂદ્ધ ગાદી હસ્તગત કરી હતી. રામગુપ્તએ એક વર્ષ જેટલા ટૂંકા ગાળા દરમ્યાન જ શાસન કર્યું હોય.

ચંદ્રગુપ્ત બીજાએ ગુપ્ત સંવત ૬૧ (ઈ.સ.૩૮૦) માં કોતરાવેલ મથુરા સ્તંભલેખમાં 'રાજ્ય સંવત્સરે પંચમે' ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એટલે કે પોતાના રાજ્યારોહણના પાંચમાં વર્ષે આ લેખ કોતરાવ્યો હતો. એટલે કે ગુપ્ત સંવત ૫૬ (ઈ.સ.૩૭૫) માં ચંદ્રગુપ્ત બીજાએ રાજગાદી પ્રાપ્ત કરી હતી. ચંદ્રગુપ્તનું અપર નામ દેવગુપ્ત પણ હતું. તેના સોનાના સિક્કાની કિનારી પર દેવગુપ્ત નામનો ઉલ્લેખ જોવા મળે છે.

**15.3.2 ચંદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ**

સમુદ્રગુપ્તના વિશાળ સામ્રાજ્યનો વારસો ચંદ્રગુપ્ત બીજાને પ્રાપ્ત થયો હતો. સમુદ્રગુપ્તના અવસાન બાદ સરહદના રાજ્યો સાથેના સબંધો વણસ્યા હતા. અને તે રાજ્યોએ સંધિવિચ્છેદ કર્યો હતો. તેથી ચંદ્રગુપ્ત બીજાને તેના પિતાશ્રીની જેમ જ રાજ્યયુગના આરંભમાં અને યુવાવસ્થા દરમ્યાન જ સૈનિક અભિયાન શરૂ કરી સામ્રાજ્યને સુવ્યવસ્થિત અને સંગઠીત કરવાના પ્રયત્ન હાથ ધરી સીમાઓને સુરક્ષિત કરી વિજયયાત્રાનું આયોજન કર્યું હતું. સમુદ્રગુપ્તની દિગ્વીજય યોજનાને પ્રયાગ પ્રશસ્તિમાં 'ધરણીબંધ' નીતિથી ઓળખાવી હતી. તેવી જ રીતે ચંદ્રગુપ્ત બીજાની દિગ્વીજય નીતિને ઉદયગિરીના ગુફાલેખમાં 'કૃત્સ્નપૃથ્વીજય'ના નામથી ઉલ્લેખિત કરવામાં આવી હતી. 'કૃત્સ્ન'નો અર્થ થાય છે સંપૂર્ણ. એટલે કે સંપૂર્ણ પૃથ્વીનો વિજય. ચંદ્રગુપ્ત બીજાએ વિદેશી શક્તિનું દમન કરવા માટે આ દિગ્વીજયનું અભિયાન ચલાવ્યું હતું.

**1 શક વિજય:**

સમુદ્રગુપ્તએ ભારતના મોટાભાગના રાજ્યો પર વિજય પતાકા ફરકાવી હતી. પરંતુ તે વિદેશી શક્તિઓને નમાવી શક્યો નહી. એ અધૂરૂં કાર્ય તેના પુત્ર ચંદ્રગુપ્ત બીજાએ પૂરૂં કર્યું હતું. આ સમય દરમ્યાન માળવા, ગુજરાત અને કાઠિયાવાડ શક શાસન હેઠળ આવેલ હતા. રામગુપ્તની અયોગ્યતા જોઇને શક રાજવીએ ગુપ્ત રાજ્ય પર આક્રમણ કર્યું હતું. અને રામગુપ્તને એનો પ્રસ્તાવ મોકલ્યો કે તારી રાણી ધ્રુવસ્વામીની (ધ્રુવદેવી) ને સોંપીને સમાધાન કરો. ગુપ્તવંશની માન-મર્યાદાનો ભંગ કરવા આ પ્રસ્તાવ મોકલ્યો હતો. અમાત્યના કહેવાથી રામગુપ્ત એ પ્રસ્તાવનો સ્વીકાર કરવા તૈયાર થયો. પરંતુ વીર, સાહસી, સ્વાભિમાની ચંદ્રગુપ્ત બીજાને આ વાત અસહ્ય લાગી તે ધ્રુવદેવીના વેશમાં શક રાજાની સૈન્ય શિબિરમાં પ્રવેશ કરીને તેનો વધ કરીને વિજય મેળવી તેમજ રામગુપ્તની હત્યા કરી પોતે સમ્રાટ બને છે. રાજ્યારોહણ પછી તરત જ શકોની શક્તિને રોકવા માટેનો દ્રઢસંકલ્પ કરે છે. ઉદયગિરી  અને સાંચીના અભિલેખોમાં આ યુદ્ધ અભિયાનનો ઉલ્લેખ સાંપડે છે. તે શક સત્તાના ઉન્મૂલન માટે એક વિશાળ સેના એકત્રિત કરી માળવા ઉપર આક્રમણ કર્યું હતું. તેમાં સંધિવિગ્રહિક અને સેનાપતિ વીરસેન તેની સાથે હતો. તે સમયે સનકાનીક મહારાજ પૂર્વ મળવામાં ચંદ્રગુપ્તના સામંત તરીકે શાસન કરતો હતો.

આમ શક સામેના અભિયાનમાં સેનાપતિ, વીરસેન, સનકાનીક મહારાજ, અને અધિકારી આમ્રકાદેવની સહાયતા મળી હતી. તેમજ તેના સબંધી વાકાટક રાજાની પણ સહાયતા પ્રાપ્ત થઈ હતી. તેના દ્વારા શકવિજય પ્રાપ્ત થયો હતો. જેનાથી ચંદ્રગુપ્ત બીજાની સત્તા પશ્ચિમી માળવા, ગુજરાત અને કાઠિયાવાડ સુધી વિસ્તરણ પામી હતી. એટલે તેનો રાજ્ય વિસ્તાર પશ્ચિમમાં અરબસાગરથી લઈને પૂર્વમાં બંગાળની ખાડી સુધી થઈ ગયો હતો.

**2 ઉત્તર કુશાણો પર વિજય:-**

મેહરૌલી સ્તંભલેખ અનુસાર ચંદ્રગુપ્ત બીજાએ વાહલિકો કે ઉત્તરયુગીન કુશાણોને પ્રયાગ પ્રશસ્તિમાં દેવપુત્ર શાહી શાહાનુશાહી કહેવામાં આવ્યા છે. આ કુશાણવંશના સમ્રાટો એ સમયે બેકટ્રીયા અથવા બલ્ખમાં શાસન કરી ચૂક્યા હતા. આ વાહલિક પ્રદેશ પંજાબની વ્યાસ નદી કિનારે આવેલો હતો. મેહરૌલી સ્તંભલેખમાં એમ નોંધવામાં આવ્યું છે કે ચંદ્રગુપ્તએ 'સિન્ધો સત્પમુખાની તિર્વા' એટલે કે સિંધુ નદીના સાતમુખોને પાર કરીને વાહલિક વિજય પ્રાપ્ત કર્યો હતો. આ પશ્ચિમ ભારતના વિજય દ્વારા ચંદ્રગુપ્તએ શકો અને વાહલિક વિજય દ્વારા વિદેશી બીજી શક્તિ ઉત્તરયુગીન કુશાણોને પણ પરાજિત કર્યા તેથી ગુપ્ત સામ્રાજ્યના ગૌરવ, પ્રતિષ્ઠા અને પ્રભાવમાં વધારો થયો હતો.

**3 બંગાળ વિજય:-**

સમુદ્રગુપ્તએ સમતટ, ડવાક, પૂર્વી સરહદના પ્રદેશો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. પરંતુ ઉત્તર-પૂર્વ બંગાળ ગુપ્ત સામ્રાજ્યની બહાર હતું. તેથી તેઓએ સમુદ્રગુપ્તના અવસાન બાદ રામગુપ્તના સમયમાં સંઘની રચના કરીને ગુપ્ત સામ્રાજ્ય સામે વિદ્રોહ કર્યો હતો. જેની સામે ચંદ્રગુપ્ત બીજાએ વિજય અભિયાન આરંભીને બધાને પરાજય આપી ત્યાં ગુપ્ત સત્તા સ્થાપિત

કરી હતી. મેહરૌલી સ્તંભ લેખમાં પ્રશસ્તિકારએ લખ્યું છે કે સમ્રાટ ચંદ્રગુપ્તએ બંગાળના યુદ્ધમાં સંઘ બનાવીને આવેલા બધા શત્રુઓને પરાજિત કર્યા હતા. આ વિજયનું વ્યાપારિક અને રાજનૈતિક બંને દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ છે. રાજનૈતિક રીતે પૂર્વભારત પર ગુપ્ત સામ્રાજ્યનું પ્રભુત્વ થતાં રાજ્ય વિસ્તાર વધ્યો હતો. વ્યાપારીક આર્થિક દ્રષ્ટિકોણથી બંગાળ વિજયથી સમૃદ્ધશાળી પ્રદેશ મળ્યો અને બંદરથી સામુદ્રિક વેપારના દ્વાર ખુલ્યા હતા.

**4 ગણરાજ્યો પર વિજય :-**

પ્રયાગ પ્રશસ્તિ અનુસાર સમુદ્રગુપ્તના દિગ્વીજય સમયે પશ્ચિમોત્તર પ્રદેશ અને ગણરાજ્યોએ તેની સત્તાનો સ્વીકાર કર્યો હતો. પરંતુ તે રાજ્યોને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવવામાં આવ્યા ન હતા. આ ગણરાજ્યો શક, કુશાણ અને ગુપ્ત રાજ્યની વચ્ચે વિદ્યમાન હતા. તે રાજ્યો સ્વતંત્રતા જાળવી રાખવા માંગતા હતા પરંતુ વિદેશી આક્રમણોની સામે તેઓ ટકી શકે તેમ ન હતા. આ સ્થિતિનો લાભ ઉઠાવીને ચંદ્રગુપ્ત બીજાએ ગણરાજ્યો પર આક્રમણ કરીને વિજય પ્રાપ્ત કર્યો અને તેણે ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવી દીધા. આ વિજયનું મોટું પરિણામ એ આવ્યું કે ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં ગુપ્ત સામ્રાજ્યની સીમા વિસ્તાર પામી હતી.

**5 દક્ષિણ પુનઃ વિજય**

સમુદ્રગુપ્તએ દક્ષિણ વિજય દરમ્યાન ગુપ્ત સામ્રાજ્યને વિધ્યાંચલ સુધી પહોચાડ્યું હતું. રામગુપ્તના ટૂંકા શાસન દરમ્યાન દક્ષિણના રાજાઓ સ્વતંત્ર થવા માટેના પ્રયત્ન કરવા લાગ્યા હતા. ચંદ્રગુપ્ત બીજાએ પોતાની શક્તિ દ્વારા દક્ષિણ રાજ્યો પુનઃ સત્તા પ્રસ્થાપિત કરી હતી.

**6 નાગવંશ સાથે સબંધો :**

પુના તથા ઋદ્ધીપુર તામ્રલેખો અનુસાર ચંદ્રગુપ્ત બીજા નાગવંશીય રાજકુમારી કુબેરનાગા સાથે વિવાહ સબંધથી જોડાયા હતા. તેના પિતાશ્રીએ નાગવંશના રાજાઓ સામે આક્રમણ કરી વૈમનસ્ય અને શત્રુભાવ ઊભો કર્યો હતો. જે ચંદ્રગુપ્ત બીજાએ કુબેરનાગા સાથે લગ્ન કરીને શત્રુને સબંધી બનાવી દીધા હતા. અને સાર્વભૌમ સત્તા સુદ્રઢ કરવા માટે સહાયતા પ્રાપ્ત કરી હતી. કેટલાંક વિદ્વાનોનું માનવું છે કે આ વિવાહ સમુદ્રગુપ્તના સમયમાં ઈ.સ.૩૬૫માં થયા હતા. એટલે કે પિતાના સમયથી જ આ સબંધો સ્થાપિત થયા હતા.

**7 વાકાટક સાથે સબંધો :**

સમુદ્રગુપ્તએ વાકાટકો સામે યુદ્ધ ન કરીને મૈત્રી સબંધો બાંધ્યા હતા. તે આગળ વધારીને ચંદ્રગુપ્ત બીજાએ કુશળ રાજનીતિજ્ઞ દુરંદેશી વાપરીને પોતાની રાણી કુબેરનાગાની પુત્રી પ્રભાવતીના વિવાહ વાકાટક રાજા રુદ્રસેન બીજા સાથે કરીને સબંધને પ્રગાઢ બનાવ્યો હતો. તે સમયે વાકાટક ભારનો શક્તિશાળી રાજવંશ હતો. આ સબંધથી ચંદ્રગુપ્તએ વિદેશી શક્તિઓ સામે લડવા માટે વાકાટક વંશની સહાયતા પ્રાપ્ત થાય તેમ હતી. રુદ્રસેન બીજાના અવસાન પછી ગુપ્તવંશીય રાજકુમારી પ્રભાવતીએ પિતાની સહાયતાથી વાકાટકવંશનું શાસન પોતાના હસ્તક લીધું હતું. જે બાબત તામ્રપત્રો અને અભિલેખોમાં પ્રાપ્ત થાય છે. જેમાં ગુપ્ત લિપીનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ચંદ્રગુપ્ત બીજાએ પ્રભાવતીને અનુભવી કર્મચારીઓ અને સૈનિક સહાય પણ કરી હતી.

**8 કદમ્બવંશ સાથે સબંધો :**

કદમ્બવંશ બ્રાહ્મણ રાજવંશ હતો. જે દક્ષિણમાં કુંતલ પ્રદેશમાં શાસન કરતો હતો. તેના શાસકો કુંતલેશ્વર પણ કહેવાતા હતા. એક અભિલેખ મુજબ કદમ્બવંશના કાકુસ્થવર્માની રાજકન્યાના વિવાહ ચંદ્રગુપ્ત બીજાના પુત્ર કુમારગુપ્ત સાથે થયા હતા. જેથી ગુપ્તવંશ અને કદમ્બવંશ સાથે મૈત્રીપૂર્ણ ઘનિષ્ઠ સબંધ સ્થાપિત થયા હતા.

**15.3.3 સામ્રાજ્ય વિસ્તાર**

સમુદ્રગુપ્તએ વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ચંદ્રગુપ્ત બીજાએ પણ પોતાના પિતાની નીતિનું અનુસરણ કરીને પૂર્વ-પશ્ચિમ બંને દિશાઓમાં સામ્રાજ્યનું વિસ્તરણ કર્યું હતું. તેનું સામ્રાજ્ય પશ્ચિમમાં પંજાબથી લઈને પૂર્વ બંગાળ સુધી અને ઉત્તરમાં કાશ્મીરની દક્ષિણ સીમાથી લઈને દક્ષિણ-પશ્ચિમમાં ગુજરાત – કાઠિયાવાડ સુધી વિસ્તરણ પામ્યું હતું. દક્ષિણનો પ્રદેશ કાવેરી નદી સુધી તેના પ્રભાવ હેઠળ હતો. એટલું જ નહિ તેના જમાઈ રુદ્રસેન બીજાના અવસાન બાદ વાકાટક વંશનું શાસન પણ દશ વર્ષ સુધી તેની પુત્રી પ્રભાવતી ગુપ્તના શાસન હેઠળ રહ્યું હતું. એમ વાકાટક પ્રદેશ ઉપર પણ ગુપ્તોનો પ્રભાવ સ્થાપિત થયો હતો. તેમજ કુન્તીલ પ્રદેશ ઉપર પણ ગુપ્તોનો પ્રભાવ રહ્યો હતો. આમ ચંદ્રગુપ્ત બીજાના શાસનયુગમાં સંપૂર્ણ ભારતમાં ગુપ્ત સામ્રાજ્યનો વિસ્તાર થયો હતો.

**15.3.4 ચંદ્રગુપ્તની સાંસ્કૃતિક સિદ્ધિઓ**

ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ગુપ્ત સામ્રાજ્યનો વિકાસ સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો. ચંદ્રગુપ્તના મજબુત અને કાર્યક્ષમ વહીવટીતંત્રે શાંતિ, સલામતી અને સ્થિરતા સ્થાપિત કરી હતી. સામ્રાજ્યભરમાં સમૃદ્ધિ વધવા પામી હતી. લોકોમાં સુખ, શાંતિ અને સમાધાન જોવા મળતા હતા. તેથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ અદ્વિતીય પ્રગતિ થઈ હતી.

**1. ધાર્મિક નીતિ**

ચંદ્રગુપ્ત બીજો વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત હતો. તેણે પરમ ભાગવતની ઉપાધી ધારણ કરી હતી. પરંતુ તેમનામાં ઉચ્ચકોટિની ધાર્મિક સહિષ્ણુતા હતી. દરેક ધર્મને તે સન્માનપૂર્વક નિહાળતો અને દાનનો પ્રવાહ દરેક ધર્મ તરફ ઉદારતાથી વહેતો હતો.

- **વૈષ્ણવ ધર્મનો અનુયાયી**

ચંદ્રગુપ્ત બીજાએ તેના અશ્વારૂઢ સિક્કાઓ અને ગઢવા અભિલેખમાં પરમ ભાગવતની ઉપાધિ કોતરાવેલી જોવા મળે છે. મેહરૌલી સ્તંભ લેખમાં 'ભવેન વિષ્ણો મતિમ' તેના માટે લખાયેલું જોવા મળે છે. જેથી વિષ્ણુ ભગવાન પ્રત્યે તેની અપાર શ્રદ્ધા ભક્તિ હતી એવું સિદ્ધ થાય છે. તેણે વિષ્ણુપદ નામક પર્વત ઉપર વિષ્ણુધ્વજની સ્થાપના કરાવી હતી. તેના સિક્કાઓના પૃષ્ટ ભાગમાં વિષ્ણુના વાહન ગરુડનું ચિત્ર અંકિત કરાવ્યું હતું. ગુપ્ત સંવત ૮૨ માં ઉદયગિરીની ગુફામાં તેણે અભિલેખ કોતરાવ્યો હતો. એ ગુફાની દીવાલો પર વૈષ્ણવ દેવદેવીઓની મૂર્તિઓ કોતરાવી હતી. આ ગુફામાં વિષ્ણુ ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ અને અનેક ભુજાવાળા લક્ષ્મીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. આ બાબતો ઉપરથી કહી શકાય કે ચંદ્રગુપ્ત બીજો વૈષ્ણવધર્મી હતો.

- **શૈવધર્મ સાથે સહિષ્ણુતા**

ચંદ્રગુપ્ત બીજાના શાસનયુગમાં વૈષ્ણવ ધર્મની સાથે સાથે શૈવ ધર્મનો પણ વિકાસ થઈ રહ્યો હતો. તે શૈવ ધર્મીઓ સાથે ઉદારતા અને સહિષ્ણુતાપૂર્વક વ્યવહાર કરતો હતો. શૈવધર્મીઓને પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ અને અનુષ્ઠાનો કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી. તેઓ ધાર્મિક સંસ્થાઓ નિર્માણ કરી શકતા હતા. તેમજ શૈવધર્મીઓ રાજ્યના ઉચ્ચપદ પર પણ બિરાજમાન હતા. ચંદ્રગુપ્ત બીજાનો સેનાપતિ વીરસેન શૈવધર્મી હતો. તેણે ભગવાન શિવની આરાધના અને શ્રદ્ધાપૂર્વક ઉદયગિરીની ગુફાનું નિર્માણ કરાવ્યું હતું. એવું ગુફા અભિલેખથી જાણવા મળે છે. આવા શિવના પરમ ભક્તને પણ સામ્રાજ્યમાં ઉચ્ચત્તમ સ્થાન આપી સમ્રાટે અપાર સહિષ્ણુતાનો પરિચય કરાવ્યો હતો. તેમજ કવિ કાલિદાસ શૈવધર્મી હતા. છતાં પણ તેઓને સમ્રાટની રાજસભામાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત થયું હતું. તે સમયમાં ઉજ્જૈનમાં શૈવધર્મીઓનું પ્રમાણ વધારે હતું. અને તેઓ પશુપતિ શિવની પૂજા કરતા હતા. એ શહેરમાં મહાકાલ શિવ ભગવાનનું એક મોટું મંદિર વિદ્યમાન હતું. જ્યાં નૃત્ય મંડપમાં નર્તકીઓ નૃત્ય કરતી હતી. આ બાબત એ સિદ્ધ કરે છે કે ચંદ્રગુપ્ત બીજો વૈષ્ણવ ધર્મી હોવા છતાં શૈવ ધર્મીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી તેના ધર્મ પાળવાની અને વિકાસ કરવાની સ્વતંત્રતા આપી હતી.

- **બૌદ્ધ અને જૈન ધર્મ પ્રત્યે ઉદારતા**

શૈવધર્મ આસ્તિક ધર્મ હતો અને તે બ્રાહ્મણ ધર્મની એક શાખા હતી. એટલે ચંદ્રગુપ્ત બીજાની ધાર્મિક સહિષ્ણુતા માત્ર શૈવધર્મ સુધી મર્યાદિત ન હતી. પરંતુ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ નાસ્તિક બ્રાહ્મણ ધર્મ વિરોધી ધર્મ હોવા છતાં પણ તેના પ્રત્યે પણ ઉદારતા અને સહિષ્ણુતા દાખવી હતી. સાંચી અભિલેખમાંથી જાણવા મળે છે કે આમ્રકાદેવ નામના બૌદ્ધ ધર્મીને ચંદ્રગુપ્ત બીજાએ ઉચ્ચ સૈનિક પદ પર નિયુક્ત કર્યો હતો. તે અધિકારીએ સાંચીમાં આવેલા બૌદ્ધ વિહારને પ્રતિદિન પાંચ ભિક્ષુઓને ભોજન કરવા અને તેના રત્નગૃહમાં એક દીપક માટે ૨૫ દીનાર અને એક ગામ દાનમાં દીધું હતું. ફાહીયાનના વિવરણ પરથી જાણવા મળે છે કે તે સમયે બોદ્ધ વિહાર અને જૈન મંદિર ચંદ્રગુપ્ત બીજાના સામ્રાજ્યમાં મોટી સંખ્યામાં જોવા મળતાં હતા. આ બંને ધર્મો પ્રત્યે પણ ચંદ્રગુપ્ત બીજો સહિષ્ણુતા અને ધાર્મિક ઉદારતાપૂર્વક વ્યવહાર કરતો હતો.

- **અશ્વમેધ યજ્ઞ**

ચંદ્રગુપ્ત બીજાએ નાના મોટા રાજ્યો ઉપરાંત શક-કુશાણ સામે દિગ્વીજય કરીને સંપૂર્ણ ભારતમાં એક સત્તાની સ્થાપના કરી હતી.પોતાના સામ્રાજ્યમાં એકરૂપ વહીવટીતંત્રની સ્થાપના કર્યા બાદ ભારતીય પરંપરા પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિથી અશ્વમેધ યજ્ઞ કર્યો હતો એ બાબત બનારસ દક્ષિણ-પૂર્વ માં આવેલ નાગવા ગામમાંથી મળેલ ઘોડાની પ્રતિમા ઉપર 'ચંદ્રગુ' લેખ ઉત્કીર્ણ કરેલ હોય રત્નાકર જણાવે છે કે આ અશ્વની પ્રતિમા ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય) નામાંશ હોઈ અશ્વમેધ યજ્ઞની જ હોઈ શકે ચંદ્રગુપ્ત બીજાએ તેના પિતાશ્રીનું રાષ્ટ્રમાં એક સત્તા કરવાનું સ્વપ્ન શક-કુશાણો જેવી વિદેશી શક્તિઓને પરાજિત કરવાનું અતિદુષ્કર કાર્ય પૂર્ણ કર્યું હતું. એટલે તેની કુલ પરંપરા પ્રમાણે અશ્વમેધ યજ્ઞ કર્યો હોય  તેમ ડો. ઉદય નારાયણ રાય માને છે.

**2 સાહિત્ય ક્ષેત્રે વિકાસ:**

ચંદ્રગુપ્ત બીજાએ તેના પિતાની જેમ જ સાહિત્ય અનુરાગી અને વિદ્યાવ્યાસંગી હતો. તેના સમયમાં સંસ્કૃત ભાષાને દરબારી ભાષાનું સ્થાન મળ્યું હતું. રાજ્યના આદેશો શિલાલેખો, તામ્રપત્રો સંસ્કૃત ભાષામાં જ લખતા હતા. કવિ કાલિદાસ લખે છે કે સ્વભાવમાં પરસ્પર વિરોધી સ્થાનોમાં રહેવાવાળી લક્ષ્મી અને સરસ્વતીને આ સમ્રાટમાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. ચંદ્રગુપ્ત બીજાની ગણના કવિ સમ્રાટ તરીકે થતી હતી. તેણે 'સાહસાંક' ઉપાધી ધારણ કરી હતી. કાવ્યમીમાંસાના રચિયતા રાજશેખર લખે છે કે સાહસાંક નામના સમ્રાટે પોતાના અંતઃપુરમાં એક માત્ર સંસ્કૃત ભાષા બોલવાની આજ્ઞા આપી દીધી હતી.

ચંદ્રગુપ્ત બીજો કાવ્યપ્રેમી હતો ઉપરાંત કવિઓ અને સાહિત્યકારોનો સંરક્ષક અને આશ્રયદાતા હતો. તેની રાજસભામાં ધન્વતરી, ક્ષપણક, ઉદયસિંહ, શંકુ, વૈતાલભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર તથા વરરુચિ જેવા નવ રત્નો બિરાજમાન રહેતા હતા. તે વિદ્વાનોમાં કવિ કાલિદાસનું નામ મોખરાનું છે. તેમણે રઘુવંશ, મેઘદૂત, કુમારસંભવ, ઋતુસંહાર, અભિજ્ઞાન શાકુંતલમ વગેરે અમર ગ્રંથોની રચના કરી હતી. ઉદયગિરીના અભિલેખ અનુસાર ચંદ્રગુપ્ત બીજાનો સંધિવિગ્રહક અમાત્ય અને સેનાપતિ વીરસેન એક ઉચ્ચકોટિનો વ્યાકરણાચાર્ય, નૈયાયિક, રાજનીતિજ્ઞ અને કવિ હતો. તેમજ સમુદ્રગુપ્તની વિજય પ્રશસ્તિ રચનાર કવિ હરિશેણ, મુદ્રારાક્ષસ નાટકના રચિયતા વિશાખદત્ત, મુચ્છકટીકના રચિયતા શુદ્રક અને અમરકોશના લેખક અમરસિંહ તેમજ વસુબંધુ અને દિંગનાથ જેવા બૌદ્ધ વિદ્વાનો પણ થયા હતા. ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી વરાહમિહિરનો સંશોધિત ગ્રંથ 'બૃહતસંહિતા' પ્રસિદ્ધિ પામ્યો હતો. રાજશેખરની કાવ્યમીમાંસાની નોંધ પ્રમાણે ઉજ્જૈનનું 'વિદ્વાન મંડળ' અને પાટલીપુત્રની 'વિશેષજ્ઞ પરિષદ' આ બંને સંસ્થાઓ કાવ્ય રચનાકારોની પરીક્ષા લેતી હતી. ચંદ્રગુપ્ત બીજા દ્વારા પણ સાહિત્યકારો અને કવિઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવતા હતા.

**3 કલાને ઉત્તેજન:-**

- **મુદ્રા નિર્માણ**

ચંદ્રગુપ્ત બીજાના સોના,ચાંદી અને તાંબાના સિક્કાઓમાં ઉચ્ચકોટિની કલાત્મકતા જોવા મળે છે. તેના સિક્કાઓમાં ધનુર્ધર પ્રકાર, સિંહનિયંતા પ્રકાર, ધ્વજધારી પ્રકાર તથા ચક્રવિક્રમ પ્રકારના સિક્કાઓ મૌલિક અને નવા હતા. જેમાં તેના ચરિત્રની વિભિન્ન વિશેષતાઓ પર પ્રકાશ પડે છે. સિંહનિયંતા પ્રકારના સિક્કામાં તેની કલાત્મકતા ઉત્કૃષ્ટ પ્રકારની જોવા મળે છે. જે શૌર્ય, વીરત્વ અને સાહસનો પરિચય કરાવે છે. ચાંદીના સિક્કા બનાવનાર તે પ્રથમ રાજવી હતો.

- **પ્રાસાદ નિર્માણ**

પાટલીપુત્ર અને ઉજ્જૈનમાં શિલ્પ સ્થાપત્યથી શોભાયમાન રાજપ્રસાદોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પાટલીપુત્રનું રાજભવન એક અલૌકિક કલાકૃતિ સમાન હતું. એ જોઇને ફાહિયાન આશ્ચર્યચકિત બન્યો હતો. તેને આ ભવન દેવનિર્મિત હોય તેવું લાગ્યું હતું. બીજી રાજધાની ઉજ્જૈનની શોભાનું વર્ણન કરતાં કવિ કાલિદાસ લખે છે કે આ શહેર સુવર્ણથી ચળકતો કાંતિયુક્ત

ખંડ હતો. તેનો ઉપયોગ કરવા ઉત્કૃષ્ઠ આચરણવાળા દેવો સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતરી આવ્યા હતા. કથાસરિત્સાગર અનુસાર ઉજ્જૈન નગર પૃથ્વીનું આભુષણ હતું. આવા બંને શહેરોના બાંધકામને અલંકૃત અને અલૌકિક સૌદર્યથી વિભૂષિત કરવા માટે ચંદ્રગુપ્ત બીજાની મહત્વની ભૂમિકા રહી હશે.

- **મેહરૌલી લોહસ્તંભ**

દિલ્હીથી છ માઈલ દૂર મેહરૌલી ગામમાં કુતુબમિનાર પાસે આ લોહસ્તંભ ઊભો છે. આ સ્તંભના અભિલેખમાં શુદ્ધ સંસ્કૃત છંદો અને ઈ.સ.ની પાંચમી સદીની ગુપ્ત લિપિમાં ચંદ્રગુપ્તના વિજયોનું વર્ણન કરવામાં આવ્યું હતું. તેમાં ચંદ્રની વંશાવલીનો ઉલ્લેખ નથી. તેમજ કોઈ તિથિનો ઉલ્લેખ નથી. તેના અવસાન પછી આ અભિલેખ કોતરવામાં આવ્યો હતો. તેમાં ચંદ્રગુપ્ત બીજાની નીચેની બાબતો ઉત્કીર્ણ કરવામાં આવી છે.

1. તેણે પોતાના બાહુબલથી વિજય પ્રાપ્ત કરી સામ્રાજ્યની સ્થાપના કરી હતી.
2. તેણે ઘણા સમય સુધી શાસન કર્યું હતું.
3. તે વિષ્ણુ ભગવાનનો ઉપાસક હતો. તેણે વિષ્ણુ પર્વત ઉપર વિષ્ણુ ધ્વજની સ્થાપના કરી હતી.
4. બધા દુશ્મનોએ સંઘ રચીને બંગાળ પાસે આક્રમણ કર્યું પણ ચંદ્રગુપ્તએ તેને પરાજીત કર્યા હતા.
5. તેણે સિંધુના સપ્તમુખ પર કરીને વાહલિકોને પરાજીત કર્યા હતા.
6. તેની શક્તિથી આજ પણ દક્ષિણી સમુદ્ર સુગંધિત થઈ રહ્યો છે.
7. આ અભિલેખ ઉત્કીર્ણ થયા પહેલા તેનું અવસાન થયું હતું.

---

**તમારી પ્રગતિ ચકાસો.**

---

**(ક) નીચેના પ્રશ્નનોના ઉત્તર ટૂંકમાં લખો.**

1 ચંદ્રગુપ્તની રાજકીય સિદ્ધિઓ વિશે નોંધ લખો.

2 ચંદ્રગુપ્તની સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે ટૂંકનોંધ લખો.

3 ઐતિહાસિક સાધન તરીકે મેહરૌલી લોહસ્તંભ

**(ખ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

1 ચંદ્રગુપ્તની માતાનું નામ શું હતું.

(અ) દત્તદેવી (બ) સરલાદેવી (ક) ધ્રુવદેવી (ડ) મનસાદેવી

2 ચંદ્રગુપ્તના વિવાહ કોની સાથે થયા હતા.

(અ) કુમારદેવી (બ) ચંદનનાગા (ક) કુબેરનાગા (ડ) કનકદેવી

3 ચંદ્રગુપ્તએ પોતાની પુત્રી પ્રભાવતીના વિવાહ કોની સાથે કર્યા હતા.

(અ) અચ્યુત (બ) રુદ્રસેન બીજા (ક) નાગદત્ત (ડ) રૂદ્રદેવ

---

## 15.4 ગુપ્તયુગનું વહીવટીતંત્ર :

---

### 15.4.1 કેન્દ્રીય શાસન :

**૧ સમ્રાટ – રાજા**

ગુપ્તયુગીન રાજ્ય વ્યવસ્થા રાજાશાહી પ્રકારની હતી. જેમાં સમ્રાટ શાસન માટે સર્વેસર્વા હતો. જેને રાજપદ ઉત્તરાધિકારી પદ્ધતિથી મળતું હતું. પરંતુ ક્યારેક જ્યેષ્ઠ પુત્ર કે ક્યારેક શ્રેષ્ઠ પુત્રને પણ ઉત્તરાધિકારીનો દરજ્જો પ્રાપ્ત થતો હતો. સમ્રાટનું પદ સર્વોપરી હતું. તે સામ્રાજ્ય પર સંપૂર્ણ શાસન ચલાવતો હતો. સમગ્ર વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્ર પણ તેમના હસ્તક જ હતું. સામ્રાજ્યમાં સુવ્યવસ્થા સ્થાપી પ્રજાજીવનને સુખી અને સમૃદ્ધ બનાવવું તે તેનો પરમ ધર્મ હતો. તે સર્વોચ્ચ ન્યાયાધીશ હોવાથી તેનો નિર્ણય અંતિમ ગણાતો. તેને અપરાધીને સજા અને નિર્દોષને ક્ષમા તેનો જ અધિકાર ગણાતો. બાહ્ય આક્રમણોથી રક્ષણ અને આંતરિક વિદ્રોહોનું શમન તે તેનું પરમ કર્તવ્ય હતું. યુદ્ધ સમયે લશ્કરનું સંચાલન યુદ્ધ ભૂમિમાં રહીને સમ્રાટ કરતો હતો.

**2. શાસનમાં રાણીઓનું મહત્વ**

ગુપ્તયુગમાં શાસનમાં રાણીઓને પણ મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવતું હતું. જે રાજાઓને રાજ્ય વહીવટમાં મદદ કરતી હતી. ચંદ્રગુપ્ત પહેલાની રાણી કુમારદેવી તેણે શાસનમાં સાથ આપતી હતી. રાજા-રાણીના સિક્કા તેનું પ્રમાણ છે. ચંદ્રગુપ્ત બીજાની પુત્રી પ્રભાવતી ગુપ્ત તેના પતિના અવસાન પછી પોતાના પુત્રની સંરક્ષિકા તરીકે શાસન કરતી હતી. આ ઉદાહરણો ઉપરથી એમ કહી શકાય કે ગુપ્તકાલની રાણીઓમાં ખૂબ સારી રીતે શાસન કરવાની પ્રતિભા જોવા મળતી હતી. રાણીઓ પણ મહાદેવી, પરમ ભટારિકા વગેરે ઉપાધિઓથી વિભૂષિત થતી હતી.

**3. યુવરાજ**

સમ્રાટ પછી યુવરાજનું પદ આવે છે. તેને પોતાના પિતાજીના સામ્રાજ્યનો ઉત્તરાધિકારી માનવામાં આવતો હતો. એ સામ્રાજ્યની રક્ષા કરવા અને શાસનના સંચાલનમાં સમ્રાટને મદદ કરતો હતો. જ્યેષ્ઠ પુત્ર જ યુવરાજ પદ ધારણ કરે એવું જરૂરી ન હતું. રાજકુમારની પ્રતિજ્ઞા અને યોગ્યતા દ્વારા એ પદને ધારણ કરી શકતો હતો. સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો, તથા સ્કંદગુપ્ત પોતાની પ્રતિભા અને યોગ્યતા દ્વારા યુવરાજ પદ પ્રાપ્ત કર્યું હતું. યુવરાજ લશ્કરી અભિયાનમાં જઇને પોતાના બળ, પૌરુષ, વીરતા તથા સૈનિક પ્રતિભાનો પરિચય આપતો હતો. યુવરાજને સામંતો તથા રાજ્યપાલોને સ્થાને પણ નિયુક્ત કરવામાં આવતા હતા. પ્રાંતીય શાસન સંચાલન તેના હાથના રહેતું હતું. આ રીતે યુવરાજ અને અન્ય રાજકુમારને સૈનિક અને શાસન વ્યવસ્થા બંને જગ્યાએ પોતાની યોગ્યતા પ્રદર્શિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થતો હતો જેથી સમ્રાટ અને રાજસભા દ્વારા રાજપદ માટે યોગ્ય રાજકુમાર શોધવાની સુવિધા પ્રાપ્ત થાય.

**4 રાજ્યનું મંત્રીમંડળ**

ગુપ્ત સમ્રાટોના વિશાળ સામ્રાજ્યનું શાસન એકલા સમ્રાટ માટે ચલાવવું અઘરું હતું. તેમજ અભિલેખોમાં મંત્રીઓનો ઉલ્લેખ જોવા મળતો હતો. તેથી વિદ્વાનો અનુમાન કરે છે કે સમ્રાટને શાસન સહાયતા માટે એક મંત્રીમંડળ હશે. તેના સભ્યોને મંત્રી કહેવામાં આવતા હતા. એ મંત્રી ઉચ્ચકોટીના વીર, સાહસી, બુદ્ધિમાન અને અનુભવી હતા. ગુપ્તયુગમાં સૈનિક અને શાસનના કાર્યોનું વિભાજન થયેલું ન હતું. રાજા અને તેના સાથીદારો બંને જગ્યાએ કાર્યરત હતા. સમ્રાટને

સલાહ સૂચન કરવાવાળા, ચર્ચા કરવાવાળા શાસનકાર્યમાં મદદ કરવા માટે અનેક અમાત્ય, મંત્રી અને સચિવ રહેતા હતા.

- **પરામર્શદાતા મંત્રી**

આ મંત્રી યુદ્ધ સમયે સમ્રાટની સાથે સાથે યુદ્ધ ભૂમિમાં સાથ આપતો હતો. તેણે સૈનિક મદદ અને યુદ્ધની વ્યૂહરચનામાં મદદ કરતો અને શાંતિ સમયે રાજધાનીમાં રહીને સુવ્યવસ્થિત શાસન વ્યવસ્થા કરવા માટે સમ્રાટને મદદ કરતો હતો.તે પરામર્શદાતા મંત્રી કહેવતો હતો. જે સમ્રાટનો અતિ વિશ્વાસુ મંત્રી હતો. જેના ઉપર સમ્રાટ સંકટસમયે પણ ભરોસો મૂકી શકતો હતો.

- **સંધિવિગ્રહક**

જે યુદ્ધ સમયે સમ્રાટની સાથે યુદ્ધ ભૂમિમાં રહીને તેની હર પ્રકાર સહાયતા કરતો હતો. યુદ્ધભૂમિમાં સાથ આપતો હતો. યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યા પછી સંધિની શરતો પણ તેજ તૈયાર કરતો અને લખતો હતો. સમુદ્રગુપ્તના વખતમાં આ પદ કવિ હરિષેણએ સુશોભિત કર્યું હતું. ચંદ્રગુપ્તએ પણ આ પદ ચાલુ રાખ્યું હતું. વીરસેન તેનો સંધિવિગ્રહક સચિવ હતો. માળવાના યુધ્ધમાં ચંદ્રગુપ્તની સાથે હતો. અને યુદ્ધ સંચાલનમાં મદદ પણ કરતો હતો.

- **અક્ષપટલ**

રાજ્યના કાગળ-પત્રનો અધિકારી આ મંત્રી બીજા રાજ્યો સાથેના સબંધ નિભાવતો હતો. તે રાજદૂતો રાખતો હતો. તેમજ તેની સુરક્ષાની જવાબદારી પણ તે સંભાળતો હતો. પત્રવ્યવહારનું કાર્ય સમ્રાટની સાથે ચર્ચા કરીને કરતો હતો.

- **મહાદંડનાયક – મ્હાબલાધિકૃત**

આવા અધિકારીનો વિશેષ સબંધ રાજ્યની સેનાની સાથે હતો.

- **કુમારામાત્ય**

કરમદડની શિવલિંગ પ્રશસ્તિમાં કુમારામાત્યનો ઉલ્લેખ મળે છે.  આનો શાબ્દિક અર્થ રાજકુમારને મંત્રી તરીકે રાખતા હશે એવો થાય. કુમારામાત્યના પદ પર કોઈ યુવરાજ કે રાજકુમારને રાખતા હશે. પરંતુ ડો. ઉદયનારાયણના મતે કુમારામાત્ય કોઈ વિશેષ પદનો સૂચક નહી હોય રાજ્યના મોટા મોટા અધિકારીઓ માટે આ શબ્દ વપરાતો હશે. અભિલેખોના ઉલ્લેખ પ્રમાણે હરિષેણ, મંત્રી પૃથ્વીષેણ, શિખરસ્વામી વગેરેનો કુમારામાત્ય તરીકે ઉલ્લેખ મળે છે.

- **સર્વાધ્યક્ષ**

આ એક પ્રમુખ અધિકારી હતો જે બધા કેન્દ્રીય વિભાગોની સામાન્ય રીતે દેખરેખ રાખતો હતો. પ્રતિહાર અને મહાપ્રતિહાર નામના અધિકારીઓને રાજાને મળવા માટે આજ્ઞાપત્ર આપતો હતો.

આ મંત્રી, અમાત્ય કે સચિવના પદ વંશપરંપરાગત હતા. મંત્રીઓની સંખ્યા નિશ્ચિત ન હતી. તેની સંખ્યા છ – સાતની રહેતી હતી. આ પદ સમ્રાટોને સલાહ સૂચન આપવા માટે નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ રાજાશાહી યુગમાં આ મંત્રીઓની સલાહ માન્ય રાખવી સમ્રાટ માટે જરૂરી ન હતી. અલબત્ત રાજ્યના મહત્વપૂર્ણ કાર્યમાં તેની સલાહ લાભદાયક રહેતી હતી. તેમજ રાજ્યની જટિલ સમસ્યાઓનું સમાધાન કરવા સમ્રાટને મદદ મળતી હતી એટલું જરૂર કહી શકાય.

**5. રાજ્યના પદાધિકારીઓ:**

ગુપ્ત સમ્રાટોએ કેન્દ્રીય, પ્રાંતીય, જનપદિય અને સ્થાનિક શાસનની રૂપરેખા તૈયાર કરી હતી. તેના પ્રમુખ પદાધિકારીઓ આ પ્રમાણે છે.

- **ઉપરિક**

જે પ્રાંત અથવા ભુક્તિમાં સમ્રાટના પ્રતિનિધી તરીકે કાર્ય કરતો હતો. આમ તો તે પદ રાજ્યપાલનું હતું તે પદ પર કોઈ રાજકુમાર અથવા કોઈ અનુભવી યોગ્ય વિશ્વાસપાત્ર વ્યક્તિની નિમણુંક કરવામાં આવતી હતી.

- **બલાધિકૃત**

આ પ્રાંતના સેનાપતિનું પદ હતું. તેના પર યોગ્ય અનુભવી સેનાનાયક નિયુક્ત કરવામાં આવતી હતો. આ અધિકારી યુદ્ધ મેદાનમાં સમ્રાટની સાથે પણ રહેતો હતો. તેના કાર્યાલયને બલાધિકરણ કહેવામાં આવતું હતું.

- **રણભાન્ડાધિકૃત**

આ અધિકારી સેનાની સામગ્રી લાવવાની તેમજ સંભાળવાની વ્યવસ્થા કરતો હતો. યુદ્ધ સબંધી જેટલી સામગ્રી ઉત્પાદિત થતી હતી કે લાવવામાં આવતી હતી તે સંગ્રહાલય આ અધિકારી સંભાળતો હતો.

- **દંડપાશાધિકૃત**

આ અધિકારીનું કર્તવ્ય અપરાધીઓને ન્યાયાલયમાં રજૂ કરીને દંડ આપવાનું રહેતું હતું. જે પોલીસનો સર્વોચ્ચ અધિકારી હતો. તેની નીચે અનેક પદાધિકારી કાર્ય કરતા હતા. તેનું મુખ્ય કર્તવ્ય શાંતિ અને સલામતી સ્થાપવાનું હતું.

- **મહાદંડનાયક**

મોટા ભાગના વિદ્વાનોની ધારણા છે કે મહાદંડનાયક ન્યાયાલય વિભાગનો સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. અપરાધીને દંડ આપવાનું તેનું કાર્ય હતું. તેના નીચે અનેક ન્યાયાધીશ કાર્ય કરતા હતા. ડો. ઉદય નારાયણ રાયના મતે આ ન્યાયાધીશનું પદ ન હતું આ પદ પર સેનાપતિ નિયુક્ત કરવામાં આવતો હતો. આ શબ્દ પ્રયોગ સેનાપતિ માટે વપરાતો હતો.

- **વિનયસ્થિતિ સ્થાપક**

આ અધિકારી સામ્રાજ્યમાં શાંતિ અને સુવ્યવસ્થાની સ્થાપના કરતો હતો.

- **ભટાશ્વપતિ**

આ ઘોડેશ્વાર સૈનિકોનો પ્રધાન અધિકારી હતો.

- **મહાપ્રતિહાર**

પ્રતિહારનો અર્થ થાય દ્વારપાલ કે દ્વારસંરક્ષક. મહાપ્રતિહાર દ્વારપાલોનો પ્રધાન હશે. જેનું કર્તવ્ય રાજભવનના દ્વારની  રક્ષા કરવાનું હતું.

**15.4.2 પ્રાંતીય શાસન:**

ગુપ્ત સામ્રાજ્ય એટલું વિશાળ હતું કે કેન્દ્રીય વ્યવસ્થાથી સંપૂર્ણ રાજ્યનું સંચાલન થઈ શકે નહી એટલે શાસનની સુવિધા માટે સંપૂર્ણ સામ્રાજ્ય ભુક્તિ કે દેશ, રાષ્ટ્ર તથા મંડળ કે વિષય માં

વિભક્ત કરવામાં આવ્યું હતું. ભુક્તિનો અર્થ પ્રાંત થતો હતો. પ્રત્યેક ભુક્તિને વિષય અથવા મંડળમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. વિષય આધુનિક જીલ્લા જેવો જ વિભાગ હતો. વિષયનો શાસક વિષયાપતિ કહેવાતો હતો વિષયપતિને વ્યાપારીઓની શ્રેણીઓ કે સભાપતિની સહાયતા પ્રાપ્ત થતી હતી. ભુક્તિના સર્વોચ્ચ પદાધિકારી રાજકુમાર રહેતા હતા. બસાઢ અભિલેખ અનુસાર ગોવિંદ ગુપ્ત નામના રાજકુમારને તીરભુક્તિના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યો હતો. બધા જ પ્રાંતોમાં રાજકુમાર રાજ્યપાલના પદગ્રહણ કરતા ન હતા. પ્રાંતનો વિશેષ પ્રકારનો પદાધિકારી ઉપરિક કહેવતો હતો. જે પ્રાંતમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવી રાખી પ્રાંતના શાસનનું સંચાલન કરતો હતો.

દક્ષિણ વિભાગ સંપૂર્ણ રાષ્ટ્ર મંડળોમાં વિભક્ત કરવામાં આવ્યો હતો. જેમાં પ્રત્યેક મંડળ બલનાડુ અને નાડુઓમાં તથા કોટમમાં વિભાજીત કરવામાં આવ્યો હતો. કોટ્ટમ કેટલાંક ગ્રામોનો સમૂહ હતો. શાસનનું સૌથી નાનું એકમ ગ્રામ હતું. ગ્રામનો વહીવટ મુખી કરતો હતો. જર્ની મદદ માટે ગ્રામસભા રહેતી હતી. જે ગામના વડીલ ગ્રામજનોની બનેલી હતી. જેમાં દરેક વડીલને ન્યાય, મંદિરોની વ્યવસ્થા, તળાવની વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા જેવા વિભાગો સોંપવામાં આવ્યા હતા. સ્થાનિક સંસ્થાઓની દેખભાળ સરકારી કર્મચારી કરતો હતો. તે અધિકારી કહેવાતો હતો.

**15.4.3 વિષયનું શાસન:**

ગુપ્ત સમ્રાટોએ શાસનની સુવિધા માટે પ્રાંતોને કેટલાંક જિલ્લાઓમાં વિભાજિત કર્યા હતા. જેને વિષય કહેવામાં આવતા હતા. તેનો કાર્યભાર વિષયાપતિ સંભાળતા હતા. વિષયાપતિ કાર્યાલયથી સંપૂર્ણ વિષયના શાસનનું સંચાલન થતું હતું. તેના વિષયપતિ તરીકે રાજકુમાર, અમાત્ય, આયુક્ત, કે મહારાજ નિયુક્ત કરવામાં આવતા હતા. તે અન્ય પદાધિકારીઓની સહાયથી અંગ્ર જિલ્લાની વહીવટ સંભાળતો હતો.

**15.4.4 સ્થાનિક શાસન:**

પ્રત્યેક વિષય અનેક નગરો અને ગ્રામોમાં વિભાજિત રહેતો હતો.

**1 નગરની શાસન વ્યવસ્થા**

અભિલેખમાંથી તત્કાલીન નગરની શાસન વ્યવસ્થાનો સંકેત મળે છે. એક અભિલેખમાં તત્કાલીન ઉદાનકૂપની નગરસભાનો ઉલ્લેખ મળે છે. કેટલાંક વિદ્વાનોનું અનુમાન છે કે પ્રત્યેક નગરના સંચાલન માટે નગરસભા રહેતી હતી. તેણે નગરપરિષદ કહેવામાં આવતી હતી. જે આધુનિક નગરપાલિકા સમકક્ષ હતી. સાંચીના અભિલેખના ઉલ્લેખ પ્રમાણે કાકનાબાદ વિહારનો પ્રબંધ બે સ્થાનિક સમિતિઓને સોંપવામાં આવ્યો હતો. એકનું નામ આર્યસંઘ અને બીજી સમિતિનું નામ પંચમંડળી હતું.

**2 ગ્રામની શાસન વ્યવસ્થા**

શાસન વ્યવસ્થાની સુવિધા માટે પ્રત્યેક વિષયને અનેક ગ્રામમાં વિભાજિત કરવામાં આવ્યો હતો. ગ્રામનો વહીવટ ગ્રામીણ કે ભોજક કરતો હતો. આ પદ પર ગ્રામના ચૌધરી કે મુખીને નિયુક્ત કરવામાં આવતા હતા. ગ્રામની શાંતિ, સલામતી અને સુરક્ષાની જવાબદારી તેની રહેતી હતી.

સામ્રાજ્યના જે વિસ્તારમાં સામંતોની પ્રથા અસ્તિત્વમાં હતી ત્યાં સામંત આ કાર્ય સંભાળતા હતા. રાજ્યના કર્મચારી અને સમ્રાટના અંગરક્ષકોને નિશ્ચિત વેતન આપવામાં આવતું હતું.

**15.4.5 ગુપ્તયુગનું ન્યાયતંત્ર:**

ગુપ્તયુગમાં ન્યાય આપવાનું કાર્ય સમ્રાટ ખુદ કરતો હતો. પરંતુ વિશાળ સામ્રાજ્યના ન્યાયનું કાર્ય સમ્રાટ એકલો કરી શકે નહિ માટે કેન્દ્ર તથા પ્રાંતોમાં ન્યાયધીશ ન્યાય આપવાનું કાર્ય કરતા હતા. વિષયના ન્યાયધીશ મુખ્ય નગરોમાં રહેતા હતા. એ ન્યાયધીશને નગરશેઠ અને કાયસ્થની મદદ મળતી હતી. ગામડામાં ન્યાય માટે રાજ્યનો કર્મચારી મુખીને ન્યાય માટે મદદ કરતો હતો. ક્યારેક તો ગ્રામસભા જ ન્યાય કરતી હતી. આ સંસ્થાઓને સ્વાયત શાસનનો અધિકાર પણ હતો. ગુપ્તયુગમાં દંડવિધાન કઠોર ન હતું. સાધારણ અપરાધ માટે સામાન્ય સામાન્ય દંડ અને મોટા અપરાધ માટે મોટો દંડ કરવામાં આવતો હતો. પ્રાણદંડ આપવામાં આવતો ન હતો. માત્ર રાજદ્રોહી માટે ડાબો હાથ કાપી નાખવામાં આવતો હતો.

**15.4.6 પોલીસ વ્યવસ્થા:**

ગુપ્ત સમ્રાટોએ સામ્રાજ્ય વિસ્તાર તથા બાહ્ય આક્રમણો માટે તેમજ સુરક્ષા માટે એક વિશાળ શક્તિશાળી સેના રાખવામાં આવી હતી. તેમજ આંતરિક શાંતિ તથા સુવ્યવસ્થા માટે પોલીસ વિભાગની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે ચોરી, લૂંટફાટ, હત્યા તથા અન્ય પ્રકારના અપરાધોને રોકવા માટે અને સામ્રાજ્યમાં શાંતિ અને સલામતી મતેવ રાખવામાં આવી હતી. ફાહિયાનના વિવરણ પ્રમાણે પોલીસ વ્યસ્થા એટલી સારી હતી કે ચોર અને ડાકુઓનો ભય રહેતો નહી. દેશમાં અપરાધોની સંખ્યા ખૂબ જ ઓછી હતી. જે પોલીસ વ્યવસ્થાનું પરિણામ હતું. પોલીસ વ્યવસ્થાનો સર્વોચ્ચ અધિકારી દંડપાશિક કહેવતો હતો. ગુપ્તચર વિભાગના કર્મચારીને 'દૂત' કહેવાતા હતા.

---

**તમારી પ્રગતિ ચકાસો.**

---

**(ગ) નીચેના પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો.**

1 ગુપ્તયુગના કેન્દ્રીય શાસન વિશે નોંધ લખો.

2 ગુપ્તયુગના પ્રાંતીય શાસન વિશે ટૂંકનોંધ લખો.

3 ગુપ્તયુગનું ન્યાયતંત્ર

**(ઘ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

1. સમુદ્રગુપ્તનો સંધિવિગ્રહક કોણ હતો.

(અ) અચ્યુત (બ) હરિષેણ (ક) રુદ્રસેન (ડ) નાગદત્ત

2. માળવાના યુદ્ધમાં ચંદ્રગુપ્ત સાથે સેનાપતિની કામગીરી કોણે બજાવી હતી.

(અ) વીરસેન (બ) ભીમસેન (ક) સિધ્ધાર્થ (ડ) માનસંગ

3. ભુક્તિમાં સમ્રાટના પ્રતિનિધિ તરીકે કોણ કાર્ય કરતો હતો.

(અ) પ્રતિહાર (બ) નાયક (ક) બલપતિ (ડ) ઉપરિક

**15.5 સારાંશ :**

ભારતના સફળ શાસકોમાં ચંદ્રગુપ્ત બીજાની ગણના થાય છે. તેણે મહાન પરાક્રમી, વીરતા અને સાહસથી સમગ્ર ભારત પર વિજય પ્રાપ્ત કરી વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતું. તેણે પોતાના ઉદેશ્યની પ્રાપ્તિ માટે અનેક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. શક રાજા સામે સ્ત્રીનો વેશ ધારણ કર્યો હતો. તેમજ નાગવંશીય રાજકુમારી કુબેરનાગા સાથે પોતાના વિવાહ અને પોતાની પુત્રી પ્રભાવતી ગુપ્તને વાકાટક રાજા રુદ્રસેન બીજા સાથે અને પુત્ર કુમારગુપ્તના વિવાહ કદમ્બવંશીય રાજકુમારી સાથે કરીને પોતાની સ્થિતિ અત્યંત સુદ્રઢ બનાવી હતી. આ બધા સબંધોમાં કુશળ રાજનીતિજ્ઞના દર્શન થાય છે. તે ઉદાર, સહિષ્ણુ, સાહિત્યપ્રેમી, કલાપ્રેમી, કુશળ શાસક હતો. તેણે નાના મોટા રાજ્યોને પોતાના સામ્રાજ્યમાં સમાવી લઈને પ્રજામાં શાંતિ અને સલામતીની ભાવના ઊભી કરી હતી. તેણે મજબુત અને કાર્યક્ષમ વહીવટીતંત્ર સ્થાપ્યું હતું. ખેતી, વ્યાપાર અને ઉદ્યોગોનો વિકાસ થતાં રાજ્યની સમૃદ્ધિ વધવા લાગી હતી. ડો. ઉદય નારાયણ રાય લખે છે કે "દત્તદેવી અને સમુદ્રગુપ્તનો પુત્ર અસાધારણ પ્રતિભા, અદમ્ય ઉત્સાહ તેમજ વિલક્ષણ પૌરુષયુક્ત હતો. તેનો શાસનયુગ ગુપ્તવંશના સુવર્ણયુગનું પ્રતિનિધિત્વ કરતો હતો. તેની રાજકીય અને સાંસ્કૃતિક ઉપલબ્ધીઓથી ભરપુર છે. તેણે શક, કુશાણ અને વાહલિક જેવા પ્રભાવી અને શક્તિશાળી શાસકો સામે વિજય પ્રાપ્ત કર્યો હતો. સાથે તે ધર્મનિષ્ઠ, કલાનો સંરક્ષક અને સાહિત્ય અનુરાગ જેવા સદગુણોથી વિભૂષિત હતો. વિદેશી સત્તાઓથી ભારતને મુક્ત કરાવનાર શાસકને સાહસાંક અને વિક્રમાંક ઉપાધી યથાર્થ છે.

ગુપ્ત શાસન વ્યવસ્થાની પ્રસંશા કરતાં ચીનીયાત્રી ફાહિયાન લખે છે કે ભારતના લોકો બહુ સમૃદ્ધ હતા. તેઓ ઈમાનદાર અને વચનપાલન કરતા હતા. લોકો ન્યાયાલયમાં ગયા વગર જ અંદરોઅંદર નિર્ણય કરી સમજી લેતા હતા. ખેડૂતો ખેતી કરતા હતા. જે રાજ્યને કર સ્વરૂપે થોડો ભાગ આપતા હતા. વ્યક્તિગત સ્વતંત્રતા હતી. વ્યક્તિગત બાબતોમાં રાજ્યનો હસ્તક્ષેપ ન હતો. ગુપ્ત શાસન સંતોષજનક હતું. જૂનાગઢની પ્રશસ્તિમાં ગુપ્ત શાસનની પ્રસંશા કરતા લખ્યું છે કે આ સમયે કોઈ દુઃખી, દરિદ્ર, વ્યસની, કઠીન દંડથી પીડિત કે રાજકીય નિયંત્રણોથી કષ્ટયુક્ત ન હતું.

ડો. રમેશચંદ્ર મજુમદાર લખે છે કે " ગુપ્ત સમ્રાટોએ લોકોને શાંતિ અને સમૃદ્ધિ અર્પી જેના વખાણ ખુદ પરદેશી મુસાફરોએ કર્યા છે. તેના સમયમાં ભારતને અદભૂત બૌદ્ધિક પ્રવૃત્તિ અને વિકાસને નિહાળ્યા એમ માનવાને ચોક્કસ કારણ મળે છે કે ગુપ્ત સમ્રાટોએ સ્થાપેલા રાજ્યતંત્ર અને તેમના કેટલાંક ભવ્ય વ્યક્તિત્વોએ આ પરિવર્તન લાવવામાં મોટો ભાગ ભજવ્યો હતો. 'ગુપ્ત યુગ' ઘણે અંશે ગુપ્ત સમ્રાટોનું સુવર્ણયુગ તરીકે સર્જન હતું." ગુપ્ત સમ્રાટોએ ઉત્તર હિમાલયથી દક્ષિણે વિધ્યાંચલ સુધી પૂર્વ-પશ્ચિમ સાગર સુધીના વિશાળ પ્રદેશોમાં ગુપ્તોએ જે રાજકીય એકતા અને વહીવટી વ્યવસ્થા સ્થાપી તેને કારણે ભારતમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ રહ્યા તેથી બૌદ્ધિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ અદ્વિતીય પ્રગતિના યુગનું સર્જન થયું હતું.

## 15.6 તમારી પ્રગતિ' ચકાસોના જવાબો :-

(ખ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.

1. **(એ)** 2. **(સી)** 3. **(બી)**

(ઘ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.

2. **(બી)** (૨) **(એ)** (૩) **(ડી)**

## 15.7 સંદર્ભ ગ્રંથો :-


1. રાધાકુમુદ મુખરજી – 'પ્રાચીન ભારત', પટણા, છઠ્ઠી આવૃત્તિ, ૨૦૦૭. (હિન્દી)
2. ત્રિપાઠી રમાશંકર – 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', દિલ્હી, પુનઃમુદ્રણ, ૧૯૮૮. (હિન્દી)
3. પાંડેય શ્રીનેત્ર - 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', અલ્હાબાદ, પુનઃમુદ્રણ, ૧૯૮૪. (હિન્દી)
4. ઉદયનારાયણ રાય – ગુપ્ત સમ્રાટ ઔર ઉનકાકાલ, (હિન્દી)
5. મજુમદાર આર.જી. – 'ગુપ્તયુગીન ભારત', અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૯૮. (ગુજરાતી)
6. રાધાકુમુદ મુખરજી – 'પ્રાચીન ભારત', પટણા, છઠ્ઠી આવૃત્તિ, 2007. (હિન્દી)
7. ત્રિપાઠી રમાશંકર – 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', દિલ્હી, પુનઃમુદ્રણ, 1988. (હિન્દી)
8. પાંડેય શ્રીનેત્ર - 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', અલ્હાબાદ, પુનઃમુદ્રણ, 1984. (હિન્દી)
9. ઉદયનારાયણ રાય – ગુપ્ત સમ્રાટ ઔર ઉનકાકાલ, (હિન્દી)
10. મજુમદાર આર.જી. – 'ગુપ્તયુગીન ભારત', અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 1998. (ગુજરાતી)

# એકમ- 16 હર્ષવર્ધનની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ

રૂપરેખા


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 ઇતિહાસ જાણવાની સાધન-સામગ્રી

16.2.1 પુરાવસ્તુકીય સામગ્રી

16.2.2 સાહિત્યિક સામગ્રી

16.3 પુષ્યભૂતિ વંશનો પ્રારંભિક પરિચય

16.4 હર્ષવર્ધનની રાજકીય સિદ્ધિઓ

16.4.1 હર્ષવર્ધનનું પ્રારંભિક જીવન અને રાજ્યાભિષેક

16.4.2 હર્ષવર્ધનના વિજયો

16.4.3 હર્ષવર્ધનનો સામ્રાજ્ય વિસ્તાર

16.5 હર્ષવર્ધનની સાંસ્કૃતિક સિદ્ધિઓ

16.5.1 હર્ષયુગીન શિક્ષા

16.5.2 હર્ષયુગીન સાહિત્ય

16.5.3 હર્ષયુગીન ધર્મ

તમારી પ્રગતિ ચકાસો

16.6 સારાંશ

16.7 શબ્દાવલિ

16.8 સંદર્ભ


**16.1 ઉદ્દેશ્યો** :

આ એકમના ઉદ્દેશ્યમાં હર્ષવર્ધનની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓનો અભ્યાસ કરવાનો છે. એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -

- પુષ્યભૂતિ વંશના ઇતિહાસ વિશે પરિચિત થશો.
- હર્ષવર્ધનની રાજકીય સિદ્ધિઓ વિશે જાણશો.
- હર્ષવર્ધનની સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે સમજ કેળવશો.

**16.1 પ્રસ્તાવનાઃ**

છઠ્ઠી સદીના અંતિમ તબક્કામાં ગુપ્તવંશનું પતન થયું અને ઉત્તર ભારતમાં મગધ સામ્રાજ્યનો અંત આવ્યો. ગુપ્તોની પડતી પછી ઉત્તર ભારતની રાજકીય સ્થિતિમાં ઘણા ફેરફારો થયા અને અનેક સ્વતંત્ર રાજ્યોનો ઉદય થયો. વલ્લભીમાં મૈત્રકોએ પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી. પંજાબમાં હૂણોની સત્તા પ્રસરી પછી માળવાના યશોવર્મને હૂણોના ત્રાસથી ઉત્તર ભારતને મુક્તિ અપાવી. મગધમાં ઉપગુપ્ત વંશના શાસકોએ પોતાનું શાસન ચલાવ્યું પણ તેનો પ્રભાવ ગુપ્ત શાસકોની તુલનામાં નહિવત હતો. કન્નૌજમાં મૌખરિ વંશના શાસકોએ પોતાની સ્વતંત્ર

સત્તાની સ્થાપના કરી. એવી જ રીતે બંગાળ અને કામરૂપ પ્રદેશમાં પણ સ્વતંત્ર સત્તાઓની સ્થાપના થઈ. થાનેશ્વરમાં પુષ્યભૂતિ વંશની સત્તાની સ્થાપના થઈ. આ રાજ્યો સત્તા વિસ્તાર માટે પરસ્પર સંઘર્ષરત રહેતાં હતાં. અંતે હર્ષવર્ધનના સમયમાં આ સંઘર્ષનો અંત આવ્યો અને સમસ્ત ઉત્તર ભારત ફરી એક વાર એક જ સત્તા હેઠળ આવ્યું, પણ હવે સત્તાનું કેન્દ્ર મગધ નહીં પણ કન્નૌજ હતું. ઈ.સ. 606 થી 647 સુધી હર્ષવર્ધનને ઉત્તર ભારતના વિસ્તાર પર પોતાની સત્તા જાળવી રાખી હતી. હર્ષવર્દ્ધનના શાસનનો એ સમયગાળો ફરી એકવાર ગુપ્તયુગના સુવર્ણયુગની યાદ અપાવે છે. આ અધ્યાયમાં હર્ષવર્ધનની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓની ચર્ચા કરીશું.

**16.2 ઇતિહાસ જાણવાની સાધન-સામગ્રી :**

હર્ષવર્ધનનો ઇતિહાસ જાણવા માટેના સાધનોમાં પુરાવસ્તુકીય અને સાહિત્યિક બન્ને પ્રકારના સાધનો મહત્વના છે. પુરાવસ્તુકીય સાધનોમાં હર્ષવર્દ્ધનના સમયના જ અભિલેખો અને બીજા સમયુગીન શાસકોના અભિલેખો મહત્વના છે, જ્યારે સાહિત્યિક સાધનોમાં ભારતીય લેખકોના વિવરણો અને વિદેશી યાત્રીઓના વિવરણો મહત્વનાં છે.

**16.2.1 પુરાવસ્તુકીય સામગ્રી –**

1. **બંસખેડા તામ્રપત્રાભિલેખ** – વર્તમાન ઉત્તરપ્રદેશના શાહજહાઁપુર જિલ્લાના બંસખેડ઼ા નામક સ્થળ પરથી આ તામ્રપત્ર ઈ.સ. 1894માં મળ્યું હતું. આ તામ્રપત્ર ઈ.સ. 628નું એક દાનપત્ર છે. જેમાં બે બ્રાહ્મણોને મર્કટસાગર નામનું ગામ દાનમાં આપવામાં આવે છે. આ તામ્રલેખમાં વંશાવલિ, રાજકીય ઘટનાઓ, વહીવટીય અધિકારીઓનો ઉલ્લેખ છે.

2 **મધુબન તામ્રપત્રાભિલેખ** – વર્તમાન ઉત્તરપ્રદેશના આજમગઢ઼ જિલ્લાના મધુબનથી આ તામ્રપત્ર મળી આવ્યું છે. જે ઈ.સ. 631નું એક દાન પત્ર છે.

3 **ઐહોલ પ્રશસ્તિ** - દક્ષિણ ભારતના બાદામીના ચાલુક્ય શાસક પુલકેશિન બીજાની આ પ્રશસ્તિ રવિકીર્તિ જૈન દ્વારા રચિત છે. આ પ્રશસ્તિમાં પુલકેશિન બીજાની દિગ્વિજયનો ઉલ્લેખ છે જેમાં હર્ષવર્દ્ધન સાથેના સંઘર્ષનો પણ ઉલ્લેખ મળે છે.

4 **નાલન્દા મૃણમુદ્રા** – આ મૃણમુદ્રા વર્તમાન બિહારના નાલન્દાથી મળી આવી છે જે હર્ષવર્ધનની છે. આ મુદ્રામાં વર્ધનવંશની વંશાવલિ અને સિદ્ધિઓ વિશેનો લેખ છે.

5 **સોનીપત તામ્રમુદ્રા** – આ તામ્રમુદ્રા વર્તમાન હરિયાણાના સોનીપતથી મળી છે. આ મુદ્રાની વિષયવસ્તુ પણ નાલન્દા મૃણમુદ્રાની જેમ જ છે.

**16.2.2 સાહિત્યિક સામગ્રી**:

1. **ભારતીય સાહિત્ય** – હર્ષયુગીન ઇતિહાસ જાણવાનો સૌથી પ્રમુખ સાહિત્યિક સ્રોત બાણભટ્ટ દ્વારા રચિત હર્ષચરિત છે. બાણભટ્ટ હર્ષવર્ધનનો દરબારી કવિ હતો. તેને લગભગ ઈ.સ 620માં હર્ષચરિતની રચના કરી હતી. બાણભટ્ટે પોતાના ભાઈઓને હર્ષની સિદ્ધિઓ વિશે જણાવવા માટે આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં હર્ષવર્ધનના વંશની સિદ્ધિઓ અને હર્ષવર્ધનના શાસનના પ્રારંભિક વર્ષોની કારકિર્દીનો ઉલ્લેખ છે. આ રચના ઉપરાંત બાણભટ્ટ દ્વારા રચિત નવલકથા *કાદમ્બરી*, હર્ષવર્ધન દ્વારા રચિત ત્રણ નાટકો – *પ્રિયદર્શિકા*, *રત્નાવલી* અને

*નાગાનન્દ* પણ હર્ષવર્ધનયુગીન સમાજ અને સંસ્કૃતિને જાણવા માટે મહત્વના સાધનો છે. એક અન્ય ગ્રંથ *આર્યમંજુશ્રીમૂલકલ્પ* પણ હર્ષયુગીન ઇતિહાસ જાણવાનો મહત્વનો સ્રોત છે. એ બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયનો એક ગ્રંથ છે, જેમાં હર્ષના સમયની કેટલીક ઘટનાઓનું વિવરણ મળે છે.

2. **વિદેશી સાહિત્ય** – હર્ષવર્ધનના સમયમાં જ ચીનથી આવેલા યાત્રી અને બૌદ્ધ ભિક્ષુક હ્યુએનસાંગના વિવરણો સમયુગીન ઇતિહાસ જાણવા માટે મહત્વપૂર્ણ સાધન છે. હ્યુએનસાંગના યાત્રા વિવરણ સી-યૂ-કીના નામે પ્રસિદ્ધ છે. હ્વેનસાંગના એક શિષ્ય હ્યુ-લી દ્વારા હ્યુએનસાંગની જીવની લખવામાં આવી હતી, જે હ્યુએનસાંગના વિવરણો પર આધારિત છે. તે જીવની પણ એક મહત્વપૂર્ણ સ્રોત છે. હર્ષવર્ધનના મૃત્યુના થોડાક વર્ષ પછી એક ચીની બૌદ્ધ યાત્રી ભારત આવે છે. તેના વિવરણો પણ હર્ષયુગીન ઇતિહાસ જાણવા માટે મહત્વના છે.

### 16.3 પુષ્યભૂતિ વંશનો પ્રારંભિક પરિચય :

હર્ષચરિતના વિવરણ અનુસાર શ્રીકણ્ઠ નામક જનપદ (વર્તમાન દિલ્હી અને પંજાબનો વિસ્તાર)માં પુષ્યભૂતિ નામનો રાજા થયો હતો અને તેમને જ આ વર્ધન વંશની સ્થાપના કરી હતી. પુષ્યભૂતિ દ્વારા આ વંશની સ્થાપના કરવામાં આવી હતી એટલે ઇતિહાસકારો આ વંશને પુષ્યભૂતિ વંશ પણ કહે છે. પણ હર્ષયુગીન અભિલેખોમાં પુષ્યભૂતિનો ઉલ્લેખ મળતો નથી. આ અભિલેખોમાં જે વંશાવલિ મળે છે તેમાં નરવર્ધન, રાજ્યવર્ધન (પ્રથમ), આદિત્યવર્દ્ધન અને પ્રભાકરવર્ધનના નામોલ્લેખ છે. આમાં પ્રથમ ત્રણ શાસકોને મહારાજા કહેવામાં આવ્યો છે અને પ્રભાકરવર્ધન માટે મહારાજાધિરાજ લખવામાં આવ્યો છે. એટલે કહી શકાય છે કે પ્રથમ ત્રણ શાસક ગુપ્તોના અથવા તો હૂણોના આધીન શાસક હોઈ શકે અને પ્રભાકરવર્ધને સૌ પ્રથમ સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હશે. પ્રભાકરવર્દ્ધને પોતાની પુત્રી રાજ્યશ્રીના લગ્ન કન્નૌજના શાસક ગ્રહવર્મા સાથે કર્યા હતા. પ્રભાકરવર્ધન પછી તેનો જ્યેષ્ઠ પુત્ર રાજ્યવર્ધન બીજો શાસક બને છે. હર્ષવર્દ્ધન પ્રભાકરવર્ધનનો બીજો પુત્ર હતો. ગૌંડ શાસક શશાંક દ્વારા રાજ્યવર્ધનની કપટપૂર્ણ હત્યા કરવામાં આવી હતી ત્યારબાદ હર્ષવર્ધન પુષ્યભૂતિ વંશનો શાસક બને છે.

### 16.4 હર્ષવર્ધનની રાજકીય સિદ્ધિઓ:

#### 16.4.1 હર્ષવર્ધનનું પ્રારંભિક જીવન અને રાજ્યાભિષેક:

હર્ષવર્ધનનો જન્મ લગભગ ઈ.સ 591માં થયો હતો. તે પુષ્યભૂતિ વંશના શાસક પ્રભાકરવર્ધન અને યશોમતિનો બીજો પુત્ર હતો. પ્રભાકરવર્ધનની મૃત્યુ પછી હર્ષની માતા યશોમતિ સતી થઈ ત્યારે તેનો ભાઈ રાજ્યવર્દ્ધન ઉત્તરપશ્ચિમ પ્રાંતમાં હૂણો સાથે યુદ્ધમાં હતો. રાજ્યવર્ધન પોતે બૌદ્ધ ધર્મમાં માનતો હતો અને રાજ્ય કરવામાં તેને રસ ન હતો. રાજ્યવર્ધન પોતાનો રાજ્ય હર્ષને આપવા માંગતો હતો અને પોતે સન્યાસી બનવા માંગતો હતો. આ જ સમયમાં માલવા નરેશ દેવગુપ્ત દ્વારા ગ્રહવર્માની હત્યા અને રાજ્યશ્રીની કૈદના સમાચાર આવ્યા ત્યારે રાજ્યવર્ધને આ પડકારને સ્વીકાર કરી પોતે સત્તા સંભાળી. માળવા પર આક્રમણ દરમ્યાન રાજ્યવર્ધનની હત્યા ગૌડ઼ નરેશ શશાંક દ્વારા કરવામાં આવી ત્યારે હર્ષવર્ધનને થાનેશ્વરનો શાસક બનાવવામાં આવ્યો. કન્નૌજના શાસક ગ્રહવર્માની હત્યા પછી તેને કોઈ સંતાન ન

હોવાના કારણે કન્નૌજનું સિંહાસન ખાલી હતો. હ્વેનસાંગના કથનાનુસાર હર્ષને કન્નૌજનું સિંહાસન આપવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યારે હર્ષે કન્નૌજના રાજ્યના સંરક્ષક તરીકે શાસનનો સ્વીકાર કર્યો હતો.

**16.4.2 હર્ષવર્ધનની વિજયો:**

1. **શશાંક પર વિજય** – માલવા નરેશ દેવગુપ્ત દ્વારા ગ્રહવર્માની હત્યા કરવામાં આવી ત્યારે બંગાળના ગૌડ઼ શાસક શશાંક તેને સહાયતા કરી હતી. પછી જ્યારે રાજ્યવર્ધને માળવા પર આક્રમણ કર્યુ ત્યારે પણ શશાંકે દગો કરી રાજ્યવર્દ્ધનની હત્યા કરી હતી અને રાજ્યશ્રીને કેદ કરવામાં આવી હતી. શશાંકના આ કૃત્યના કારણે હર્ષ દ્વારા શશાંકની હત્યા કરી બદલો પૂરો કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. હર્ષ અને શશાંક વચ્ચે યુદ્ધ થયું હતું કે નહીં એની સ્પષ્ટ માહિતી નથી. કારણ કે હર્ષચરિતમાં તેનો કોઈ ઉલ્લેખ નથી. હર્ષચરિતમાં રાજ્યવર્દ્ધનની હત્યા પછી હર્ષ દ્વારા બહેન રાજ્યશ્રીની ખોજ માટે વિંધ્યાચલ જવાની વાત છે અને એ ગ્રંથ ત્યાંજ પુરૂં થઈ જાય છે. તેના પછી શશાંક સાથે હર્ષના સંઘર્ષના સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંય મળતા નથી. પણ આર્યમંજુશ્રીમૂલકલ્પના કથાનુસાર હર્ષ દ્વારા શશાંકની રાજધાની ગૌંડ પર આક્રમણ થયું હતું. આ આક્રમણમા કામરૂપના વર્મન્ વંશીય શાસક ભાસ્કરવર્માએ હર્ષની મદદ કરી હતી. હર્ષચરિતના અનુસાર ભાસ્કરવર્મા પણ શશાંકથી ભયભીત હતો. શશાંકનો અંત ક્યારે થયો તેની સ્પષ્ટ જાણકારી મળતી નથી પણ હ્યુંએનસાંગ ઈ.સ 637માં પૂર્વી ભારતની યાત્રા કરી હતી અને તે શશાંકને નજીકના ભૂતયુગનો શાસક બતાવે છે. શશાંકનો ગંજામ અભિલેખ ઈ.સ 619નો છે જેમા શશાંકને મહારાજધિરાજ કહેવામાં આવ્યો છે. એક બીજું તામ્રપત્ર મિદનાપુરથી મળ્યું છે જે ઈ.સ 629નું છે અને જેમાં શશાંકને **श्रीशशांकमहीपातिचतुर्जलधिमेखलाम** કહેવામાં આવ્યો છે એટલે માત્ર શ્રી શબ્દનો પ્રયોગ છે. અર્થાત્ કહી શકાય છે કે ઈ.સ 619થી 629ના વચ્ચેના સમયમાં શશાંકે પોતાની સત્તા ગુમાવી હતી. ઇતિહાસકાર રમેશચંદ્ર મજુમદારનો મત છે કે શશાંકના વિરુદ્ધ હર્ષને સફળતા નથી મળી અને શશાંકના મૃત્યુ પછી જ હર્ષ દ્વારા મગધ અને શશાંકના રાજ્યને પોતાના રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું હતું.

2. **વલ્લભી** – વર્તમાન ગુજરાતમાં આવેલ વલ્લભીના રાજ્યમાં હર્ષના કાલમાં ધ્રુવસેન બીજાનું શાસન હતું. ઈ.સ 706ના જયભટ્ટ ત્રીજાના નવસારી દાનપત્રથી જાણવા મળે છે કે હર્ષવર્ધનને વલ્લભી નરેશ ધ્રુવસેનને હરાવ્યો હતો અને ધ્રુવસેન ગુર્જર નરેશ દદ્દ બીજાના રાજ્યમાં શરણ પ્રાપ્ત કરી હતી. દદ્દ બીજાના બે દાનપત્રો મળ્યા છે જે ઈ.સ. 629 અને 630ના છે. અતઃ આ યુદ્ધ લગભગ ઈ.સ. 630ના આસપાસ થયેલો. દદ્દ બીજો એક નાનકડા રાજ્યનો શાસક હતો અને હર્ષના શત્રુને શરણ આપવી તેની ક્ષમતાના ઉપરની વાત હતી. કેટલાક ઇતિહાસકારો માને છે કે એ દદ્દ બીજો ચાલુક્ય નરેશ પુલકેશિન બીજાનો સામંત હતો. કેમ કે અયહોલ પ્રશસ્તિમાં તેનો ઉલ્લેખ મળે છે. એટલે માનવામાં આવે છે કે દદ્દ બીજા દ્વારા ધ્રુવસેનને આપેલી શરણનું મુખ્ય કારણ પુલકેશિનની સત્તા હતી અને ભવિષ્યમાં પુલકેશિન બીજા સાથે હર્ષનો જે સંઘર્ષ થયો તેમાં વલ્લભીનું યુદ્ધ પ્રમુખ કારણ હતું.

3. **પુલકેશિન બીજા સાથે સંઘર્ષ** – હર્ષવર્ધન અને બાદામીના ચાલુક્ય નરેશ પુલકેશિન બીજા વચ્ચેના સંઘર્ષને ઇતિહાસકારો દ્વારા મહત્વ આપવામાં આવે છે. જો કે આ સંઘર્ષમાં કયા પક્ષનો પૂર્ણ વિજય થઈ આ સંદર્ભમાં ઇતિહાસકારોમાં મતભેદ છે ઉપરાંત આ યુદ્ધના સમય વિશે પણ ઇતિહાસકારો જુદાં-જુદાં મંતવ્ય ધરાવે છે. આ યુદ્ધ વિશે સૌથી વધારે માહિતી પુલકેશિન બીજાના કવિ રવિકીર્તિ જૈન દ્વારા રચિત અયહોલ પ્રશસ્તિમાં મળે છે. આ પ્રશસ્તિમાં પુલકેશિને આ યુદ્ધના વિજેતા તરીકે બતાવવામાં આવ્યો છે. આ પ્રશસ્તિના પ્રમાણે આ યુદ્ધ વિંધ્યાચલ વિસ્તારમાં થયું હતું . આ યુદ્ધના સમય વિશે મુખ્યત્વે બે જુદાં-જુદાં મંતવ્યો છે. પહેલા મંતવ્ય પ્રમાણે આ યુદ્ધ ઈ.સ 612 પહેલા થયું હતું, કારણ કે હ્યુએનસાંગના અનુસારે હર્ષે પોતાના બધા યુદ્ધ અભિયાનો ઈ.સ 612 સુધી પૂરા કર્યા હતા. ઈ.સ 613ના પુલકેશિન બીજાના હૈદરાબાદ દાનપત્રમાં પુલકેશિને અનેક યુદ્ધોના વિજેતા પરમેશ્વર કહેવામાં આવ્યો છે. અંત ફ્લીટ જેવા ઇતિહાસકારો માને છે કે આ યુદ્ધ ઈ.સ 612 સુધીમાં થઈ ગયું હશે. બીજું મંતવ્ય એ. એસ. અલ્તેકરનું છે જેના અનુસાર આ યુદ્ધ ઈ.સ 630થી 634ની વચ્ચે થયું હતું. કારણ કે વલ્લભી સાથે હર્ષનું યુદ્ધ ઈ.સ 630 પહેલાં થયું નથી અને પુલકેશિન સાથે સંઘર્ષ વલ્લભી સાથે યુદ્ધનું જ પરિણામ હતું. એટલે ઈ.સ 630 પહેલાં આ યુદ્ધ શક્ય નથી. ઉપરાંત લોહનારાથી પ્રાપ્ત પુલકેશિન બીજાના એક લેખમાં હર્ષ પર વિજયનો કોઈ ઉલ્લેખ નથી જે ઈ.સ 630નો છે. રવિકીર્તિ જૈનની અયહોલ પ્રશસ્તિ ઈ.સ 634ની છે એટલે 634થી પહેલાં આ યુદ્ધ થઈ ગયું હશે. તો આ યુદ્ધનો સમય ઈ.સ 630 થી 634ની વચ્ચે જ સંભવ છે. આ યુદ્ધમાં હર્ષની વિજયનો ક્યાંય ઉલ્લેખ થયો નથી ઉપરાંત પુલકેશિનની વિજય વિશે અયહોલ પ્રશસ્તિમાં ઉલ્લેખ છે. એ તો સ્પષ્ટ જ છે કે આ યુદ્ધમાં હર્ષને સફળતા મળી નહોતી.

4. **સિંધ** – વલ્લભી પર આક્રમણ પછી હર્ષ દ્વારા સિંધ પ્રદેશ પર આક્રમણ કરવામાં આવ્યું. હર્ષચરિત અને હ્યુએનસાંગના વિવરણોથી જાણવા મળે છે કે હર્ષ દ્વારા સિંધુ પ્રદેશના રાજાને હરાવી ત્યાં સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. હ્યુએનસાંગ જણાવે છે કે સિંધુનો શાસક શુદ્ર હતો અને બૌદ્ધ ધર્મમાં આસ્થા ધરાવતો હતો. હર્ષ દ્વારા ત્યાં ધર્મ વિજય શાસકની નીતિ અપનાવવામાં આવી હતી. હર્ષચરિતમાં હર્ષ માટે **सिन्धुराज ज्वर** વિશેષણનો પ્રયોગ થયો છે.

5. **નેપાળ અને કાશ્મીર** – હર્ષચરિતના ઉલ્લેખ પ્રમાણે કેટલાંક વિદ્વાનો માને છે કે હર્ષ દ્વારા નેપાળનો પણ વિજય કરવામાં આવ્યો હતો, કેમ કે હર્ષચરિતમાં કહેવામા આવ્યું છે કે હર્ષે હિમાચ્છાદિત પ્રદેશોથી પણ કર પ્રાપ્ત કર્યો હતો. ઉપરાતં રાધાકુમુદ મુખરજીના અનુસાર નેપાળમાં હર્ષના સંવતનું પ્રચલન હતું. પણ કેટલાંક વિદ્વાનો આ તર્કને પૂરતું ગણતા નથી અને બર્ફિલા પ્રદેશને કાશ્મીરથી સરખામણી કરે છે. હ્યુએનસાંગની જીવનીના ઉલ્લેખ પ્રમાણે ભગવાન બુદ્ધના એક દાંતને પ્રાપ્ત કરવા માટે હર્ષ કાશ્મીર પણ જાય છે, પણ એ પુરતૂં પ્રમાણ નથી કે હર્ષ દ્વારા કાશ્મીર વિજય કરવામાં આવ્યો.

6. **પૂર્વી પ્રદેશ પર વિજય** – આ પ્રદેશના કેટલાંક વિસ્તાર પર શશાંકનું શાસન હતું. શશાંક વિશે પહેલાં પણ જણાવ્યો છે કે શશાંકની મૃત્યુ પછી હર્ષ દ્વારા તેના વિસ્તારો પર અધિકાર કરવામાં આવ્યો હતો. હ્યુએનસાંગના જીવનીના પ્રમાણે હર્ષ દ્વારા ગંજામ પ્રદેશ પર આક્રમણ

કરી અધિકાર કરવામાં આવ્યો અને જયસેન નામક એક બૌદ્ધ વિદ્વાનને ઓરિસ્સાના 80 ગામડાઓની આવક દાન કરવામાં આવી હતી. ઉપરાંત ઈ.સ 641માં હર્ષે મગધરાજની ઉપાધિ ધારણ કરી હતી. ચીન સાથે થયેલ પત્રવ્યહવારમાં હર્ષ માટે મગધરાજ શબ્દનો પ્રયોગ થયેલો છે.

7. **દક્ષિણ ભારત** – પુલકેશિન બીજા સાથે સંઘર્ષમાં અસફળતા મળ્યા બાદ હર્ષ દ્વારા દક્ષિણમાં કોઈ અભિયાન કરવામાં આવ્યું નથી કે તેના વિશે કોઈ સ્પષ્ટ માહિતી મળતી નથી પણ કેટલાંક વિદ્વાનો માને છે કે હર્ષ દ્વારા દક્ષિણ ભારત સુધી પોતાની સત્તાનો પ્રસાર કરવામાં આવ્યો હતો. શ્રીકાંત શાસ્ત્રીએ મયૂરના એક શ્લોક અને ગદ્દે-મન્નેથી પ્રાપ્ત લેખના આધારે હર્ષ દ્વારા દક્ષિણ ભારત સુધી સામ્રાજ્ય વિસ્તારની વાત કરી છે. મયૂરના શ્લોકમાં હર્ષને કુન્તલ પ્રદેશ, ચોલ રાજ્ય અને કાંચીના પલ્લવ રાજ્યના વિજયનો શ્રેય આપવામાં આવ્યો છે. ઉપરાંત કર્ણાટકના શિમાગા જિલ્લામાં આવેલ ગદ્દેમન્ને નામક લેખમાં હર્ષના સેનાપતિ દ્વારા પલ્લવ શાસક મહેન્દ્રવર્મન સાથે સંઘર્ષની વાત છે. ઉપરોક્ત આધારોને અપૂરતું માનતા ઇતિહાસકારો શ્રીકાન્ત શાસ્ત્રીના આ મતનું ખંડન કરે છે. ગદ્દેમન્નેના લેખમાં ઉલ્લેખિત મહેન્દ્ર કોઈ સ્થાનિક શાસક હોઈ શકે અને આ લેખમાં હર્ષ દ્વારા દક્ષિણ ભારતમાં આવવાનો કોઈ ઉલ્લેખ નથી.

### 16.4.3 હર્ષવર્ધન**નો સામ્રાજ્ય વિસ્તાર**

હર્ષવર્ધનની વિજયોના સંદર્ભમાં પ્રામાણિકતાના અભાવમાં તેના સામ્રાજ્યની સીમાનું નિર્ધારણ કરવું મુશ્કેલ છે. આમ, હર્ષવર્ધનના સામ્રાજ્યમાં ઉત્તરમાં હિમાલયથી દક્ષિણમાં નર્મદ અને વિંધ્યાચલ સુધી અને પૂર્વમાં કામરૂપથી લઈ પશ્ચિમમાં વલ્લભીના રાજ્ય સુધીનો વિસ્તાર ગણી શકાય. હર્ષના વારસાગત રાજ્ય થાનેશ્વરમાં વર્તમાન પંજાબ અને પુર્વી રાજપુતાનું રાજ્ય હતું. ગ્રહવર્માના મૃત્યુ પછી હર્ષ દ્વારા કન્નૌજ પર અધિકાર કરવામાં આવ્યો. પ્રયાગમાં હર્ષ દ્વારા મહામોક્ષપરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ચીની લેખોમાં હર્ષને મગધરાજ કહેવામાં આવ્યો છે. શશાંકના મૃત્યુ પછી બંગાળ અને ઓરિસ્સા પર હર્ષનો અધિકાર થયો હતો. કામરૂપ અને નેપાળ સુધી હર્ષનો પ્રભાવ જોવા મળે છે. ચાલુક્ય લેખોમાં હર્ષને **सकलोत्तरपथनाथ** કહેવામાં આવ્યો છે. આમ હર્ષનું સામ્રાજ્ય લગભગ ઉત્તર ભારતમાં પ્રસરેલુ હતું. ઈ.સ 647માં હર્ષનું મૃત્યુ થયું અને તેનો કોઈ ઉત્તરાધિકારી ન હોવાથી ફરી ઉત્તર ભારતમાં રાજકીય અરાજકતા ફેલાઈ હતી.

## 16.5 **હર્ષવર્ધનની સાંસ્કૃતિક સિદ્ધિઓ** :

**16.5.1. હર્ષયુગીન શિક્ષા** – હર્ષવર્ધન પોતે એક ઉચ્ચકક્ષાનો વિદ્વાન હતો. બાણભટ્ટે અને હ્યુએનસાંગના વિવરણોમાં હર્ષના સમયની શિક્ષાના કેટલાંક ઉલ્લેખો મળે છે જેનાથી સમયુગીન શિક્ષણ વ્યવસ્થાનો ખ્યાલ આવી શકે. શિક્ષણ માટે ગુરૂકુલ, આશ્રમો અને વિહારોની વ્યવસ્થા હતી. ત્યાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. વેદો અને વેદાંગોનો અભ્યાસ પ્રમુખ હતો. વ્યાકરણ, પુરાણ, રામાયણ, મહાભારત આદિનો અભ્યાસ રસનો વિષય હતો. હ્યુએનસાંગ પંચવિદ્યાઓનો ઉલ્લેખ કરે છે – શબ્દ વિદ્યા, શિલ્પસ્થાન વિદ્યા, ચિકિત્સા

વિદ્યા, હેતુ વિદ્યા અને અધ્યાત્મ વિદ્યા. એ બાળકોના પાઠ્યક્રમના અનિવાર્ય અંગ હતા. બ્રાહ્મણો વેદોનો અભ્યાસ કરતા હતા. વૈદિક વિદ્યાલયો ઉપરાંત મઠો અને વિહારોમાં પણ શિક્ષણ આપવામાં આવતું હતું. હર્ષના સમયમાં નાલંદા મહાયાન બૌદ્ધધર્મની શિક્ષાનું એક પ્રમુખ કેન્દ્ર હતું. આચાર્ય શીલભદ્ર, હર્ષના સમયમાં ત્યાંના કુલપતિ હતા. હર્ષ દ્વારા એક સૌ ગ્રામોની આવકનું દાન આ વિહારના ખર્ચ માટે કરવામાં આવ્યું હતું.

**16.5.2. હર્ષયુગીન સાહિત્ય** – હર્ષ પોતે એક સાહિત્યકાર હતો. હર્ષ દ્વારા ત્રણ સંસ્કૃત નાટકોની રચના કરવામાં આવી હતી. હર્ષના સાહિત્યિક જ્ઞાનની પ્રશંસા તેના સમયુગીન અને પશ્ચાતયુગીન વિદ્વાનોએ કરી છે. બાણભટ્ટ હર્ષના કાવ્ય-ચાતુર્યની પ્રશંસા કરે છે. અગિયારમી સદીના કવિ સોઢ્ઢલે પણ પોતાના ગ્રંથ અવન્તિસુન્દરી કથામાં હર્ષના સાહિત્યિક જ્ઞાનની પ્રશંસા કરી છે. ગીતગોવિન્દના રચિયતા જયદેવે તો હર્ષની તુલના ભાસ, કાલિદાસ, બાણ, મયૂર આદિ કવિઓ સાથે કરી છે. ચીની યાત્રી ઇત્સિંગ પણ હર્ષની સાહિત્યિક યોગ્યતાની પ્રશંસા કરી છે. હર્ષ દ્વારા રચિત ત્રણ નાટકો છે – પ્રિયદર્શિકા, રત્નાવલી અને નાગાનંદ પ્રિયદર્શિકા ચાર અંકોનું નાટક છે, જેમાં વત્સરાજ ઉદયન અને પ્રિયદર્શિકાની પ્રણયગાથા છે. રત્નાવલી પણ એક પ્રણયગાથા છે જે વત્સરાજ ઉદયન અને તેની રાણી વાસવદત્તાની પરિચાયિકા નાગરિકા વચ્ચેના પ્રણયનો ઉલ્લેખ કરે છે. નાગાનંદ નાટકમાં પાંચ અંક છે. એ એક બૌદ્ધ ધર્મ પ્રભાવિત નાટક છે. જેમાં જીમૂતવાહન નામક એક રાજકુમારની કથા વર્ણિત છે. હર્ષ પોતે સાહિત્યકાર હતો અને પોતાના દરબારમાં વિદ્વાનોને પણ સંરક્ષણ આપ્યું હતું. હર્ષચરિત અને કાદમ્બરીના રચયિતા પ્રસિદ્ધ વિદ્વાન બાણભટ્ટ હર્ષના દરબારી કવિ હતા. સૂર્યશતકના રચયિતા મયૂર અને વિદ્વાન માતંગદિવાકર પણ હર્ષના દરબારની શોભા વધારતા હતા. કુમારિલભટ્ટ, પ્રસિદ્ધ ગણિતજ્ઞ અને બ્રહ્મસિદ્ધાન્તના રચયિતા બ્રહ્મગુપ્ત પણ હર્ષના સમયુગીન હતા.

**16.5.3 હર્ષયુગીન ધર્મ** –

હર્ષના પૂર્વજો ભગવાન શિવ અને સૂર્યના ઉપાસક હતા. હર્ષચરિતના અનુસારે શશાંક પર આક્રમણ કરતા પહેલા હર્ષે શિવપૂજા કરી હતી. તેની સાથે એ પણ જાણવા મળે છે કે હર્ષની રૂચિ બૌદ્ધધર્મમાં પણ હતી. વિંધ્યાચલમાં બૌદ્ધ ભિક્ષુ દિવાકરમિત્ર સાથે સાક્ષાત્કાર અને હ્યુએનસાંગ સાથે મુલાકાત પછી તેનું વલણ બૌદ્ધધર્મ પ્રત્યે વધારે ગાઢ થયું. બૌદ્ધધર્મની મહાયાન શાખાને રાજ્યાશ્રય આપ્યો હતો. હર્ષ દ્વારા બૌદ્ધધર્મના વિકાસ માટે કન્નૌજ અને પ્રયાગમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્નૌજની સભામાં હ્યુએનસાંગ પોતે હાજર હતો. આ સભામાં 3000 મહાયાન અને હીનયાનના બૌદ્ધ ભિક્ષુક, 3000 બ્રાહ્મણ અને 1000 જેટલા બૌદ્ધ વિદ્વાન નાલંદા વિશ્વવિદ્યાલયથી સામેલ થયા હતા. આ સભા 23 દિવસ સુધી ચાલી હતી. આ સભામાં મહાયાન સંપ્રદાયનો એકતરફી પ્રચાર કરવામાં આવ્યો હતો જેનાથી કેટલોક લોકો નારાજ થયા હતા. આ જ સભામાં લોકોની નારાજગીના કારણે અંતિમ દિવસે સભામાં આગ લાગી અને હર્ષની હત્યાનો પ્રયાસ પણ થયો હતો. પરિણામ સ્વરૂપે હર્ષે લગભગ 500 જેટલા બ્રાહ્મણોને દેશ છોડવાનો આદેશ આપ્યો હતો. આ જ વર્ષે પ્રયાગમાં પણ એક મોક્ષ-પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભા હર્ષની છઠી સભા હતી. કુલ 75 દિવસ

સુધી આ સભા ચાલી હતી. સભાની શરૂઆતના દિવસે હર્ષ દ્વારા ભગવાન બુદ્ધની, બીજા દિવસે સૂર્ય ભગવાનની અને ત્રીજા દિવસે શિવ ભગવાનની પૂજા કરવામાં આવી હતી. આ સભામાં પાંચ લાખ વિદ્વાનો અને 18 જેટલા રાજાઓ ઉપસ્થિત થયા હતા. હર્ષ દ્વારા મહાયાન સંપ્રદાયને પ્રાધાન્ય આપાયું હતું પણ તે સમયમાં ભારતમાં બ્રાહ્મણ ધર્મ પ્રમુખ ધર્મ હતો. હ્યુએનસાંગ પણ ભારતને બ્રાહ્મણોનો દેશ કહે છે. હ્યુએનસાંગ અનેક જગ્યાએ હિંદુ મંદિરો જોયા હતા. કન્નૌજમાં વિષ્ણુ, શિવ અને સૂર્ય મંદિર, બનારસમાં શિવ મંદિર, કપિલવસ્તુ અને બોધગયામાં પણ મંદિરો જોયાં હતા.

- **તમારી પ્રગતિ ચકાસો –**

1. હર્ષવર્દ્ધનના યુગના ઇતિહાસ જાણવાના સાધનોની વિસ્તૃત ચર્ચા કરો.
2. પુષ્યભૂતિ વંશના પ્રારંભિક ઇતિહાસની ચર્ચા કરો.
3. હર્ષ અને શશાંકના સંબંધોની ચર્ચા કરો.
4. હર્ષ અને પુલકેશિન બીજાના સંઘર્ષની ચર્ચા કરો.

## 16.6 સારાંશ :

ગુપ્તવંશની પડતી પછી ઉત્તર ભારતમાં જે રાજનીતિક અરાજકતા સર્જાઈ હતી તેને રોકવાનું કાર્ય એક સ્તર સુધી હર્ષવર્દ્ધનના સમયકાલમાં થયું હતું. જ્યારે ઉત્તર ભારતમાં વિભિન્ન સત્તાઓ પોતાના સ્વાર્થના લીધે એક બીજા સાથે સંઘર્ષરત હતી ત્યારે થાનેશ્વરના એક નાનકડા રાજ્યને ઉત્તર ભારતની પ્રમુખ સત્તા તરીકે બનાવવા અને કન્નૌજની ખાલી પડેલી સત્તાને પુનર્જીવિત કરવાનું કાર્ય હર્ષવર્ધને કર્યું હતું. ગુપ્તોના સમયમાં મગધ ઉત્તર ભારતનો કેંદ્ર ગણાતું હતું. હર્ષના સમયમાં આ કેન્દ્ર બદલીને કન્નૌજ લઈ ગયો હતો. હિમાલયથી વિંધ્યાચલ અને સુરાષ્ટ્રથી બ્રહ્મપુત્ર નદી સુધીના સમસ્ત વિસ્તાર પર હર્ષવર્ધનનું શાસન હતું. હર્ષવર્ધન માત્ર એક વિજેતા તરીકે જ નહીં પણ એક સાહિત્યકાર અને એક ધાર્મિક વ્યક્તિ તરીકે પણ ઓળખાય છે. પોતે શ્રેષ્ઠ નાટકોની રચના કરી, શ્રેષ્ઠ વિદ્વાનોને સંરક્ષણ આપ્યું, બૌદ્ધ ધર્મના વિકાસ માટે કેટલાંક પ્રયાસો કર્યા અને બીજા ધર્મોને પણ મહત્વ આપ્યું. હર્ષના મૃત્યુ પછી ફરીથી ઉત્તર ભારતમાં એક ખાલીપો સર્જાયો અને તેના પછી આવનાર છ-સાત સદીઓ સુધી ક્યારેય સમસ્ત ઉત્તર ભારત એક સત્તા હેઠળ નથી રહ્યું.

## 16.7 શબ્દાવલિ :

1. તામ્રપત્રાભિલેખ – તાંબાના પત્રા પર કોતરેલ લેખ
2. મૃણમુદ્રાભિલેખ – માટીના સિક્કા પર કોતરેલ લેખ
3. તામ્રમુદ્રાભિલેખ – તાંબાના સિક્કા પર કોતરેલ લેખ

## 16.8 સંદર્ભ :

1. પાણ્ડેય વિમલચંદ્ર, 'પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઇતિહાસ' ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઇલાહાબાદ, 2001 (પંચમ સંશોધિત સંસ્કરણ)
2. પાઠક વિશુદ્ધાનન્દ, 'ઉત્તર ભારત કા રાજનૈતિક ઇતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ,1982

3. મજૂમદાર રમેશચન્દ્ર, 'પ્રાચીન ભારત', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1995
4. મુખર્જી આર.કે., 'હર્ષ', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1965 (તૃતીય સંસ્કરણ)
5. બેંજામિન બી.એન., 'મૌખરિયુગીન ઉત્તર ભારત', કુસુમાંજલિ પબ્લિશિંગ હાઉસ, જોધપુર, 1993
6. ત્રિપાઠી, રમાશંકર, 'પ્રાચીન ભારત કા ઇતિહાસ', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1971 (છઠા સંસ્કરણ)
7. શ્રીવાસ્તવ કે.સી., 'પ્રાચીન ભારત કા ઇતિહાસ' તથા સંસ્કૃતિ, 1990
8. ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, 'ભારતીય ઇતિહાસ કોશ', ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ, 2004 (ચતુર્થ સંસ્કરણ)
9. ચોપરા પી.એન. (સંપા.), 'ભારતનું ગઝેટિયર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, 2001
10. અગ્રવાલ વાસુદેવશરણ, 'હર્ષચરિતઃ એક સાંસ્કૃતિક અધ્યયન', બિહાર રાષ્ટ્રભાષા પરિષદ, પટણા, 1964
11. પાણ્ડેય રાજનાથ, 'કાદમ્બરી પરિચય', લક્ષ્મી પ્રકાશન મંદિર ગોરખપુર, 1944
12. સહાય શિવસ્વરૂપ, 'ભારતીય પુરાલેખોં કા અધ્યયન', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 2000 (તૃતીય સંશોધિત સંસ્કરણ)

# એકમ 17 સાહિત્ય, કળા, શિક્ષણ, સ્થાપત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે ગુપ્ત અને અનુગુપ્ત યુગનું પ્રદાન

રૂપરેખા

17.0 ઉદ્દેશો
17.1 પ્રસ્તાવના
17.2 ગુપ્તયુગ
17.2.1 પરિચય
17.2.2 ગુપ્તયુગીન સાહિત્ય
17.2.3 ગુપ્તયુગીન કળા
17.2.4 ગુપ્તયુગીન શિક્ષણ
17.2.5 ગુપ્તયુગીન વિજ્ઞાન
17.3 અનુગુપ્તયુગ
17.3.1 પરિચય
17.3.2 અનુગુપ્તયુગીન સાહિત્ય
17.3.3 અનુગુપ્તયુગીન કળા
17.3.4 અનુગુપ્તયુગીન શિક્ષણ
17.3.5 અનુગુપ્તયુગીન વિજ્ઞાન
તમારી પ્રગતિ ચકાસો
17.4 સારાંશ
17.5 શબ્દાવલિ
17.6 સંદર્ભ

**17.0 ઉદ્દેશો :**

આ એકમના ઉદ્દેશ્યમાં સાહિત્ય, કળા, સ્થાપત્ય, શિક્ષા અને વિજ્ઞાનના ક્ષેત્રે ગુપ્તયુગ અને અનુગુપ્તયુગના પ્રદાનનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે –

- ગુપ્તયુગીન સંસ્કૃતિથી પરિચિત થશો.
- ગુપ્તયુગને સુવર્ણયુગ કહેવામાં આવે છે તે અંગે માહિતગાર થશો.
- અનુગુપ્તયુગીન સંસ્કૃતિ વિશે સમજ કેળવશો.

**17.1 પ્રસ્તાવનાઃ**

ભારતીય ઇતિહાસમાં ગુપ્તયુગને સુવર્ણયુગ, ક્લાસિકીયુગ, પેરીક્લીનયુગ અને ભારતીય સંસ્કૃતિનો પુનરૂત્થાનનો યુગ માનવામાં આવે છે. વિવિધ ઇતિહાસકારો આ યુગ વિશે પોતાના વિવિધ મંતવ્યો રજૂ કરે છે. એ બધી સંજ્ઞાઓ માત્ર ગુપ્તયુગના શાસકોની રાજકીય સિદ્ધિઓના આધારે આપવામાં નથી આવી પરંતુ આ સમયમાં થયેલા સાંસ્કૃતિક વિકાસના આધારે આ યુગને વિશિષ્ટ રીતે ગણવામાં આવે છે. ત્રીજી સદીથી છઠી સદી સુધી ઉત્તર ભારતના મહત્તમ વિસ્તારમાં ગુપ્ત શાસકોનું અધિપત્ય હતુ. આ ત્રણ સદીઓમાં ગુપ્ત શાસકો પોતાની સત્તા દક્ષિણ ભારતના વિસ્તારો સુધી પણ વિસ્તારેલી પણ તે કાયમ રહી શકી નથી. છતાં ઉત્તર ભારતમાં તો ગુપ્ત શાસકોનો પ્રભાવ લગભગ ત્રણ સદિઓ સુધી રહ્યો હતો. અને આ ત્રણ સદીઓમાં આ વિસ્તારમાં સાહિત્ય, કળા, સ્થાપત્ય, શિક્ષા અને વિજ્ઞાનમાં જે પ્રગતિ થઈ તેના આધારે જ કેટલાંક ઇતિહાસકારો ગુપ્તયુગને સુવર્ણયુગ તરીકે ગણાવે છે અને કેટલાંક ઇતિહાસકારો ક્લાસિકી યુગ તરીકે ગણાવે છે. તેઓ મને છે કે આવી પ્રગતિ આ પહેલાં ક્યારેય જોવા મળી નથી, અને કેટલાંક ઇતિહાસકારો આ યુગને ભારતીય સંસ્કૃતિના પુનરૂત્થાન યુગ રીતે પણ જણાવે છે; કેમ કે, મૌર્ય યુગ પછી જે રાજકીય વિઘટન થયું અને તેના પછી વિદેશી આક્રમણો અને તેના પ્રભાવનો યુગ હતો. ગુપ્ત શાસકો દ્વારા ફરીથી મગધમાં એક સામ્રાજ્યની સ્થાપના કરીને ભારતીય સંસ્કૃતિની પુનઃસ્થાપના કરી હતી. આ એકમમાં ગુપ્તયુગ દરમ્યાન સાહિત્ય, કળા, સ્થાપત્ય, શિક્ષા અને વિજ્ઞાનમાં જે પ્રગતિ થઈ તેની હવે ચર્ચા કરીશું.

ગુપ્તયુગ પછી ભારતીય ઇતિહાસમાં ફરીથી એક વાર રાજકીય વિખંડનનો યુગ આવે છે. જેને રાજપૂત યુગ રીતે પણ ઓળખવામાં આવે છે. આ યુગમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં વિવિધ રાજવંશોએ પોતાની સત્તાઓ સ્થાપી અને પોતાની સત્તાને સ્થાઈ અને તેના વિસ્તરણ માટે પરસ્પર સંઘર્ષરત રહ્યા હતા. આ યુગ ભારતીય ઇતિહાસમાં પ્રાચીનયુગ અને મધ્યયુગ વચ્ચેનો સંક્રમણનો યુગ ગણી શકાય. આ યુગને ઇતિહાસકારો સામંતવાદના ઉદયના યુગ રીતે પણ માને છે. આ યુગમાં સાહિત્ય, કળા, સ્થાપત્ય, શિક્ષા અને વિજ્ઞાનનો વિકાસ ગુપ્તયુગ કરતા જુદી રીતે થયો હતો. ગુપ્તયુગમાં જેમ દરેક રીતે સંસ્કૃતિમાં એક સરળતા, સહજતા, પ્રવાહ અને ઉત્કૃષ્ટતા જોવા મળે છે, અનુગુપ્તયુગમાં ભોગવાદ, વિલાસિતા, શ્રૃંગાર-પ્રધાનતા અને અતિશય અલંકારિકતા જોવા મળે છે. આ એકમમાં અનુગુપ્તયુગમાં થયેલ સાહિત્ય, કળા, શિક્ષા, સ્થાપત્ય અને વિજ્ઞાનની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવશે.

**17.2 ગુપ્તયુગ :**

**17. 2.1 પરિચયઃ-**

ગુપ્તવંશની સ્થાપના ઈ.સ. 275માં શ્રીગુપ્ત દ્વારા કરવામાં આવી હતી. ગુપ્તોના કયાંક અભિલેખોમાં શ્રીગુપ્તને પ્રથમ શાસક ગણાવ્યો છે. ગુપ્તોની સત્તાના પ્રસારનો શ્રેય ચંદ્રગુપ્ત પ્રથમને આપવામાં આવે છે. જેનો સમય ગાળો ઈ.સ.319 થી 350 સુધી માનવામાં આવે છે. ગુપ્તવંશના શાસકોએ મગધ પર લગભગ ઈ.સ. 550 સુધી શાસન ઉતરાર્ધ કર્યો હતો. આમ, ત્રીજી સદીના ઉત્તરાર્દ્ધથી છઠી સદીના મધ્ય સુધીનો સમયગાળો ભારતીય ઇતિહાસમાં ગુપ્તયુગ

રીતે ઓળખવામાં આવે છે. આ યુગનો સાહિત્ય, કળા, શિક્ષા, સ્થાપત્ય, વિજ્ઞાનના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન રહ્યો છે.

**17.2.2 ગુપ્તયુગીન સાહિત્ય**

ગુપ્તયુગમાં થયેલા સાહિત્યિક વિકાસના લીધે કેટલાંક ઇતિહાસકારો આ યુગની સરખામણી ગ્રીક ઇતિહાસના પેરિક્લિયન યુગ અને બ્રિટિશ ઇતિહાસના એલિજાબેથના યુગ સાથે કરે છે. આ યુગમાં સાહિત્યનો જે વિકાસ થયો તે વિવિધતાભર હતો. માત્ર એક કે બે વિદ્યાશાખાઓ અથવા તો વિષયોમાં નથી પણ લગભગ દરેક વિષયોને લગતા સાહિત્યનો સૃજન આ યુગમાં થયું હતું. ગુપ્ત શાસકો પોતે વિદ્વાન હતા અને વિદ્વાનોને આશ્રય પણ આપતા હતા. આ યુગ સંસ્કૃત ભાષાના પુનરૂત્થાનનો યુગ પણ ગણવામાં આવે છે. વૈદિક સાહિત્ય પછી આ યુગમાં જ સંસ્કૃત ભાષાની શ્રેષ્ઠ રચનાઓ જોવા મળે છે. આ યુગમાં સંસ્કૃતનો વિકાસ અને પ્રસાર ત્યાં સુધી થયો હતો કે બૌદ્ધધર્મને લગતા ગ્રંથો પણ હવે સંસ્કૃતમાં લખાયા. ગુપ્તયુગમાં જે સાહિત્યની રચના થઈ તે ફક્ત નાટકો અથવા કાવ્યોની જ રચના નથી થઈ; પરંતુ, વિવિધ વિષયોમાં અનેક ગ્રંથોની રચના થઈ હતી. બ્રાહ્મણ અને બૌદ્ધધર્મના ગ્રંથોની, તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, આખ્યાનો, વિજ્ઞાનને લગતા ગ્રંથો વગેરે અનેક વિષયોમા પર્યાપ્ત સાહિત્યની રચના થઈ હતી.

ગુપ્તયુગમાં બ્રાહ્મણ ધર્મમાં કેટલાંક પુરાણો અને સ્મૃતિગ્રંથોની રચના થઈ હતી. વિષ્ણુ, વાયુ, માર્કન્ડેય, બ્રહ્માંડ અને ભાગવત પુરાણોની રચનાનો સમય ચોથી અને છઠ્ઠી સદી વચ્ચેનો માનવામાં આવે છે. કેમ કે આ પુરાણોમાં ગુપ્તવંશના શાસકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી એ પુરાણો ગુપ્તયુગ દરમ્યાન રચિત થયા આમ માની શકાય છે. ઉપરાંત સ્મૃતિગ્રંથોમાં નારદ સ્મૃતિ, કાત્યાયન સ્મૃતિ અને બૃહસ્પતિ સ્મૃતિની રચના મુખ્યત્વે ગુપ્તકાલમાં કરવામાં આવી હતી. ઇતિહાસકારો વ્યાસ સ્મૃતિ અને પારાશર સ્મૃતિને પણ ગુપ્તયુગની માને છે. ગુપ્તયુગ દરમ્યાન સ્મૃતિઓ પર ટીકાઓની રચના પણ થઈ હતી.

ગુપ્તયુગમાં બૌદ્ધધર્મને લગતા ગ્રંથોની પણ રચના કરવામાં આવી હતી; જેમાં, મુખ્યત્વે અસંગ કૃત 'યોગાચાર ભૂમિશાસ્ત્ર', 'પ્રકરણ આર્યવાચા', 'મહાયાનસૂત્રાલંકાર', 'વજ્રઘેટિકા ટીકા', 'મહાયાન સંપરિગ્રહ' અને 'મહાયાનભિધર્મ સંગીતશાસ્ત્ર', દિગ્નાગ નામક બૌદ્ધ વિદ્વાને પ્રમાણ 'સમુચ્ચય' નામકે ગ્રંથની રચના કરી, ચંદ્રગોમિન દ્વારા ચંદ્ર-વ્યાકરણની રચના કરવામાં આવી અને બૌદ્ધ વિદ્વાન વસુબંધુ દ્વારા પરમાર્થસપ્તતિ નામક ગ્રંથની રચના કરવામાં આવી તેના ઉપરાંત વસુબંધુ દ્વારા મહાયાન અને હીનયાન દર્શન પર ગ્રંથોની રચના કરવામાં આવી હતી. વસુબંધુ સમુદ્રગુપ્તનો સમયુગીન હતો. જૈન આગમ ગ્રંથ આ યુગમાં જ લિપિબદ્ધ થયા હતા. સિદ્ધસેન, દિવાકર, જિનભદ્રગણિ, સિદ્ધસેનગણિ, સમન્તભદ્ર અને દેવનંદ જૈનાચાર્યો આ યુગમાં થયા હતા.

તત્ત્વજ્ઞાનને લગતા કેટલાંક પ્રમુખ ગ્રંથોની રચના ગુપ્તયુગ દરમ્યાન થઈ હતી. ન્યાયદર્શનના પ્રવર્તક અક્ષપાદ ગૌતમનો સમય પાંચમી સદીનો માનવામાં આવે છે. ન્યાયદર્શન પર ભાષ્યની રચના પક્ષિલસ્વામી દ્વારા કરવામાં આવી હતી જે કદાચ ચંદ્રગુપ્ત પ્રથમના સમયુગીન હતા. ઉદ્યોતકર દ્વારા ન્યાયવાર્તિકની રચના ભાનુગુપ્તના સમયમાં કરવામાં આવી હતી. વૈશેષિક

દર્શનમાં પ્રશસ્તપાદ દ્વારા પદાર્થ-ધર્મ-સંગ્રહ નામક ભાષ્યની રચના ગુપ્તયુગનું જ પ્રદાન છે. સાંખ્યદર્શન પર મૌલિક ભાષ્યોની રચના ગુપ્તયુગમાં થઈ હતી; જેમાં, ઈશ્વરકૃષ્ણ કૃત 'સાંખ્યકારિકા', માઠર કૃત 'માઠરવૃત્તિ' અને ગૌડ઼પાદાચાર્ય કૃત 'સાંખ્યકારિકા-ભાષ્ય' પ્રમુખ છે. યોગદર્શનમાં તેના ભાષ્યકાર વ્યાસ દ્વારા 'વ્યાસભાષ્ય' ની રચના ગુપ્તયુગનું જ પ્રદાન છે.

ગુપ્તયુગ સંસ્કૃત સાહિત્યનો સુવર્ણયુગ મનાય છે. તેમાં કેટલાંક નાટકો અને કાવ્યગ્રંથોની રચના થઈ હતી, જે સંસ્કૃત સાહિત્યના પ્રતિનિધિ ગ્રંથો ગણવામાં આવે છે. કાલીદાસ ગુપ્તયુગના પ્રમુખ સાહિત્યકાર હતા જેણે 'ઋતુસંહાર', 'મેઘદૂત', 'કુમારસંભવ' અને 'રઘુવંશ કાવ્યો' અને 'માલવિકાગ્નિમિત્ર', 'વિક્રમોર્વશિયમ' અને 'અભિજ્ઞાનશાકુન્તલમ' નાટકોની રચના કરી હતી. ભારવિ કૃત 'કિરાતાર્જુનિયમ', ભટ્ટિ કૃત 'ભટ્ટિકાવ્ય', ભતૃમેણ્ઠ કૃત 'હયગ્રીવવધ', શુદ્રક કૃત 'મૃચ્છકટિક', વિષ્ણુશર્મા કૃત 'પંચતંત્ર', વિશાખદત્ત કૃત 'મુદ્રારાક્ષસ' અને 'દેવીચંદ્રગુપ્તમ', અમરસિંહ કૃત 'અમરકોષ', સુબંધુ કૃત 'સુબંધુ-ગદ્યકાર', દંડીકૃત 'કાવ્યદર્શ', ભામહ કૃત 'કાવ્યાલંકાર', વરરુચિ કૃત 'પ્રાકૃત-પ્રકાશ', ગુણાઢ્ય કૃત 'બૃહત્કથા' વગેરે રચનાઓ કાવ્ય અને અલંકારશાસ્ત્રને લગતી પ્રમુખ રચનાઓ હતી.

વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા કેટલાંક ગ્રંથોની રચના પણ ગુપ્તયુગ દરમ્યાન કરવામાં આવી હતી. જેમાં આર્યભટ્ટ કૃત 'આર્યભટીયમ', વાગ્ભટ કૃત 'અષ્ટાંગસંગ્રહ', વરાહમિહિર કૃત 'બૃહત્સંહિતા', 'વૃહજ્જાતક', 'લઘુજાતક' અને 'પંચસિદ્ધાન્તિકા', બ્રહ્મગુપ્ત કૃત 'બ્રહ્મસિદ્ધાન્ત', કલ્યાણ વર્મા કૃત 'સારાવલી', ધન્વંતરી કૃત 'નવનીતકમ્', પલકાપ્વ કૃત 'હસ્ત્યાયુર્વેદ' આદિ રચનાઓ પ્રમુખ છે.

ગુપ્તયુગ દરમ્યાન કેટલીક પ્રશસ્તિઓની રચના પણ કરવામાં આવી હતી, જેમાં હરિષેણ કૃત 'પ્રયાગ પ્રશસ્તિ', શોબ અથવા વીરસેનની રચના 'ઉદયગિરી પ્રશસ્તિ', વત્સભટ્ટિ દ્વારા મંદસોર સ્તંભ લેખ અને વાસુલની મંદસોર પ્રશસ્તિ પ્રમુખ છે.

**17.2.3 ગુપ્તયુગીન કળા**

જેમ સાહિત્યના ક્ષેત્રમાં ગુપ્તયુગ ક્લાસિકી અથવા સુવર્ણયુગ ગણવામાં આવે છે તેમજ કળાના ક્ષેત્રમાં પણ ગુપ્તયુગમાં જે પ્રગતિ થઈ તેના આધારે તેને સુવર્ણયુગ કહેવાય છે. લલિતકળાના ત્રણેય ક્ષેત્રો – સ્થાપત્ય, મૂર્તિકળા અને ચિત્રકળામાં ગુપ્તયુગમાં અભૂતપૂર્વ વિકાસ થયો. ઉપરાંત સંગીત, નૃત્ય અને અભિનયકળામાં પણ આ યુગનું મહત્વનો પ્રદાન છે. મથુરા, કાશી અને પાટલીપુત્ર (પટણા) ગુપ્તયુગીન કળાના પ્રમુખ કેન્દ્રો હતા. ગુપ્તયુગીન કળામાં પરિષ્કરમ અને સંયમનો સંયોગ જોવા મળે છે. રૂપસૌંદર્ય, આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો સંગમ ગુપ્તકળામાં જોઈ શકાય છે.

કળાના ક્ષેત્રમાં ગુપ્તયુગમાં જે કળાનો સૌથી વધારે વિકાસ થયો તે સ્થાપત્ય કળા હતી. પણ દુર્ભાગ્યવશ સ્થાપત્યકળાના ક્ષેત્રમાં ગુપ્તયુગની સિદ્ધિઓનાં અવશેષો વર્તમાનમાં બહુ ઓછાં જોવાં મળે છે. મધ્યયુગમાં થયેલા સંઘર્ષો અને મૂર્તિભંજનના કૃત્યોના લીધે ઉત્તર ભારતમાં એવાં ઘણાં સ્થાપત્યો નષ્ટ થયાં. ભારતમાં મંદિર નિર્માણની શરૂઆત ગુપ્તયુગમાં થાય છે જે ગુપ્તયુગીન સ્થાપત્યકળાના સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે. આ સમયના મંદિરો લગભગ પ્રસ્તરના

બનેલાં છે, મંદિરોના શીર્ષ પર શિખર બનાવવામાં આવતું હતું, મંદિરોનો પ્રવેશદ્વાર અલંકૃત અને સુસજ્જિત છે, ગર્ભગૃહ, દેવ-પ્રતિમાનું ચોક્કસ સ્થાન, મંડપ, પ્રદક્ષિણા પથ, મંદિરોના ચારેબાજૂ પગથિયાં આદિ આ સમયના મંદિર-સ્થાપત્યની મુખ્ય વિશેષતાઓ હતી. ગુપ્તયુગીન પ્રમુખ મંદિરોમાં ભુમરાનું શિવ મંદિર, તિગાંવાનું વિષ્ણુ મંદિર, નાચનાકુઠારનું પાર્વતી મંદિર, દેવગઢ઼નું દશાવતાર મંદિર, ખોહનું મંદિર, ભીતરગોવનું મંદિર, લાડખાનનું મંદિર, સિરપુરનું લક્ષ્મણ મંદિર, ઉદયગિરીનું વિષ્ણુ મંદિર આ પ્રમુખ મંદિર છે જે સ્થાપત્યકળાના શ્રેષ્ઠ ઉદાહરણ છે. મંદિરોના અતિરિક્ત કેટલાંક બૌદ્ધ વિહારો, ચૈત્યો, સ્તૂપો અને ગુફાઓનું નિર્માણ પણ ગુપ્તયુગમાં થયું હતું. સારનાથનો ધમેક સ્તૂપ, સાંચીનું બૌદ્ધ મંદિર, જોલિયાં, ચાર્સડ્ડા, પુષકલવતી અને મોહરા મરાડૂના બૌદ્ધ સ્તૂપ અને વિહાર ગુપ્તયુગીન છે. અજંતાની ગુફાઓ, બાધની ગુફાઓ, મુગલરાજપુરમ, ઉણ્ડવલ્લી અને અક્કાન્નામદન્નાની ગુફાઓ પણ ગુપ્તયુગીન સ્થાપત્યના ઉદાહરણ છે.

ગુપ્તયુગમાં મૂર્તિકળાનો પર્યાપ્ત વિકાસ થયો હતો. ગુપ્તયુગીન મૂર્તિકળામાં પણ બૌદ્ધ અને જૈન ધર્મની નિરીશ્વરવાદિતા અને બ્રાહ્મણ ધર્મના પુનરૂત્થાનની ઝલક જોવા મળે છે. આ સમયમાં સારનાથમાં નિર્મિત મૂર્તિઓ ગાંધાર શૈલીથી મુક્ત થઈ. આ સમયની નિર્મિત વર્તમાનમાં મથુરા સંગ્રહાલયમાં સ્થાપિત બુદ્ધની મૂર્તિ, ઇંગ્લેંડના બરમિંઘમ સંગ્રહાલયમાં સ્થાપિત તામ્રની મૂર્તિ અને સારનાથની બુદ્ધની પ્રતિમા ઉલ્લેખનીય છે. આ યુગમાં વૈષ્ણવ ધર્મનો પર્યાપ્ત વિકાસ થયો હતો. કેટલાંક અભિલેખોમાં ગુપ્તયુગમાં નિર્મિત પ્રતિમાઓ વિશે જાણવા મળે છે. મહરૌલી સ્તંભલેખમાં વિષ્ણુસ્તંભ સ્થાપિત કરવાનો ઉલ્લેખ છે, ભિતરી લેખમાં ભગવાન વિષ્ણુની મૂર્તિની સ્થાપનાનો ઉલ્લેખ છે. મથુરા, દેવગઢ઼ અને એરણથી પ્રાપ્ત વિષ્ણુ ભગવાનની મૂર્તિઓ ગુપ્તયુગીન મૂર્તિકળાના શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિષ્ણુના અવતારમાં વરાહની મૂર્તિઓ ઉદયગિરીની ગુફામાં અને એરણમાં જોવા મળે છે. શિવની મૂર્તિઓ પણ ગુપ્તયુગમાં મળે છે. કરમદણ્ડાથી પ્રાપ્ત ચતુર્મુખી અને ખોહથી પ્રાપ્ત એકમુખી શિવલિંગ ઉલ્લેખનીય છે. ભૂમરાના મંદિરમાં યમ, સૂર્ય, બ્રહ્મા, ગણેશ, ઇન્દ્ર આદિની મૂર્તિઓ મળે છે જે ગુપ્તયુગીન મૂર્તિકળાના શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગુપ્તયુગમાં ચિત્રકળાનો પણ પર્યાપ્ત વિકાસ થયો હતો. ચિત્રકળાના ઉદાહરણ ગુપ્તયુગ પહેલાં બહુ ઓછાં જોવા મળે છે. ગુપ્તયુગીન ચિત્રકળાના શ્રેષ્ઠ ઉદાહરણ અજંતા અને બાધની ગુફાઓમાં બનેલાં ચિત્રો છે. મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં આવેલ અજંતાની ગુફાઓમાં ગુપ્તયુગીન ચિત્રકળાના શ્રેષ્ઠ નમૂના જોઈ શકાય છે. વર્તમાનમાં અજંતામાં કુલ છ ગુફાઓમાં જ ચિત્ર છે. જેમાં ગુફા નંબર સોળ અને સત્તરમાં જે ચિત્રો છે તે ગુપ્તયુગીન છે. ગુફા નંબર સોળમાં આવેલા મરણાસન્ન રાજકુમારીનો ચિત્ર સૌથી સુંદર ચિત્ર છે. ગુફા નંબર સત્તરમાં આવેલ ચિત્રો વિવિધ વિષયો પર છે જેને ચિત્રશાળા કહેવામાં આવે છે. વધુમાં તે ચિત્રો બુદ્ધના જીવન પર આધારિત છે, જેમાં મહાત્મા બુદ્ધના જન્મ, મહાભિનિષ્ક્રમણ અને મહાપરિનિર્વાણની ઘટનાઓ અંકિત છે. આ ગુફામાં સૌથી વધારે જાતક કથાઓનું ચિત્રણ થયું છે. જેમાં મહાકપિ જાતક, હંસજાતક, હસ્તિજાતક, છંદની જાતક, મહાસુતસોમ જાતક, શિવિજાતક આદિની કથાઓનું ચિત્રણ

થયું છે. અજંતાની જેમ જ મધ્યપ્રદેશની બાઘ ની પર્વતમાળાઓમાં ગુફાઓ બનાવવામાં આવી હતી જે ગુપ્તયુગની છે. બાઘનાં પર્વતોમાં કુલ ૯ ગુફાઓ છે. જેમાં ચોથી અને પાંચમી ગુફાઓમાં બનેલાં ચિત્રો મહત્વના ગણવામાં આવે છે. બાઘની ગુફાઓના ચિત્રો અજંતાના ચિત્રોથી ભિન્ન છે કેમ કે અજંતાના ચિત્રોનો વિષય મુખ્યત્વે ધાર્મિક હતો પણ બાઘની ગુફાઓના ચિત્રોનો વિષય લૌકિક છે. અજંતા અને બાઘની ગુફાઓમાં બનેલાં ચિત્રો મધ્યદેશી કળાશૈલીના ઉત્તમ ઉદાહરણો છે.

ગુપ્તયુગમાં સંગીત-નૃત્ય અને અભિનયકળાનો પણ પર્યાપ્ત વિકાસ થયો હતો. ગુપ્તયુગીન સાહિત્યમાં અનેક ઉલ્લેખો સંગીત અને નૃત્ય કળાના મળે છે. કાલીદાસના ગ્રંથોમાં તાલ, લય, સ્વર, ઉપગાન, મૂર્ચ્છના, સારંગ રાગ, લલિત રાગ વગેરેની ચર્ચાઓ થઈ છે. ગાયન સાથે વાદ્યોનો પણ ઉલ્લેખ મળે છે. સમુદ્રગુપ્તનો વીણાવાદક તરીકેનું ચિત્રણ સિક્કાઓ પર જોવા મળે છે. સમયુગીન સાહિત્યમાં વેણુ, કીચક, શંખ, તૂર્ય, મુરજ, પુષ્કર, મૃદંગ, દુદુમ્ભિ, મર્દલ વગેરે વાદ્યોનો ઉલ્લેખ મળે છે. અજંતાની ગુફાઓના ચિત્રોમાં પણ વાદ્યોનું અંકન થયેલું છે. સંગીત સાથે નૃત્ય કળા વિશે પણ સાહિત્યમાં ઉલ્લેખો આવ્યાં છે. કાલીદાસ કૃત માલવિકાગ્નિમિત્રમાં છલિક અને મેઘદૂતમાં ચમાર નામક નૃત્યનો ઉલ્લેખ આવ્યો છે. અજંતા અને બાઘની ગુફાઓના ચિત્રોમાં પણ નૃત્યના કેટલાંક દૃશ્યોનો અંકન થયા છે. સારનાથમાંથી જાતક દૃશ્યમાં પણ નૃત્ય કરતી સ્ત્રીનું દૃશ્ય છે. ભૂમરાના શિવ મંદિરમાં પણ નૃત્યમુદ્રાનો અંકન જોવા મળે છે.

આમ કળાના વિવિધ પ્રકારોનો ગુપ્તયુગમાં પર્યાપ્ત વિકાસ થયો હતો અને આ શાખાઓના વિકાસમાં ગુપ્તયુગનો મહત્વનો ફાળો હતો.

### 17.2.4 ગુપ્તયુગીન શિક્ષણ

ગુપ્તયુગમાં શિક્ષણ વ્યવસ્થામાં તેના પૂર્વની જેમ ગુરુકુલ પદ્ધતિનું પ્રચલન હતું. સ્મૃતિ ગ્રંથોમાં આ પદ્ધતિ વિશેના અનેક ઉલ્લેખો આવ્યાં છે. ગુરુઓનો ખર્ચ શિષ્યો દ્વારા એકત્રિત કરેલ ભિક્ષા દ્વારા ચાલતો હતો. આ સમયમાં જ ભૂમિદાનની પરંપરાનો પર્યાપ્ત વિકાસ થયો હતો. શિક્ષણના વિવિધ વિષયોને વિદ્યાની સંજ્ઞા આપવામાં આવતી હતી. કાલીદાસના ગ્રંથો અને બીજા કેટલાંક ગ્રંથોએ જુદી-જુદી પ્રકારની વિદ્યાઓનો ઉલ્લેખ કરે છે. કાલીદાસ કુલ ચૌદ પ્રકારની વિદ્યાનો ઉલ્લેખ કરે છે. ગુપ્ત અભિલેખોમાં પણ ચૌદ વિદ્યાઓનો ઉલ્લેખ એ (શિક્ષા, નિરૂક્ત, કલ્પ, છન્દ, વ્યાકરણ અને જ્યોતિષ), પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્રનો સમાવેશ થાય છે. એ વિષયો મુખ્યત્વે બ્રાહ્મણો માટે જ હતા. ક્ષત્રિય રાજપુત્રો માટે સૈન્ય સંચાલનનું શિક્ષણ પણ આપવામાં આવતું હતું. વૈશ્યોના શિક્ષણ માટે મનુસ્મૃતિ અને દિવ્યાવદાનમાં કેટલાંક વિષયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લિપિ, ગણિત, મુદ્રા, આવાસ, ઉપનિધિ વગેરે વિષયોનો ઉલ્લેખ છે.

ઉચ્ચશિક્ષા માટે તક્ષશિલા વિશ્વવિદ્યાલય સર્વમાન્ય કેન્દ્ર હતું; પણ, ગુપ્તયુગમાં તેની વિશિષ્ટતાઓ જાણવા મળતી નથી. ગુપ્તયુગમાં ઉચ્ચશિક્ષણ માટે જે સર્વાધિક પ્રસિદ્ધ કેન્દ્ર હતું તે નાલંદા વિશ્વવિદ્યાલય હતું. નાલંદા ગુપ્તયુગ પહેલાં પણ શિક્ષણનું કેન્દ્ર હતું પણ ગુપ્ત સમ્રાટ કુમારગુપ્તે ત્યાં મહાવિહારની સ્થાપના કરી અને તેને એક વિશ્વવિદ્યાલયની જેમ વિકસાવ્યુ. કુમારગુપ્ત પછીના ગુપ્ત શાસકોએ ત્યાં શિક્ષણના પ્રસાર માટે સહાય આપી હતી. નાલંદામાં

દેશ-વિદેશથી લોકો બૌદ્ધધર્મના અભ્યાસ માટે આવતા હતા. હ્યુંએનસાંગના વિવરણ અનુસાર નાલંદામાં આચાર્યો અને વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ દસ હજારથી પણ વધારે હતી. વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ માટેના કઠોર નિયમો હતા. વિશ્વવિદ્યાલયના ખર્ચ માટે રાજ્યના તરફથી પર્યાપ્ત ભૂમિ આપવામાં આવી હતી. ઇત્સિંગના મુજબ લગભગ 200થી વધારે ગામની આવક નાલંદાને આપવામાં આવી હતી. નાલન્દા મુખ્યત્વે મહાયાન સંપ્રદાયનું શિક્ષણ કેન્દ્ર હતું; પરંતુ, ત્યાં તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને વ્યાકરણના શિક્ષણની વ્યવસ્થા પણ હતી.

**17.2.5 ગુપ્તયુગીન વિજ્ઞાન**

ગુપ્તયુગમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓ – ગણિત, જ્યોતિષ, રસાયનશાસ્ત્ર, ધાતુ વિજ્ઞાન, ચિકિત્સા વગેરેનો પુરતો વિકાસ થયો હતો. આ સમયમાં વિજ્ઞાનના વિવિધ વિષયો પર વિષય તજજ્ઞોએ કેટલાંક ગ્રંથોની રચના કરી હતી. આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કર, બ્રહ્મગુપ્ત, ધન્વન્તરી, વાગ્ભટ્ટ, પાલ્કાપ્ય, નાગાર્જુન જેવા વિદ્વાનોએ આ યુગમાં વિજ્ઞાનના વિકાસ માટે પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

ગણિત જેવા વિષયમાં દશાંશ પદ્ધતિનો વિકાસ ગુપ્તયુગમાં થયો હતો, એમ કહેવાય છે અને તેમાં આર્યભટ્ટ અને વરાહમિહિર જેવા ગણિતજ્ઞોનું યોગદાન મહત્વનું હતું. આર્યભટ્ટ દ્વારા રચિત ગ્રંથ આર્યભટ્ટીય મૂળ જ્યોતિષનો ગ્રંથ છે; પણ, તેમાં અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ વિશે પણ મહત્વની ચર્ચા કરવામાં આવી છે. આર્યભટ્ટના સિદ્ધાંતો પર ભાસ્કર પ્રથમ દ્વારા ટીકાઓ કરવામાં આવી, જે ગણિત વિષયના વિકાસ માટે મહત્વની ગણાય છે. ભાસ્કર પ્રથમે ત્રણ મહત્વના ગ્રંથોની રચના કરી હતી- મહાભાસ્કર્ય, લઘુભાસ્કર્ય અને ભાષ્ય. ભાસ્કર પ્રથમના સમયુગીન ગણિતજ્ઞ અને જ્યોતિષશાસ્ત્રી બ્રહ્મગુપ્તે પણ 'બ્રહ્મસિદ્ધાન્ત' નામક ગ્રંથની રચના કરી હતી, જેમાં આર્યભટ્ટ અને તેના શિષ્યો શ્રીસેન, વિષ્ણુચંદ્ર, લાટ, પદ્યુમ્ન અને વિદેશી જ્યોતિષના સિદ્ધાંતોની સમીક્ષા કરતો અને નવીન સિદ્ધાંતો પ્રતિપાદિત કરતો ગ્રંથ છે. વરાહમિહિર પણ એક મહત્વનો જ્યોતિષશાસ્ત્રી હતો જેણે પંચસિદ્ધાંતિક, બૃહત્સંહિતા, બૃહજ્જાતક અને લઘુજાતક નામક ગ્રંથોની રચના કરી હતી જે ભારતમાં જ્યોતિષશાસ્ત્રના મહત્વના ગ્રંથો ગણાય છે. આમ, ગણિત અને જ્યોતિષશાસ્ત્ર વિષયો એકબીજા સાથે સંકળાયેલા હતા.

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના દરબારમાં આયુર્વેદનો પ્રસિદ્ધ વિદ્વાન ધન્વંતરિ હતો. તેણે નવનીતકમ્ નામક ગ્રંથની રચના કરી હતી. આજ સમયમાં વાગ્ભટ્ટ દ્વારા અષ્ટાંગસંગ્રહ નામના ગ્રંથની રચના કરવામાં આવી હતી જે આયુર્વેદ પર એક મહત્વનો ગ્રંથ હતો. આ યુગમાં ભારતીય ચિકિત્સાવિજ્ઞાનનો પ્રચાર પશ્ચિમી એશિયા અને યુરોપ સુધી થયો હતો અને ત્યાંથી લોકો એ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભારત સુધી પહોંચતા હતા. પાલ્કાપ્ય નામક એક પશુશાસ્ત્રી હસ્ત્યાયુર્વેદ નામના ગ્રંથની રચના કરી હતી જે હાથીઓના રોગો અને તેના નિદાન માટેનો એક મહત્વનો ગ્રંથ હતો. આ જ યુગમાં શાલીહોત્ર દ્વારા અશ્વશાસ્ત્રની રચના કરવામાં આવી હતી જે અશ્વ ચિકિત્સા માટેનો ગ્રંથ હતો.

ધાતુવિજ્ઞાન અને રસાયનશાસ્ત્રમાં પણ આ યુગનું મહત્વનું યોગદાન છે. બૌદ્ધ દાર્શનિક નાગાર્જુન પોતે રસાયનશાસ્ત્રના વિદ્વાન હતા. તેણે સોના, ચાંદી અને તાંબા દ્વારા રોગોના ઇલાજ માટેના સિદ્ધાંતો આપ્યાં હતા. મેહરોલીનો લોહ સ્તંભ, સુલ્તાનગંજની બુદ્ધની પ્રતિમા અને ગુપ્તયુગના સિક્કાઓ આ સમયમાં ધાતુવિજ્ઞાનની પ્રગતિના પ્રમાણ છે.

**17.3 અનુગુપ્તયુગઃ**

**17.3.1 પરિચય**

ભારતના ઇતિહાસમાં સાતમી સદીથી બારમી સદી સુધીનો સમય અનુગુપ્તયુગ, પૂર્વમધ્યયુગ અને રાજપૂતયુગના નામે ઓળખાય છે. આ યુગનો નામ કોઈ ચોક્કસ રાજવંશ ઉપર નથી કેમ કે આ યુગમાં કોઈ એક એવો રાજવંશ નથી થયો જેણે સમસ્ત ભારતને અથવા તો ભારતના મહત્તમ વિસ્તાર પર એક ચોક્કસ સમય સુધી પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો. હૂણોના આક્રમણ અને ગુપ્તોના પતન પછી ભારતમાં સત્તાનો વિકેન્દ્રીકરણ થયું. ઉત્તર અને દક્ષિણ ભારતમાં જુદા-જુદા રાજવંશોએ સમય-સમય પર પોતાની સત્તાઓની સ્થાપના કરી અને કેટલાંક નવીન રાજ્યોનો ઉદય થયો. ગુપ્તોના પતન પછી હર્ષવર્દ્ધને ભારતમાં એક સામ્રાજ્ય સ્થાપવાના પ્રયાસો કર્યા હતા પણ તેણે પૂરતી સફળતા મળી ન હતી. તેણે પછી ઉત્તર ભારતમાં પાલ, પ્રતિહાર, પરમાર, ગુહિલ વગેરે કેટલાંક નવીન રાજ્યોનો અભ્યુદય થયો. દક્ષિણ ભારતમાં બાદામી, વેંગી અને કલ્યાણીના ચાલુક્યો, રાષ્ટ્રકૂટ, પલ્લવ, ચોલ, પાણ્ડ્ય, ગંગ, યાદવ, હોયસલ આદિ રાજ્યોનો ઉદય થયો. સંપૂર્ણ ભારતવર્ષમાં આ યુગમાં ગુપ્તયુગ કરતા જુદી રીતે સાહિત્યિક, શૈક્ષણિક, વિજ્ઞાન અને કળામાં વિકાસ થયો હતો. જ્યાં ગુપ્તયુગમાં મૌલિકતા મુખ્ય ગુણ હતો ત્યાં આ યુગમાં શ્રૃંગાર પ્રધાનતા, અતિશ્યોક્તિ અને અલંકારિકતા મુખ્ય લક્ષણ હતા. આ યુગમાં પણ રાજકીય સંરક્ષણના અંતર્ગત સાહિત્ય, કળા અને વિજ્ઞાનની પ્રગતિ થઈ હતી.

**17.3.2 અનુગુપ્તયુગીન સાહિત્ય**

અનુગુપ્તયુગીન સાહિત્યની એક મહત્વની વાત એ હતી કે આ યુગમાં શાસક વર્ગ ફક્ત સંરક્ષક નહીં પણ પોતે સર્જકની ભૂમિકામાં હતા. આ યુગના વિભિન્ન રાજવંશોના કેટલાંક શાસકોએ પોતે વિવિધ વિષયોના ગ્રંથોની રચના કરી હતી. ચૌહાન નરેશ વિસલદેવ કૃત 'હરિકેલિનાટક', પરમાર નરેશ ભોજકૃત 'સમરાંગણસૂત્રધાર', 'શ્રૃંગારપ્રકાશ, 'સરસ્વતીકણ્ઠાભરણ', મુંજપ્રતિદેશવ્યવસ્થા', ચાલુક્ય શાસક સોમેશ્વર તૃતીયકૃત 'માનસોલ્લાસ' આદિ એવી રચનાઓ છે, જે વિદ્વાન શાસકો દ્વારા રચિત છે. એવી રીતે જ રાજદરબારમાં વિવિધ વિષયોના વિદ્વાનોને સંરક્ષણ આપવામાં આવતું હતું. એવા વિદ્વાનોએ પોતાના યોગદાન દ્વારા આ સમયના સાહિત્યભંડારને સમૃદ્ધ બનાવ્યો. સંસ્કૃતની કાવ્ય રચનાઓમાં શ્રીહર્ષ રચિત 'નૈષધચરિત', જયદેવ રચિત 'ગીતગોવિન્દ', સંધ્યાકરનન્દિ કૃત 'રામચરિત', બિલ્હણ કૃત 'વિક્રમાંકદેવચરિત', પદ્મગુપ્ત પરિમલ કૃત 'નવસાહસાંકચરિત', હેમચન્દ્ર કૃત 'દ્વાશ્રયકાવ્ય', સોમદેવ કૃત 'કીર્તિ કૌમુદી', જયાનક કૃત 'પૃથ્વીરાજવિજય', કલ્હણ કૃત 'રાજતરંગિણી', ક્ષેમેન્દ્ર કૃત 'બૃહત્-કથામંજરી', રાજશેખર કૃત 'કાવ્યમીમાંસા', આનન્દવર્ધન કૃત 'ધ્વન્યાલોક', વૈદ્યનાથ કૃત 'પ્રતાપરૂદ્રીય' પ્રમુખ રચનાઓ છે. સંસ્કૃત નાટકોમાં ભવભૂતિ કૃત 'માલતીમાધવ',

‘મહાવીરચરિત’ અને ‘ઉત્તરરામચરિત’, રાજશેખર રચિત ‘વિદ્ધશાલભંજિકા’, કૃષ્ણમિશ્ર કૃત ‘પ્રબોધચન્દ્રોદય’ અને સોમદેવ કૃત ‘લલિતવિગ્રહરાજ’ મહત્વના નાટકો છે. આ સમયમાં કેટલાંક શબ્દકોષોની રચના પણ થઈ જેમાં હલાયુધ કૃત ‘અભિધાનરત્નમાલા’, હેમચન્દ્ર કૃત ‘અભિધાનચિન્તામણિ’, યાદવભટ્ટ કૃત ‘વૈજયન્તિ-કોશ’, અને મહેશ્વર કૃત ‘વિશ્વ-પ્રકાશ’ પ્રમુખ છે. તત્વજ્ઞાનના ગ્રંથોમાં કુમારિલ કૃત ‘શ્લોક-વાર્તિક’, ‘તન્ત્ર-વાર્તિક’, મંડન મિશ્ર કૃત ‘મીમાંસાનુક્રમણી’, ‘સાંખ્યતત્વકૌમુદી’, શંકરાચાર્ય કૃત ‘ગીતાભાષ્ય’, ‘બ્રહ્મસૂત્રભાષ્ય’, ‘ઉપદેશસાહસ્ત્રી’, ‘આત્મબોધ’, રામાનુજ કૃત ‘શ્રીભાષ્ય’, માધ્વાચાર્ય કૃત ‘તત્વસંખ્યાન સારસંગ્રહ’, હેમચન્દ્ર કૃત ‘પ્રમાણમીમાંસા’, ઉદયન કૃત ‘કુસુમાંજલિ’ પ્રમુખ દર્શનશાસ્ત્રના ગ્રંથો છે. જ્યોતિષના ગ્રંથોમાં આર્યભટ્ટ બીજા દ્વારા રચિત આર્યસિદ્ધાન્ત, ભોજ કૃત ‘રાજમૃગાંક’ અને ભાસ્કરાચાર્ય કૃત ‘સિદ્ધાન્તશિરોમણિ’. ગણિત અને વિજ્ઞાનને લગતા સાહિત્યમાં હર્ષકીર્તિસૂસિ કૃત ‘જયોતિષસારોદ્ધાર’, શ્રીપતિ કૃત ‘રત્નમાલા’, મહાવીરાચાર્ય કૃત ‘ગણિતસારસંગ્રહ’, ભાસ્કરાચાર્ય કૃત ‘લીલાવતી’. આયુર્વેદ સંબંધિત સાહિત્યમાં માધવકર રચિત ‘રૂગ્વિનિશ્ચય’, વૃન્દ રચિત ‘સિદ્ધિયોગ’, ચક્રપાણિદત્ત રચિત ‘ચિકિત્સાસારસંગ્રહ’, શાર્ગંધર રચિત ‘શાર્ગંધરસંહિતા’ પ્રમુખ ગ્રંથો છે. વ્યાકરણના ગ્રંથોમાં શાકટાયન કૃત ‘શાકટાયન વ્યાકરણ’, હેમચન્દ્ર કૃત ‘હેમવ્યારકણ’ અને ક્રમદીશ્વર કૃત ‘સંક્ષિપ્તસાર પ્રમુખ’ રચનાઓ છે. રાજશેખર કૃત ‘કર્પૂરમંજરી’, વાક્પતિરાજ કૃત ‘ગૌડવહો’, હેમચન્દ્ર કૃત ‘કુમારપાલચરિત’, ‘પ્રબન્ધચિન્તામણી’, સોમપ્રભા કૃત ‘કુમારપાલપ્રબોધ’, ધનપાલ કૃત ‘ભયસયત્તકહા’ જેવા પ્રાકૃત ગ્રંથોની રચના આ યુગના સાહિત્યને સમૃદ્ધ કરે છે.

**17.3.3 અનુગુપ્તયુગીન કળા**

અનુગુપ્તયુગ કળાની દૃષ્ટિએ સમૃદ્ધિનો યુગ હતો. ગુપ્તયુગમાં જે કળાનો ઉદ્ભવ અને વિકાસ થયો તે આ યુગમાં ચરમ અવસ્થા પર પહોંચી હતી. ખાસ કરીને સ્થાપત્ય અને મૂર્તિકળાના ક્ષેત્રમાં આ યુગનો મહત્વનો પ્રદાન છે. સ્થાપત્યકળામાં આ યુગમાં વિવિધ શૈલીઓમાં નિર્મિત મંદિરોનો સ્થાન સર્વપ્રમુખ છે. આ યુગમાં ભક્તિ-સંપ્રદાય, અવતારવાદ અને મૂર્તિપૂજાનો પ્રભાવ આ યુગની સ્થાપત્ય કળા પર સ્પષ્ટ જોઈ શકાય છે. ધાર્મિકતાના આ પ્રભાવના પરિણામસ્વરૂપ શાસક વર્ગ દ્વારા ધર્મદાનમા અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ. આ ધર્મદાનનો સૌથી પ્રમુખ પરિણામ આ યુગમાં નિર્મિત ભવ્ય અને વિવિધ શૈલીના મંદિરો છે. આ મંદિરોનો મહત્વ મહજ પૂજા-આરાધના સુધી જ સીમિત ન હતો પણ એનાથી કેટલાંક વાસ્તુકારો, શિલ્પિઓ, સ્વર્ણકારો, કારીગરો વગેરેને રોજગાર મળતો હતો, મંદિરો શિક્ષણના સ્થળો પણ હતા અને એ મંદિરોમાં અતુલ્ય સંપત્તિનો સંગ્રહ પણ થયો જેના કારણે આવનાર સમયમાં આક્રાંતાઓ ધનપ્રાપ્તિ માટે મંદિરો પર આક્રમણ કર્યા અને નષ્ટ કર્યા હતા.

અનુગુપ્તયુગમાં ભારતમાં મંદિરો મુખ્યત્વે ત્રણ શૈલીઓમાં નિર્મિત થયા હતા. નાગર અથવા આર્યશૈલી, દ્રવિડશૈલી અને બેસરશૈલી. એ ત્રણેય શૈલીઓ મંદિરોના આધાર અને તેના શિખરની વિવિધતાઓને કારણે ભિન્ન છે. હિમાલયથી વિંધ્યાચલ સુધીના વિસ્તારમાં નાગર શૈલીના

મંદિરોનો નિર્માણ થયો, વિંધ્યાચલથી કૃષ્ણા નદી સુધીના વિસ્તારમાં બેસરશૈલીનો અને કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધીના વિસ્તારમાં દ્રવિડશૈલીના મંદિરો હતા.

નાગરશૈલીના પ્રમુખ મંદિરોમાં ઓરિસ્સાના મંદિરો શ્રેષ્ઠ ગણવામાં આવે છે. જેમાં અનુગુપ્તયુગનો સૌથી જુનું મંદિર પરશુરામેશ્વરનો માનવામાં આવે છે. ભુવનેશ્વરનો લિંગરાજ મંદિર, કોણાર્કનો સૂર્યમંદિર, મધ્યપ્રદેશમાં ખજુરાહોના મંદિર, રીવા વિસ્તારમાં આવેલ મરીબાગનો વિશ્વનાથના મંદિર, અમરકણ્ટકનો  કેશવરાયણ અને મચ્છેન્દ્રનાથના મંદિર, રાયપુર જિલ્લામાં આવેલા અરંગનું ભંડદેવલ મંદિર, બિલાસપુરનું શબરી-નારાયણ મંદિર, ગ્વાલિયરનું નીલકણ્ઠેશ્વરનો મંદિર, જબલપુર ભેડ઼ાઘાટનો ચૌસઠ યોગિની મંદિર, રાજસ્થાનમાં ઓસિઆ અને મંડોરના મંદિરો, ઝાલાવાડ, કિરાડૂ અને કુમ્ભારિયાના મંદિરો, દેલવાડ઼ાના મંદિરો, ગુજરાતમાં કાઠિયાવાડમાં બરડા પહાડી પર નિર્મિત ગોપ મંદિર, દેલમાલનો લક્ષ્મીનારાયણ મંદિર, મિયાનીનો નિલકંઠ મહાદેવ મંદિર, અસોદાનો જેસલનાથ મંદિર અનુગુપ્તયુગીન વાસ્તુકળાનો શ્રેષ્ઠ ઉદાહરણો છે. ગુજરાતમાં અનુગુપ્તયુગમાં સૌથી મહત્વના સ્થાપત્યોમાં સોમનાથનો મંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય અને મોઢ઼ેરાનો સૂર્યમંદિર પ્રમુખ છે. હિમાચલના વિસ્તારમાં લલિતાદિત્ય દ્વારા બનાવવામાં આવેલા મંદિરો પણ સ્થાપત્યની દૃષ્ટિએ મહત્વના છે. જેમાં માર્તણ્ડ મંદિર પ્રમુખ છે.

દક્ષિણ ભારતમાં પણ આ સમયમાં મંદિર વાસ્તુકળાનો પુરતો વિકાસ થયો હતો. દક્ષિણ ભારતમાં નાગર, બેસર અને દ્રવિડ઼ શૈલી ત્રણેય શૈલીના મંદિરોનો નિર્માણ થયો હતો. નાગર શૈલીના મંદિરો ઐહોલ અને પટ્ટદકલમાં છે. ઐહોલને મંદિરોની નગરી પણ કહેવામાં આવે છે. મહાકૂટેશ્વરનો સંગમેશ્વરમંદિર, થાનાનો અમ્બરનાથ મંદિર, નાસિકના નજીક ગોંડેશ્વર અને માંકેશ્વર મંદિર, રતનવાડીનો અમૃતેશ્વર મંદિર પ્રમુખ છે. સૂદૂર દક્ષિણમાં કાંચી અને તાંજોરના મંદિરો અનુગુપ્તયુગીન વાસ્તુકળાના શ્રેષ્ઠ ઉદાહરણો છે. જેમાં કાંચીનું કૈલાશનાથ અને વૈકુણ્ઠપેરૂમલ મંદિર, તંજોરનું બૃહદીશ્વર, એરાવતેશ્વર અને ત્રિભુવનેશ્વરનું મંદિર પ્રમુખ છે. અનુગુપ્તયુગીન વાસ્તુકળામાં ગુફામંદિરોનો પણ મહત્વનો ફાળો છે. જેમાં એલીફેન્ટા અને અજંતાના મંદિરો મુખ્ય છે.

આ યુગમાં જે વિકાસ સ્થાપત્ય કળાનો થયો મૂર્તિકળામાં તે જોવા મળતું નથી. આ યુગમાં બહુસંખ્યક મૂર્તિઓ દેવી-દેવતાઓની મળે છે; પરંતુ બિન-ધાર્મિક મૂર્તિઓ પણ આ યુગની ઓળખ રહી છે. ખજુરાહોના મંદિરોની મૂર્તિઓ, ભુવનેશ્વરથી પ્રાપ્ત મૂર્તિઓ એવી જ મૂર્તિઓ છે. શ્રવણબેલગોલાની મહાવીરની પ્રતિમા દક્ષિણ ભારતમા આવેલી આ યુગની મૂર્તિકળાનો ઉત્તમ નમુનો ગણી શકાય છે. ચિત્રકળાની દૃષ્ટિએ આ યુગમાં અજંતાના ભીત્ત ચિત્રો મહત્વના છે. ઈલોરાના કૈલાશ મંદિર અને અન્ય ગુફા મંદિરોમાં ઉત્કીર્ણ ચિત્રો અનુગુપ્તયુગની ચિત્રકળાના શ્રેષ્ઠ ઉદાહરણો છે. આ યુગના ચિત્રોની વિશેષતા કળા-રૂપ પ્રધાનતા નહીં પણ ભાવ-પ્રધાનતા હતી.

**17.3.4 અનુગુપ્તયુગીન શિક્ષણ**

અનુગુપ્તયુગમાં શિક્ષણ કાર્ય મુખ્યત્વે મઠો અને વિહારોમાં થતો હતો. મંદિરો અને તીર્થ સ્થળો પણ શિક્ષણના કેન્રો હતાં. વિદ્યાર્થીઓ વેદ, વેદાંગ, જ્યોતિષ, પુરાણ, વ્યાકરણ, મીમાંસા, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષયોનો અભ્યાસ કરતા હતા. કન્હેરીમાં બૌદ્ધ મઠમાં પુસ્તક ખરીદી માટે ભદ્રવિષ્ણુએ ધન આપવાના ઉલ્લેખો છે, સાન્તોગીમાં એક મહાવિદ્યાલયમાં 27 છાત્રાવાસ હતા અને 60 એકર જમીન તેના ખર્ચા માટે આપવામાં આવી હતી. જે બ્રાહ્મણો શિક્ષણનુ કાર્ય કરતા હતા. તેણે અગ્રહાર ગામ આપવામાં આવતા હતા. જેથી, તેઓની આવક થતી હતી.

બૌદ્ધધર્મના પ્રચારના લીધે ભારતમાં વિવિધ સ્થાનો પર બૌદ્ધ વિહારોની સ્થાપના થઈ હતી. તે પછી શિક્ષણના કેન્દ્ર તરીકે વિકસિત થયા. જ્યાં ભારત અને વિદેશથી શિક્ષાર્થી શિક્ષણ મેળવવા માટે આવતા હતા. આ સમયમાં નાલંદા, વિક્રમશિલા અને ઉડ્યન્તપુરના મહાવિહારો વિશ્વવિદ્યાલય રૂપ ધારણ કર્યું હતું. એ બૌદ્ધ શિક્ષાના પ્રમુખ કેન્દ્રો હતા. નાલંદા વિશ્વવિદ્યાલય ગુપ્તયુગમાં વિકસિત થયુ હતું. તે અનુગુપ્તયુગમાં પણ શિક્ષણનો પ્રમુખ કેંદ્ર હતો. આઠમી સદીમાં તિબેટના રાજાએ નાલંદાના આચાર્ય શાન્તરક્ષિતને તિબેટ બોલાવ્યા હતા અને તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું. શાન્તરક્ષિત પછી કમલશીલ નામક એક આચાર્યને પણ બોલાવવામાં આવ્યા હતા. શાન્તરક્ષિત અને કમલશીલના પ્રયત્નોથી તિબેટમાં બૌદ્ધધર્મની સ્થાપના અને વિકાસ થયો. તેના પછી વિક્રમશિલા વિશ્વવિદ્યાલયના આચાર્ય અતીશ દ્વારા પણ તિબેટમાં બૌદ્ધધર્મ અને શિક્ષણકેન્દ્રની સ્થાપના થઇ હતી. પાલવંશી શાસકો દ્વારા સ્થાપિત વિક્રમશિલા મહાવિહારના પણ અનુગુપ્તયુગીન શિક્ષણના વિકાસમાં મહત્વનો ફાળો હતો. નાલંદા અને વિક્રમશિલાની જેમ જ મગધમાં ઉડ્યન્તપુર પણ એક મહત્વનું બૌદ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. જેની સ્થાપના પાલ શાસક ગોપાલે કરી હતી. અનુગુપ્તયુગમાં સૌરાષ્ટ્રનું વલભી પણ શિક્ષણનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. ઇત્સિંગે વલભીના મહાવિહારને નાલંદાની જેમ જ મહત્વપૂર્ણ ગણાવ્યુ છે. ચીની યાત્રી હ્યુએનસાંગ, ઇત્સિંગ અને અન્ય યાત્રીઓએ જાલન્ધર, કાશ્મીર, કનૌજ આ પ્રકાર વિહારો અને બૌદ્ધ શિક્ષણના કેન્દ્રોનો ઉલ્લેખ કર્યો છે.

અનુગુપ્તકાલમાં બૌદ્ધ ધર્મનું ધીમે ધીમે પતન થયું અને સનાતન ધર્મની પુન:સ્થાપના થઈ. તેની સાથે સાથે શિક્ષણ કેન્દ્રોનો વિકાસ પણ થયો. આ શિક્ષણ કેન્દ્રોમાં વારાણસી મહત્વનું કેન્દ્ર હતું. પ્રાચીનયુગના બે મહત્વના શિક્ષણકેન્દ્રોમાં તક્ષશિલા અને કાશીના કેન્દ્રો હતાં. તક્ષશિલા કેન્દ્રનો હ્રાસ ગુપ્તયુગ પહેલાં થઈ ગયો હતો પણ કાશી અનુગુપ્તયુગ સુધી શિક્ષણનું પ્રમુખ કેન્દ્ર હતું. દસમી સદીમાં જ્યારે અલબેરૂની ભારત આવે છે ત્યારે તેઓ કાશી જાય છે અને તેના વિશે લખે છે કે, ત્યાં ભારતના શ્રેષ્ઠ વિદ્યાલયો છે. અનુગુપ્તયુગમાં પરમારવંશના શાસકોએ ધારનગરીમાં ભોજશાલાની સ્થાપના કરી જે પણ એક વિદ્યાપીઠ હતી. ચૌહાણવંશના શાસક વિગ્રહરાજ ચોથાએ અજમેરમાં એક મહાવિદ્યાલયની સ્થાપના કરી હતી. કન્નૌજ, મિથિલા, ઉજ્જૈન, પૈઠન, માલખેડ઼ ઔર કલ્યાણીના શાસકોએ પણ એવી રીતે જ મહાવિદ્યાલયોની સ્થાપના કરી હતી. આમ, અનુગુપ્તયુગમાં શિક્ષણનો પ્રસાર સંપૂર્ણ ભારતમાં થયો હતો.

**17.3.5 અનુગુપ્તયુગીન વિજ્ઞાનઃ-**

ચિકિત્સા, જ્યોતિષ, ગણિત, વગેરે વિજ્ઞાનક વિષયોનો વિકાસ જે ગુપ્તયુગમાં થયો હતો. અનુગુપ્તયુગમાં એ આગળ વધે છે. રાસાયણિક પ્રક્રિયા અને ધાતુઓની ભસ્મનો ચિકિત્સામાં ઉપયોગ નાગાર્જુનથી શરૂ થયો હતો, તે પછી વાગ્ભટ અને વૃંદ દ્વારા રાસાયણિક આયુર્વેદનો વિકાસ કરવામાં આવ્યો પણ ચક્રપાણિદત્તે પોતાના ગ્રંથ 'ચિકિત્સાસારસંગ્રહ'માં રાસાયણિક આયુર્વેદને વિકસિત રૂપે પ્રસ્તુત કર્યો હતો. 'ચરક-સંહિતા' પર જે ટીકાની રચના 'આયુર્વેદ-દીપિકા' અને 'સુશ્રુત-સંહિતા' પર જે ટીકા થઈ તે ભાનુમતીના નામે થઈ હતી. આઠમી સદીમાં આચાર્ય માધવકરે માધવ નિદાનની રચના કરી. રોગ-નિદાન માટે એ ગ્રંથ અત્યંત મહત્વનો હતો. પૂર્વમધ્યયુગની એક મહત્વની રચના 'રસરત્નાકર' હતી, જે રાસાયણિક આયુર્વેદનું એક મહત્વનું પુસ્તક હતું. બારમી સદીમાં આયુર્વેદના એક પ્રસિદ્ધ આચાર્ય શાર્ગંધર થયા, જેણે 'શાર્ગંધરસંહિતા' નામક ગ્રંથની રચના કરી આ આયુર્વેદનો એક પ્રમુખ ગ્રંથ છે. પશુચિકિત્સામાં પણ આ યુગમાં પ્રગતિ થઈ હતી. હસ્ત્યાયુર્વેદ અને અશ્વશાસ્ત્ર પછી આ યુગમાં નારાયણ દ્વારા રચિત 'માતંગલીલા' હાથીઓના રોગોની ચિકિત્સા માટેનો એક મહત્વનો ગ્રંથ હતો. અશ્વ-ચિકિત્સામાં ગણ દ્વારા રચિત 'અશ્વાયુર્વેદ', જયદત્ત અને દીપંગર રચિત 'અશ્વવૈદ્યક' અને નકુલ દ્વારા રચિત 'અશ્વચિકિત્સા' નામક ગ્રંથોએ ઘોડાના રોગો અને તેના નિદાન માટેના મહત્વના ગ્રંથો હતા.

અનુગુપ્તયુગમાં જ્યોતિષ અને ગણિતના પણ કેટલાંક વિદ્વાનો થયા, જેણે પૂર્વના પ્રતિપાદિત સિદ્ધાંતોની સમીક્ષા કરી અને નવીન સિદ્ધાંતોનું પ્રતિપાદન પણ કર્યું. સાતમી સદીમાં લલ્લ નામક આચાર્યે 'લલ્લસિદ્ધાંત'ની રચના કરી, જે જ્યોતિષ વિષયક એક મહત્વપૂર્ણ ગ્રંથ હતો. લલ્લ દ્વારા પૃથ્વીના ઘૂર્ણનના સિદ્ધાંતનો વિરોધ કરવામાં આવ્યો હતો. ભુંજાલ કૃત 'લઘુમાનસ', મહાવીર કૃત 'જ્યોતિષપટલ' અને 'ગણિતસારસંગ્રહ', ભટ્ટોત્પલ કૃત નામક રચનાઓ જ્યોતિષ અને ગણિતના મહત્વના ગ્રંથો હતા. શ્રીપતિ, શ્રીધર, પદ્મનન્દિ, પૃથુદક, ભોજ, સિંહતિલક વગેરે આ યુગના પ્રસિદ્ધ જ્યોતિષશાસ્ત્રી અને ગણિતજ્ઞો હતા. રાજા ભોજ દ્વારા રાજમૃગાંક નામક જ્યોતિષ વિષયક ગ્રન્થની રચના કરવામાં આવી હતી. અનુગુપ્તયુગના પ્રમુખ જ્યોતિષી અને ગણિતજ્ઞ રીતે ભાસ્કરાચાર્યનો નામ આવે છે. તેણે સિદ્ધાતશિરોમણિ, કરણકુતુહલ, સૂર્યસિદ્ધાન્ત અને ગ્રહગણિતની રચના કરી હતી. સિદ્ધાન્તશિરોમણિ ગ્રંથના ચાર ભાગ છે – લીલાવતી, બીજગણિત, ગ્રહગણિતાધ્યાય અને ગોલાધ્યાય. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના સિદ્ધાંતનો નિરૂપણ ભાસ્કરાચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

**તમારી જાતે ચકાસો**

1. સાહિત્યના વિકાસમાં ગુપ્તયુગના પ્રદાનની વિસ્તારથી ચર્ચા કરો.
2. કળા અને સ્થાપત્યકળાના ક્ષેત્રે ગુપ્તયુગના પ્રદાનની ચર્ચા કરો.
3. સાહિત્ય અને કળાના ક્ષેત્રે થયેલા વિકાસમાં ગુપ્ત અને અનુગુપ્તયુગમાં અંતરને ચકાસો.
4. વિજ્ઞાનના ક્ષેત્રે ગુપ્ત અને અનુગુપ્તયુગના પ્રદાનની ચર્ચા કરો.
5. ગુપ્ત અને અનુગુપ્તયુગમાં થયેલા શિક્ષણના વિકાસની ચર્ચા કરો.

**17.4 સારાંશ :**

ગુપ્ત અને અનુગુપ્તયુગ ભારતીય ઇતિહાસનો એવો સમય છે જે એક સાથે ભારતીય સંસ્કૃતિનો પુનરુત્થાન જુએ છે, તેને ચરમ સુધી પહોંચાડે છે પછી તે જ સમયમાં પડતીની શરૂઆત પણ થઈ જાય છે. ગુપ્તયુગ તે સામ્રાજ્યનો યુગ હતો જેમાં અધિકતમ વિસ્તાર પર એક જ વંશના શાસકોનો શાસન હતો પણ અનુગુપ્તયુગ તેનાથી એકદમ જુદું હતું કે જ્યાં જુદા-જુદા રાજવંશોએ રાજ કર્યો. એટલે ગુપ્તયુગ અને અનુગુપ્તયુગમાં આ બે પાસાંઓ જોવા મળે છે. આ બે પાસાંઓના સારા પ્રભાવ અને તેના વિપરીત પ્રભાવ પણ જોવા મળે છે. જ્યાં ગુપ્તયુગ મૌલિકતાનો યુગ હતો ત્યાં જ અનુગુપ્તયુગ સમીક્ષાનો યુગ હતો. સાહિત્ય, કળા, શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રે ગુપ્તયુગને આગળ વધારવા માટે જે રીતેના વિકેન્દ્રીકરણની જરૂર હતી તે અનુગુપ્તયુગમાં અનુકૂળ થયો અને સંસ્કૃત ભાષાના પ્રભુત્વથી બહાર નીકળીને સ્થાનીય ભાષાઓ સુધી સાહિત્યની પહોંચ થઈ. કળા અને વિજ્ઞાનમાં પણ એવી રીતેનો વિકાસ જોવા મળે છે. આમ કહી શકાય છે કે, એ સમય ભારતીય સંસ્કૃતિની સાચી ઓળખનો સમય હતો.

**17.5 શબ્દાવલિ :**

1. પેરિક્લિયન યુગ – ગ્રીક શાસક પેરિક્લિસ (ઈ.સ.પૂ. 495-429)નો યુગ જેને ગ્રીક ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ગણવામાં આવે છે.
2. એલિજાબેથન યુગ – ઈંગ્લેંડની મહારાની એલિજાબેથ (1558-1603)નો સમય. જે ઈંગ્લેંડના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ગણવામાં આવે છે.
3. મહાયાન – બૌદ્ધ ધર્મની એક શાખા જે કુષાણ શાસક કનિષ્કના યુગમાં અસ્તિત્વમાં આવી.
4. પ્રશસ્તિ - શાસકોની પ્રશંસામાં રચિત રચનાઓ જે શિલાલેખો પર અને ગ્રંથ સ્વરૂપમાં પણ મળે છે.
5. મહાભિનિષ્ક્રમણ – ગૌતમ બુદ્ધના ગૃહ-ત્યાગ અથવા તો સન્યાસ લેવાની ઘટનાને મહાભિનિષ્ક્રમણ કહેવામાં આવે છે.
6. મહાપરિનિર્વાણ – મહાત્મા બુદ્ધના મૃત્યુની ઘટનાને મહાપરિનિર્વાણ કહેવામાં આવે છે.

❖ **સ્વાધ્યાય**

1. ગુપ્તયુગ ભારતીય ઇતિહાસનો સુવર્ણયુગ હતો. આ વાક્યની આલોચનાત્મક સમીક્ષા કરો.
2. અનુગુપ્તયુગમાં થયેલ રાજકીય વિખંડનની અસર તે સમયની સાંસ્કૃતિક સ્થિતિ પર કેવી રીતે દેખાય છે? તેની ચર્ચા કરો.
3. ગુપ્તયુગીન સાહિત્ય અને કળા મૌલિક હતી પણ અનુગુપ્તયુગમાં તે સમીક્ષા સ્વરૂપમાં હતી. તેની ચર્ચા કરો.

❖ **સંદર્ભ**

1. પાણ્ડેય વિમલચંદ્ર, 'પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઇતિહાસ' ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઇલાહાબાદ, 2001 (પંચમ સંશોધિત સંસ્કરણ)
2. પાઠક વિશુદ્ધાનન્દ, 'ઉત્તર ભારત કા રાજનૈતિક ઇતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ,1982

3. મજૂમદાર રમેશચન્દ્ર, ‘પ્રાચીન ભારત’, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1995
4. મુખર્જી આર.કે., ‘હર્ષ’, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1965 (તૃતીય સંસ્કરણ)
5. બેંજામિન બી.એન., ‘મૌખરિયુગીન ઉત્તર ભારત’, કુસુમાંજલિ પબ્લિશિંગ હાઉસ, જોધપુર, 1993
6. ત્રિપાઠી, રમાશંકર, ‘પ્રાચીન ભારત કા ઇતિહાસ’, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી, 1971 (છઠા સંસ્કરણ)
7. શ્રીવાસ્તવ કે.સી., ‘પ્રાચીન ભારત કા ઇતિહાસ’ તથા સંસ્કૃતિ, 1990
8. ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ‘ભારતીય ઇતિહાસ કોશ’, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ, 2004 (ચતુર્થ સંસ્કરણ)
9. ચોપરા પી.એન. (સંપા.), ‘ભારતનું ગઝેટિયર’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, 2001
10. વાજપેયી કૃષ્ણદત્ત, ‘ભારતીય વાસ્તુકળા કા ઇતિહાસ’, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ, 2002(તૃતીય સંસ્કરણ)
11. સહાય સચ્ચિદાનન્દ, ‘મન્દિર સ્થાપત્ય કા ઇતિહાસ’, બિહાર હિંદી ગ્રન્થ અકાદમી, પટના, 1989 (દ્વિતીય સંસ્કરણ)
12. જોશી મહેશચન્દ્ર, ‘યુગ-યુગીન ભારતીય કળા’, રાજસ્થાની ગ્રન્થાગાર, જોધપુર, 2018 (દ્વિતીય સંસ્કરણ)
13. મજમુદાર આર.જી., ‘ગુપ્તયુગીન ભારત’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, 1998 (દ્વિતીય આવૃત્તિ)
14. રાય ઉદયનારાયણ, ‘ગુપ્ત-સમ્રાટ ઔર ઉનકા કાલ’, લોકભારતી પ્રકાશન, ઇલાહાબાદ, 2012
15. ગૈરોલા વાચસ્પતિ, ‘ભારતીય સંસ્કૃતિ ઔર કળા’, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ, 2003 (તૃતીય સંસ્કરણ)

નોંધ :

BAOU
Education
for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-03-6